ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.
ઈતિહાસ : પેપર-09

# આધુનિક ભારતનો ઈતિહાસ ભાગ-૨

(ઈ.સ. ૧૮૫૭ - ઈ.સ. ૧૯૬૪)
(મુખ્ય વિષય)

વિભાગ

# 4

## સ્વતંત્ર ભારત : વિકાસ તરફ : 1947-1964
## (Independent India : Towards Development 1947-1964)


એકમ 38

ભારતમાં આયોજન અને ઉદ્યોગીકરણ
(Planning and Industrialisation in India) 7

એકમ 39

આયોજન અને ભારતમાં જમીનસુધારણા
(Planning and Land Reforms in India) 23

એકમ 40

ભારતની વિદેશનીતિ : 1947-1964
(Foreign Policy of India : 1947-1964) 34

એકમ 41

ભારતમાં બિનસાંપ્રદાયિકતા : સિદ્ધાંત અને વ્યવહાર : 1947-1964
(The Theory and Practice of Secularism in India : 1947-1964) 52

## Expert Committee


Prof. Ravinder Kumar (*Chairman*)
Director
Nehru Memorial Museum and Library
New Delhi

Prof. S. Gopal
Nehru Memorial Fund
New Delhi

Prof. Satish Chandra (C.H.S.)
Prof. Romila Thapar (C.H.S.)
Dr. Muzaffar Alam (C.H.S)
Jawaharlal Nehru University
New Delhi

Prof. (Miss) Sarojini Regani
Department of History
Osmania University
Hyderabad

Prof. B. Quanungo
Department of History
Banaras Hindu University
Varanasi

Prof. P. L. Mehra
Dr. R. I. Malhotra
Department of History
Panjab University
Chandigarh

Prof. B. S. Sharma
Pro-Vice-Chancellor (*Academic*)
Prof. Bakshish Singh (*Convener*)
IGNOU
New Delhi


## Course Preparation Team


Dr. Sanjay Baru
Central University of Hyderabad
Hyderabad

Prof. Yogendra Singh (CSS)
Prof. Parimal Kumar Das (SIS)
Jawharlal Nehru University
New Delhi

Dr. Prakash Chandra
Nehru Memorial Museum and Library
New Delhi

Prof. V. N. Datta (*Course Editor*)
Department of History
Kurukshetra University, Kurukshetra

Prof. S. Bhattacharya (*Consultant*)
(C.H.S)
Jawharlal Nehru University
New Delhi

Prof. O. P. Grewal (*Language Editor*)
Department of English
Kurukshetra University, Kurukshetra

**Faculty Members : Indira Gandhi National Open University**

Dr. Kapil Kumar (*Course Coordinator*)
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar
Mr. Salil Misra
Mr. Swaraj Basu
Ms. Sangeeta Joshi

Prof. B. N. Koul (*Format Editor*)
Director
Division of Distance Education
Ms. Anju Sahgal (*Language Editor*)


## Production


Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU



*© Indira Gandhi National Open University, 1989*



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

## અનુવાદ :

| | |
|---|---|
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. ઉષા ભટ્ટ | રીડર, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સુધા એન. ભટ્ટ | નિવૃત્ત અધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. આર. કે. ધારૈયા | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જે. આર. શુક્લ | નિવૃત્ત અધ્યાપક, હ. કા. વિનયન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## પરામર્શ (વિષય) :

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સુરેશ એમ. શાહ | નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રો. કે. એમ. બ્રહ્મભટ્ટ | ગુજરાત કૉલેજ, અમદાવાદ |

## પરામર્શ (ભાષા) :

| | |
|---|---|
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. દિગીશ મહેતા | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ એન. ભટ્ટ | રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. વસંત દવે | વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ |
| ડૉ. રજનીકાન્ત જોષી | નિવૃત્ત અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

## સંપાદન અને સંયોજન :

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
''જ્યોતિર્મય પરિસર'', શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481

© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ - 3 સ્વતંત્ર ભારત : વિકાસ તરફ : 1947-1964 (Independent India : Towards Development 1947-1964)

આગલા વિભાગ 7માં આપણે જોયું કે ભારતે કઈ રીતે સ્વતંત્રતા મેળવી. વિદેશી શાસન પાસેથી સ્વતંત્રતા-પ્રાપ્તિ એ ભારત તેમ જ અન્ય શોષિત વસાહતો માટે મહત્ત્વની ઘટના હતી. એ પછી આખા વિશ્વમાં વસાહતવાદને સમાપ્ત કરવાની પ્રક્રિયા શરૂ થઈ.

એક સ્વતંત્ર અને શક્તિશાળી ભારતના નિર્માણના માર્ગમાં અનેક સમસ્યાઓ હતી. દેશના નેતૃત્વે લોકોના પૂર્ણ સહકારથી આ સમસ્યાઓ સામે ઝઝૂમવાનો નિશ્ચય કર્યો. આ વિભાગમાં આપણે 1947 પછીની મુખ્ય સમસ્યાઓ અને તેનો સામનો કરવા માટે અપનાવાયેલ રીતોનો અભ્યાસ કરીશું.

એક મહત્ત્વની સમસ્યા દેશના વિકાસની હતી. એકમ - 38માં એનો અભ્યાસ કરવામાં આવશે. આ એકમની શરૂઆતમાં સ્વતંત્રતા સમયે દેશના ઔદ્યોગિક માળખાની તેની જાતિઓ અને નબળાઈઓની વાત કરવામાં આવી છે. આ એકમમાં તમે ઔદ્યોગિક વિકાસમાં યોજનાનું મહત્ત્વ અને સાથે સાથે પંચવર્ષીય યોજનાની શરૂઆતની પ્રક્રિયાનો પણ અભ્યાસ કરશો. આ એકમમાં ઔદ્યોગિક વિકાસની સવલતો અને મર્યાદાઓની પણ વાત કરવામાં આવશે.

એકમ - 39માં કૃષિક્ષેત્રમાં પ્રવર્તમાન સંબંધોની સમસ્યાઓના અભ્યાસની સાથે સાથે જમીન - સુધારણાની યોજના અને તેના સામાજિક પ્રભાવની ચર્ચા કરવામાં આવી છે. આ ક્ષેત્રમાં જમીનદારીનો અન્ત એક મહત્ત્વપૂર્ણ પગલું હતું. આ એકમમાં તમે તેનો પણ અભ્યાસ કરશો.

સ્વતંત્રતા પહેલાં ભારતની કોઈ સ્વતંત્ર વિદેશનીતિ ન હતી. અંગ્રેજો દ્વારા અપનાવાયેલ વિદેશનીતિ માત્ર સામ્રાજ્યવાદી હિતોની રક્ષા કરતી હતી. સ્વતંત્રતા પછી ભારતની સરકારે એક સ્વતંત્ર વિદેશનીતિ અપનાવી. એક એવી નીતિ જે ભારતનાં હિતોની રક્ષા શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વના સિદ્ધાંત પર કરે. એકમ 40માં તમે સ્વતંત્ર ભારતની આ વિદેશનીતિના વિકાસનો અભ્યાસ કરશો. એમાં ભારતના પડોશી દેશો અને મહાસત્તાઓ સાથેના સંબંધો પર વિચાર કરવામાં આવ્યો છે. આ એકમમાં બિન-જોડાણવાદી આંદોલન તથા નિઃશસ્ત્રીકરણના ક્ષેત્રમાં ભારત દ્વારા કરવામાં આવેલા પ્રયાસોની ચર્ચા કરવામાં આવી છે.

એકમ-41માં સૈદ્ધાંતિક સ્તર પર બિનસાંપ્રદાયિકતાની શરૂઆત અને વિકાસ પર વિચાર કરવામાં આવ્યો છે. આ એકમમાં તમે બિનસાંપ્રદાયિકતાના વ્યાવહારિક સ્વરૂપનો અભ્યાસ કરશો.

એ વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે સ્વતંત્ર ભારત સાથે સંકળાયેલ ઉપર્યુક્ત બધા મુદ્દાઓનો અભ્યાસ માત્ર 1947થી 1964ના સંદર્ભમાં જ કરવામાં આવ્યો છે.

# એકમ 38 ભારતમાં આયોજન અને ઉદ્યોગીકરણ (Planning and Industrialisation in India)

**રૂપરેખા**


38.0 ઉદ્દેશો
38.1 પ્રસ્તાવના
38.2 સ્વતંત્રતા સમયનું ઔદ્યોગિક માળખું
38.2.1 વસાહતી શાસનના ત્રણ તબક્કા
38.2.2 સીમાન્ત વૃદ્ધિ
38.2.3 મર્યાદાઓ અને બંધનો
38.3 આયોજનની ભૂમિકા સાથે સંકળાયેલા શરૂઆતના વિચાર
38.4 ઔદ્યોગિક વિકાસમાં ગૃહબજારની ભૂમિકા
38.4.1 ગૃહબજારની મર્યાદાઓ
38.4.2 મુંબઈ યોજના
38.5 સ્વાતંત્ર્યોત્તર પ્રારંભિક પ્રયાસ
38.5.1 ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવ 1948
38.5.2 ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવ 1956
38.5.3 પ્રારંભિક પ્રયાસોનું મૂલ્યાંકન
38.6 ઔદ્યોગિક વિકાસ માટેના પ્રોત્સાહનની સમજ
38.7 આયોજનના ઉદ્દેશો અને અમલ
38.7.1 નિયંત્રણ અને નિયમનની ભૂમિકા
38.7.2 બીજી યોજનાનું મૉડેલ
38.8 ઔદ્યોગિક માળખા, વૃદ્ધિ અને નીતિમાં પરિવર્તન
38.8.1 વિકાસના દરમાં ઘટાડો
38.8.2 આ ઘટાડો શા માટે ?
38.8.3 નીતિવિષયક બંધનોની દલીલ
38.8.4 માળખાગત બંધનોની દલીલો
38.9 ઉદ્યોગનું માલિકીપણું અને નિયંત્રણ
38.9.1 શરૂઆતનો ઈજારો
38.9.2 ઇજારા પર નિયંત્રણનો પ્રયાસ
38.9.3 વિદેશી મૂડી પર નિયંત્રણનો પ્રયાસ
38.9.4 લઘુ ઉદ્યોગોનો વિકાસ
38.10 ઉદ્યોગ અને આયોજન : એક મૂલ્યાંકન
38.11 સારાંશ
38.12 ચાવીરૂપ શબ્દો
38.13 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો


## 38.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પછી તમે —

- ભારતમાં આર્થિક અને ઔદ્યોગિક વિકાસની પૃષ્ઠભૂમિ વિશે સંક્ષિપ્ત જાણકારી મેળવી શકશો.
- ભારતમાં આયોજનના કેટલાક પ્રારંભિક વિચારો વિશે જાણકારી મેળવી શકશો.
- આ યોજનાના પાયાના સિદ્ધાંતોની સમજ અને જાણકારી મેળવી શકશો.
- આયોજનના ક્ષેત્રમાં સ્વતંત્રતા પછી કરવામાં આવેલ પ્રારંભિક પ્રયાસોને સમજી શકશો.
- યોજનાના સ્વરૂપના વિકાસ વિશે જાણકારી મેળવી શકશો.
- ભારતમાં આર્થિક આયોજનની સમસ્યાઓ અને એ સમસ્યાઓ અંગે જુદા જુદા વિચારોની જાણકારી મેળવી શકશો.

## 38.1 પ્રસ્તાવના

શરૂઆતનાં એકમોમાં આપણે જોયું કે બ્રિટિશ શાસન દરમિયાન ભારતની અર્થવ્યવસ્થાને કેવી રીતે અલ્પવિકસિત અવસ્થામાં રહેવું પડ્યું હતું. એ દરમિયાન જે કંઈ પણ વિકાસ થયો તે બ્રિટિશ શાસનની દરમિયાનગીરી હોવા છતાં થયો. વસાહતી શાસનની જે સમસ્યા હતી તે બધી જ 1947માં ભારતની સ્વતંત્રતા સાથે જ સમાપ્ત થઈ ગઈ. હવે સવાલ એ ઊભો થયો કે એક અલ્પવિકસિત અર્થવ્યવસ્થાની સમસ્યાઓ કઈ રીતે ઉકેલી શકાય. આ બાબતમાં પ્રગતિશીલ રાષ્ટ્રવાદીઓ અને ભારતીય ઉદ્યોગપતિઓ વચ્ચે વિચારોની જબરદસ્ત સમાનતા ઊપસી આવી. બંને એ વાત પર સંમત હતા કે આયોજનબદ્ધ આર્થિક વિકાસના માર્ગે વસાહતકાલીન ભારતીય અર્થવ્યવસ્થાનું નુકસાન ભરપાઈ કરવું અને વિકાસની નવી દિશાઓ ખોલવી. આ એકમમાં આપણે આ ઐતિહાસિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને વિકાસની આ નવી દિશાઓનું મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરીશું.

## 38.2 સ્વતંત્રતા સમયનું ઔદ્યોગિક માળખું (Industrial Structure at Independence)

આગળનાં એકમોમાં આપણે ભારતની અર્થવ્યવસ્થા પર વસાહતી શાસનની અસર વિશે ભણ્યા હતા. ધ્યાન આપવા યોગ્ય મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આ અસર સમય અને સ્થળ એ બંને દૃષ્ટિએ અસમાન હતી. અર્થાત્ બ્રિટિશ શાસનના કેટલાક સમયમાં વસાહતવાદની નુકસાનકારક કે ફાયદાકારક અસર, આર્થિક દૃષ્ટિએ અન્ય સમયની અપેક્ષાએ જુદી હતી. એ જ રીતે, ભારતના કેટલાક ભાગોમાં વસાહતવાદી શાસનની પ્રતિકૂળ અસર બીજા ભાગોની સરખામણીમાં વધુ હતી. દાખલા તરીકે અસરની સમયગત ભિન્નતા એ વાતથી સ્પષ્ટ થાય છે કે મુખ્યરૂપે 19મી સદીમાં ભારતના કાપડ ઉદ્યોગને, ખાસ કરીને હાથશાળ ઉદ્યોગને, સસ્તા અંગ્રેજી કપડાની આયાતથી ભારે નુકસાન પહોંચ્યું. પરંતુ 18મી સદીની શરૂઆતમાં જ્યારે યુરોપના વેપારીએ વસ્તુત: ભારતના કપડાની નિકાસ કરી રહ્યા હતા ત્યારે સ્થિતિ સાવ જુદી જ હતી. એ જ રીતે સ્થાન સંબંધી ભિન્નતાનું ઉદાહરણ એમાંથી મળે છે કે અંગ્રેજ સરકારની નીતિઓથી પશ્ચિમ ભારતની તુલનામાં પૂર્વ ભારતની અર્થવ્યવસ્થાને વધુ નુકસાન પહોંચ્યું. આ જ કારણે ગુજરાત અને મહારાષ્ટ્ર, બિહાર, આસામ, ઓરિસ્સા અને એટલી સુધી કે બંગાળ કરતાં આજે પણ વધુ વિકસિત છે. વાસ્તવમાં વસાહતી શાસન દરમિયાન પશ્ચિમ ભારતમાં કંઈક અંશે ઉદ્યોગીકરણ થયું હતું.

### 38.2.1 વસાહતી શાસનના ત્રણ તબક્કા (Three Phases of Colonial Rule)

વસાહતી શાસનના ત્રણ તબક્કા આ રીતે ઓળખી શકાય :

(i) **પ્રથમ તબક્કો :** આ એ તબક્કો છે જેમાં ઈસ્ટ ઇન્ડિયા કંપની એક વ્યાપારી કંપની રૂપે કાર્ય કરતી હતી જે ભારતના માલની સાથે સાથે તૈયાર માલને પણ યુરોપના બજારમાં લઈ જતી હતી. આ વ્યાપારને પરિણામે મૂળ ઉત્પાદક કરતાં વધુ લાભ વેપારીઓને થતો હતો. આ તબક્કો 17મી સદીની શરૂઆતથી 19મી સદીની શરૂઆત સુધી રહ્યો.

(ii) **દ્વિતીય તબક્કો :** આ તબક્કામાં 19મી સદીનો મોટો ભાગ આવે છે. આ દરમિયાન ભારતમાં બનેલ વસ્તુઓનું સ્થાન સસ્તી અંગ્રેજી વસ્તુઓએ લીધું. આને પરિણામે ઘણા ભારતીય હસ્તઉદ્યોગના ઉત્પાદકો અને કારીગરો બેકાર થઈ ગયા. આ સમયમાં ઉદ્યોગીકરણની પ્રક્રિયાનું પતન ઇતિહાસકારોનું ધ્યાન ખેંચે છે. એમના મતે ઉદ્યોગમાં કામદારોની સંખ્યા ઘટતી જતી હતી. જ્યારે કૃષિ સાથે સંકળાયેલા લોકોની સંખ્યામાં વધારો થતો હતો. આ એ સમય હતો જેમાં વિશ્વભરમાં ભારત બ્રિટિશ મૂડી માટે સસ્તા કાચા માલ અને સસ્તી મજૂરીનો સ્રોત બની ગયો હતો.

(iii) **તૃતીય તબક્કો :** વીસમી સદીની શરૂઆતમાં સામ્રાજ્યવાદી આર્થિક નીતિમાં પરિવર્તન આવ્યું. બ્રિટિશ શાસનની નીતિઓનું આ પરિવર્તન, ભારતમાં રાષ્ટ્રીય આંદોલન જેવી ઘટનાઓ બનવા માટે, તેમ જ સોવિયેટ ક્રાન્તિ તથા અમેરિકા અને જર્મનીની ઔદ્યોગિક શક્તિઓ સ્વરૂપે વિકસવાના બાહ્ય દબાણોને કારણે આવ્યું. આ ઘટનાઓએ બ્રિટિશ સામ્રાજ્યવાદને કમજોર બનાવ્યું હતું. આ તબક્કો જે લગભગ આ સદીની શરૂઆતથી શરૂ થયેલો અને સ્વતંત્રતા પ્રાપ્તિ સુધી ચાલ્યો જે રાજકીય છૂટો અંગ્રેજ સરકારે ભારતની જનતાને આપી હતી તેનો ઉલ્લેખ આગળનાં એકમોમાં કરવામાં આવ્યો છે. આર્થિક છૂટછાટોમાં લોખંડ, ખાંડ, કાપડ, કાગળ અને સિમેંટ જેવા અનેક ભારતીય ઉદ્યોગોને જકાત સંરક્ષણ (Tariff Protection) આપવું સૌથી મહત્ત્વપૂર્ણ હતું.

ગૃહબજારનો વિકાસ કરનાર ઉદ્યોગોનો વિકાસ ભારતના ઔદ્યોગીકરણમાં એક નવા તબક્કાનું પ્રતીક બન્યો. પહેલા વિશ્વયુદ્ધ સુધી ઉત્પાદનનીતિ શણ, તમાકુ, ચા, કૉફી, રબર, અબરખ અને મેંગેનીઝ જેવાં ઉત્પાદનો સુધી મર્યાદિત રહી. આ બધાં નિકાસપ્રધાન ઉત્પાદનો હતાં. 1920 અને 1930ના દસકામાં સંરક્ષણ અનુદાનથી કાપડ, ખાંડ, કાગળ, સિમેંટ અને એન્જિનિયરિંગ સામાન વગેરે જેવી આયાતોનો વિકલ્પ બનનાર ઉદ્યોગોને મદદ મળી.

### 38.2.2 સીમાન્ત વૃદ્ધિ (Marginal Growth)

આ પ્રત્યક્ષ પરિવર્તનો છતાં બ્રિટિશ શાસન દરમિયાન ઉદ્યોગીકરણના રાષ્ટ્રીય આર્થિક વિકાસની અસર માત્ર સીમાન્ત અસર જ હતી. સ્વતંત્રતા પહેલાંની સદીમાં આર્થિક વિકાસના સ્વરૂપનું મૂલ્યાંકન કરતાં પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી એ વૈદ્યનાથન કહે છે :

> "કુલ મળીને સ્વતંત્રતા પહલાંનો યુગ ભારતની અર્થવ્યવસ્થા માટે લગભગ સ્થગિત કે ગતિરોધક યોગ હતો. વીસમી સદીના પૂર્વાર્ધમાં કુલ વાસ્તવિક ઉત્પાદનનો વિકાસ વાર્ષિક બે ટકાથી પણ ઓછો હતો અને વ્યક્તિ દીઠ ઉત્પાદનમાં વિકાસ અડધા ટકા કે એથી પણ વધુ ઓછો હતો. ઉત્પાદનના માળખામાં આ ઉત્પાદકતાનાં સ્તરોમાં કદાચ જ કોઇ પરિવર્તન થયું હતું. આધુનિક ઉત્પાદનના વિકાસને સંભવત: પરંપરાગત હસ્તઉદ્યોગોના સ્થાનાન્તરે નિષ્ક્રિય કરી દીધું હતું અને આ વિકાસ દરેક હાલતમાં એટલો ઓછો હતો કે ઉત્પાદનની કુલ સ્થિતિ પર એથી કોઈ ફરક પડવાનો ન હતો."

સ્વતંત્રતા પહેલાંના ભારતમાં ઔદ્યોગિક વિકાસના સ્વરૂપનું એક બીજું પાસું પણ હતું, તે એ કે ઘણા બધા આધુનિક ઉદ્યોગો વિદેશીઓ દ્વારા નિયંત્રિત હતા અને ભારતના વેપારીઓ યુદ્ધ દરમિયાન જ એમાં પ્રવેશ કરી

શક્યા. તાત્પર્ય એ છે કે મોટા ભાગની નિકાસપ્રધાન ઉત્પાદનની પ્રવૃત્તિઓ મુખ્યત્વે યુરોપના અથવા બ્રિટિશ વેપારીઓના નિયંત્રણમાં હતી. માત્ર ત્રીજા તબક્કામાં જ ભારતીય સાહસિકોનો વેપાર વિકસી શક્યો. ઉત્પાદન ઉદ્યોગના માલિકીપણાની જે સ્થિતિ આપણી સામે આવે છે તે નીચેના કોઠા - 1 પરથી સ્પષ્ટ થાય છે.

**કોઠો-1**
**ઉત્પાદન ઉદ્યોગમાં વિદેશી મૂડી**

| કુલમાં વિદેશીઓનો ફાળો | સ્થાપિત ઉદ્યોગ | | | |
|---|---|---|---|---|
| | 1949 પહેલાં | | 1950-60 | |
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| 1-19 | 259 | 31.9 | 56 | 22.9 |
| 20-49 | 54 | 6.6 | 63 | 25.8 |
| 50-79 | 62 | 7.6 | 65 | 26.6 |
| 80-99 | 16 | 2.0 | 7 | 2.9 |
| 100 % | 420 | 51.9 | 53 | 21.8 |
| કુલ | 811 | 100.0 | 281 | 100.0 |

**સ્રોત : જી.કે શિરોડકર ઇન્ડસ્ટ્રીયલાઇઝેશન ઑફ ઇન્ડિયા, પિપલ્સ પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્હી, 1980. પૃ. 95. કોઠો2**

ઉપરનો કોઠો દર્શાવે છે કે સ્વતંત્રતા સમયે કેવી રીતે ઉત્પાદન ઉદ્યોગમાં વિદેશી મૂડીનું પ્રભુત્વ હતું અને સ્વતંત્રતા પછી પણ ઔદ્યોગિક ક્ષેત્રમાં કેવી રીતે મૂડીની ભૂમિકા મહત્ત્વની હતી.
આ સંક્ષિપ્ત વિવરણ એ સ્પષ્ટ કરે છે કે,

- અંગ્રેજી વેપારનો ભારતમાં નોંધપાત્ર પ્રભાવ હતો.
- ભારતમાં અંગ્રેજ સરકાર દ્વારા અપનાવાયેલ નીતિઓએ ભારતીય ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું ન હતું.
- યુરોપના અધિકાંશ ઔદ્યોગિક અર્થતંત્રોના મામલામાં સંબંધિત દેશોની રાષ્ટ્રીય સરકારોએ પોતાના વ્યાપારી વર્ગના વિકાસના સમર્થનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. પરંતુ ભારતમાં એમ ન થયું; ખાસ કરીને યુદ્ધ પહેલાં તો જરા પણ નહીં.

વસાહતી સરકાર માત્ર અંગ્રેજી વ્યાપાર સમૂહોને સંરક્ષણ આપવામાં રુચિ રાખતી હતી. એનો દેશના ઔદ્યોગિક વિકાસમાં પ્રોત્સાહન આપવાનો કોઈ ઇરાદો ન હતો.

### 38.2.3 મર્યાદાઓ અને બંધનો (Weaknesses and Constraints)

મહત્ત્વની વાત તો એ છે કે સરકારના આ પ્રકારના વિરોધી વલણ છતાં ભારતના ઉદ્યોગોનો થોડો ઘણો વિકાસ થયો. જ્યારે અંગ્રેજ સરકારે 1930 અને 1940ના દસકામાં ભારતના ઉદ્યોગોને ટેકો આપવાનું વલણ અપનાવ્યું ત્યારે આ ઉદ્યોગોએ તેને ઉત્સાહથી વધાવી લીધું. પરંતુ યુદ્ધ દરમિયાન ઉદ્યોગક્ષેત્રમાં કરવામાં આવેલ મોટા ભાગની નિકાસ કૃષિ પેદાશો પર આધારિત અને વપરાશી વસ્તુઓવાળા ઉદ્યોગ દ્વારા જ કરવામાં આવી હતી. આવા કેટલાક ઉદ્યોગોને સંરક્ષણ-નીતિથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તેણે મૂડી-માલ ઉદ્યોગનો (Capital Goods Industries) વિકાસને પ્રોત્સાહિત ન કર્યો; કારણ ઇંગ્લેન્ડ માટે ભારત મૂડીથી નિકાસ કરવા માટેનો એક મુખ્ય દેશ હતો અને ઇંગ્લૅન્ડ નહોતું ઇચ્છતું કે ભારત તેનું હરીફ બને.

મૂડીમાલના ક્ષેત્રની ગેરહાજરી સિવાય એક બીજી કમજોરી હતી જે ઔદ્યોગિક ઉત્પાદનના વધુ વિકાસમાં અવરોધરૂપ બની રહી. આ મુશ્કેલી ટેકનિકલ કુશળતાની ઊણપ, અપર્યાપ્ત વિકાસપોષક માળખું (Infra-structure) (ખાસ કરીને વીજળી, પરિવહન અને સંદેશા વ્યવહારના ક્ષેત્રમાં)ને કારણે ઉત્પન્ન થઈ હતી.

આ મુખ્ય મુશ્કેલીઓ ઔદ્યોગિક વિકાસના ક્ષેત્રમાં સ્વતંત્રતા પહેલાંથી જ હતી. સ્વતંત્રતા પછી સરકારે આયોજન અને રાજ્યના હસ્તક્ષેપના માધ્યમથી આ મુશ્કેલીઓ દૂર કરવાનો પ્રયત્ન કર્યો. કાચો માલ અથવા ધનના અભાવને કારણે બ્રિટિશ ભારતમાં ઔદ્યોગિક વિકાસમાં મુશ્કેલી આવી નહીં. પરંતુ એનું કારણ, ભારતીય દૃષ્ટિકોણથી, કાચો માલ અને ધનનો દુરુપયોગ હતું. સ્વતંત્રતા પછી આયોજિત ઉદ્યોગીકરણના માધ્યમથી રાજ્યે એને દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

સ્વાતંત્ર્યોત્તર ભારતમાં ઉદ્યોગીકરણના આયોજનની આ જ પૃષ્ઠભૂમિ હતી. આ પૃષ્ઠભૂમિની મુખ્ય વિશેષતાઓ આ પ્રમાણે હતી :

(1) વૈજ્ઞાનિક અને ટેકનિકલ વિકાસનું નીચું સ્તર.
(2) કાપડ અને ખાંડ જેવી વપરાશી ઉદ્યોગોની મુખ્ય ભૂમિકા અને મૂડીમાલ ઉદ્યોગોની સાપેક્ષ ગેરહાજરી.
(3) ઉત્પાદન પ્રવૃત્તિમાં વિદેશી મૂડીનું મુખ્ય સ્થાન.
(4) પરિવહન, વીજળી, ઔદ્યોગિક મૂડી અને ટેકનિકલ લોક શક્તિ તાલીમ જેવી વિકાસપોષક સુવિધાઓનો અપૂરતો વિકાસ.

(5) અને, સૌથી વધુ મહત્ત્વનું હતું, ઉદ્યોગ માટે ગૃહબજારનું કદ અપૂરતું હતું.

આ બધી વિશેષતાઓને એ મુશ્કેલીઓના રૂપમાં માન્યતા આપવામાં આવી હતી કે જેને ભવિષ્યમાં દૂર કરવાની હતી. રાષ્ટ્રવાદી નેતાઓ અને વેપારીઓએ સરખી રીતે એ અનુભવ્યું કે ભારતમાં તીવ્ર ઉદ્યોગીકરણ માટે મૂળભૂત જરૂરતો આ પ્રમાણે હતી :

(1) વિકાસપોષક માળખાનો અભાવ

(2) રોકાણ કરી શકાય તેવાં સંસાધનોને ઉદ્યોગપતિઓ સુધી પહોંચાડવાની રીતો અપનાવવી.

(3) ઉત્પાદન કરેલ વસ્તુઓ માટે ઘરઆંગણે માંગ ઊભી કરવી

પરંતુ આ ત્યાં સુધી શક્ય ન હતું જ્યાં સુધી સરકાર પોતે આમાંથી દરેક આવશ્યકતા પર કંઈક કાર્યવાહી કરે. આ સંદર્ભમાં આયોજનને ઉદ્યોગીકરણ માટે આધારરૂપ ગણી શકાય.

## 38.3 આયોજનની ભૂમિકા સાથે સંકળાયેલા શરૂઆતના વિચારો (Early Perceptions on the Role of Planning)

જવાહરલાલ નેહરુને 1938માં જ રાષ્ટ્રીય આયોજન સમિતિના અધ્યક્ષ બનાવ્યા હતા. આ સમિતિનું નિર્માણ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ દ્વારા કરવામાં આવ્યું હતું. કૉંગ્રેસ પાર્ટીનું 1937માં મળેલ ફૈઝપુર અધિવેશન આ દૃષ્ટિએ મહત્ત્વનું છે. કારણ કે એમાંથી એક પ્રખર વામપક્ષી જોડાણ બહાર આવ્યું હતું. આ જોડાણ સોવિયેટ સંઘમાં આયોજનબદ્ધ ઉદ્યોગીકરણના અનુભવથી પ્રેરાયેલ હતું. આ જોડાણનું માનવું હતું કે જો ભારત સ્વતંત્ર થાય તો તેણે નિયમબદ્ધ તથા રાજ્યાશ્રિત ઉદ્યોગીકરણની આવી જ કોઈ નીતિ અપનાવવી પડશે. તેમની આ માન્યતા સાથે બધા સંમત હતા. આ સત્ય આમૂલ પરિવર્તનવાદી કૉંગ્રેસીઓ અને રૂઢિવાદી વેપારીઓ, બન્નેનાં લખાણોમાંથી સ્પષ્ટ થાય છે. દાખલા તરીકે રાષ્ટ્રીય આયોજન સમિતિએ વિચાર દર્શાવ્યો હતો કે

> "ગરીબી અને બેરોજગારી, રાષ્ટ્રીય સુરક્ષા અને સામાન્ય રીતે આર્થિક વિકાસની સમસ્યાઓને ઉદ્યોગીકરણ વગર ઉકેલી શકાય તેમ નથી. ઉદ્યોગીકરણની દિશામાં એક પગલા તરીકે રાષ્ટ્રીય આયોજનની વ્યાપક રૂપરેખા તૈયાર કરવી જોઈએ. જે યોજના બને તેમાં પાયાના ચાવીરૂપ ઉદ્યોગો, મધ્યમ કદના ઉદ્યોગો અને ગૃહ ઉદ્યોગોના યોગ્ય વિકાસની જોગવાઈ હોવી જોઈએ."

ચાર વર્ષ પછી આ પ્રકારનો વિચાર એ દસ્તાવેજમાં દર્શાવ્યો હતો જેને સામાન્ય રીતે "મુંબઈ યોજના"ના નામથી ઓળખવામાં આવે છે. આ દસ્તાવેજ 1944માં જે. આર. ડી. તાતા, જી.ડી. બિરલા અને લાલા શ્રીરામ સહિત અનેક મુખ્ય વેપારીઓએ તૈયાર કર્યો હતો. મુંબઈ યોજનામાં કહ્યું હતું :

> "અમે જે પ્રકારના આર્થિક વિકાસનો પ્રસ્તાવ મૂક્યો હતો તે ત્યાં સુધી શક્ય નથી, જ્યાં સુધી આ વિકાસને એક કેન્દ્રીય નિર્દેશક સત્તા (Central Directing Authority)ના આધાર પર કરવામાં આવે. આ ઉપરાંત વિકાસમાં સમાવિષ્ટ નાણાકીય જવાબદારીઓની અસમાન વહેંચણીને રોકવા માટે રાજ્યના નિયંત્રણકારી ઉપાયોની પણ જરૂર પડશે."

ઉપર આપેલ અવતરણો જુદાં જુદાં સ્રોતોમાંથી લેવામાં આવ્યાં છે:

- પહેલું, જે 'રાષ્ટ્રીય આયોજન સમિતિ' (National Planning Committee)માંથી લેવામાં આવ્યું છે, તે એ લોકોનો વિચાર દર્શાવે છે જે સમાજવાદી દૃષ્ટિકોણ રાખે છે અને માને છે કે ભારત ત્યારે જ ઉદ્યોગીકૃત થઈ શકે એમ છે જ્યારે તે સરકાર-નિયંત્રિત આયોજનને અપનાવશે.

- બીજું, મુંબઈ યોજનામાંથી લેવામાં આવ્યું છે. તે કેટલાક જાહેર મુખ્ય ભારતીય વેપારીઓનો દૃષ્ટિકોણ દર્શાવે છે જે સામાન્ય રીતે સરકારી હસ્તક્ષેપ અને નિયંત્રણના વિરોધી હતા.

બે દાયકાઓના વસાહતી શોષણને કારણે ઉદ્ભવેલ ખાનગી સાહસોની ઔદ્યોગિક વિકાસ માટે પાયાનું, જંગી વિકાસપોષક માળખું ઊભું કરવાની નબળાઈ એ ભારતમાં ઉદ્યોગીકરણ માટેનો મૂળભૂત પ્રતિબંધ છે તેવી દેશના બધા જ નાગરિકોમાં સામાન્ય સમજ પ્રવર્તે છે. આ ઉપરાંત મુખ્ય વેપારીઓ એ સારી રીતે જાણતા હતા કે ગામડાંની ગરીબીનું કારણ ઉત્પાદિત સામગ્રી માટે દેશનું બજાર બહુ મર્યાદિત હતું અને જ્યાં સુધી સરકાર જાહેર ખર્ચ અને રોકાણ કાર્યક્રમોના માધ્યમથી અને કૃષિના રૂપાન્તરના માધ્યમથી, ધન ખર્ચ નહિ કરે ત્યાં સુધી આધુનિક ઉદ્યોગ માટે વિકાસ શક્ય નથી.

## 38.4 ઔદ્યોગિક વિકાસમાં ગૃહબજારની ભૂમિકા (Home Market and Industrial Development)

પહેલાં જણાવ્યું છે તેમ, સ્વતંત્રતા સમયે ભારતમાં ઉદ્યોગોના ઝડપી વિકાસમાં સૌથી મોટી મુશ્કેલી એ હતી કે ગૃહબજારનો જરૂરી વિકાસ થયો ન હતો. આ સત્યને અનુલક્ષીને બે પ્રશ્નો ઉત્પન્ન થાય છે:

(i) ગૃહબજાર શા માટે યોગ્ય રીતે વિકસ્યું ન હતું ?

(ii) ગૃહબજાર તથા ઔદ્યોગિક વિકાસ વચ્ચે ચોક્કસ સંબંધ શું હતો ?

બીજા પ્રશ્નનો ઉત્તર સહેલો છે. જ્યાં સુધી બજારમાં કોઈ વસ્તુની ચોક્કસ માંગ ન હોય ત્યાં સુધી કોઈ પણ ઉદ્યોગ તેના ઉત્પાદનમાં રોકાણ કરવા પ્રેરાય નહિ. એવું બન્યું છે કે ઉત્પાદનકારોએ કોઈ વસ્તુનું ઉત્પાદન માત્ર બહારનાં બજારો માટે અથવા નિકાસ માટે જ કર્યું હોય. પરંતુ આ પ્રકારનું નિકાસ-આધારિત ઉત્પાદન ભારત જેવા વિશાળ અને પછાત અર્થતંત્રવાળા દેશમાં ઝડપી ઉદ્યોગીકરણનો આધાર ન બની શકે. ખાસ કરીને એ સ્થિતિમાં તો બિલકુલ નહીં, જ્યારે મોટા ભાગનો વિદેશી વેપાર યુરોપના લોકોના નિયંત્રણમાં હોય. આ રીતે ઉદ્યોગીકરણની મુખ્ય શરત એ હતી કે ગૃહબજારનો વિકાસ કરવામાં આવે.

### 38.4.1 ગૃહબજારની મર્યાદાઓ (Limits of the Home Market)

પરંતુ ભારતમાં સામાન્ય જનતાની ગરીબીએ ઉત્પાદિત વસ્તુઓના ગૃહબજારને સીમિત કરી દીધું હતું. બ્રિટિશ શાસને ભારતની ગ્રામીણ જનતાને નિર્ધન કરી દીધી હતી અને તેનું જીવન નિમ્ન સ્તર પર ગુજારવા મજબૂર કરી હતી. જ્યારે લોકો નિમ્ન સ્તર પર ગુજારો કરતા હોય ત્યારે તેમના ધનનો મોટો ભાગ ભોજન પાછળ જ ખર્ચાતો હોય. અખાદ્ય પદાર્થોની માંગ ત્યારે જ વધે કે જ્યારે આવક વધે. તેથી ભારતમાં ઉદ્યોગના વિકાસની પહેલી આવશ્યકતા ગ્રામીણ અને શહેરી આવકને વધારવાની હતી. જેથી મોટા ભાગના લોકો ઉત્પાદિત સામગ્રીની ખપતને વધારી શકે અને એ રીતે ઉદ્યોગ માટે ગૃહબજારનો વિસ્તાર કરી શકે.

### 38.4.2 મુંબઈ યોજના (The Bombay Plan)

આ પરિસ્થિતિ જોતાં ઔદ્યોગિક ઉત્પાદનની માંગ વધારવાના હેતુથી ભારતના રાજનૈતિક અને વેપારી નેતાઓ અને અર્થશાસ્ત્રીઓએ કૃષિને લગતું ઉત્પાદન અને આવક વધારવા ઉપર ભાર મૂક્યો. મુંબઈ યોજનામાં આ સત્યને સ્પષ્ટ રીતે સ્વીકારવામાં આવ્યું. આ યોજનામાં જમીન - સુધારણા અને કૃષિક્ષેત્રમાં સરકારી રોકાણ, ખાસ કરીને સિંચાઈ માટે અને ઉદ્યોગ તથા સેવાઓ જેવાં અન્ય ક્ષેત્રોમાં જાહેર રોકાણની વાત મુખ્યતયા કહેવામાં આવી જેથી ગૃહબજારની માંગ ઉત્પન્ન કરી શકાય. આ સંદર્ભે રાજ્યના હસ્તક્ષેપ અને આયોજનને સતત ઉદ્યોગીકરણ માટે જરૂરી તત્ત્વ માનવામાં આવ્યું. કૃષિનો વિકાસ, ઉદ્યોગ માટે કાચો માલ ઉત્પન્ન કરીને અને મજૂરો માટે જીવનનિર્વાહની જરૂરી સામગ્રી ઉત્પન્ન કરીને પણ ઉદ્યોગીકરણમાં મદદ કરે છે, જે ભારત જેવા કૃષિપ્રધાન સમાજમાં કૃષિસંબંધી સમૃદ્ધિ ઉદ્યોગીકરણની મૂડી છે. અહીં મોટા ભાગની વસ્તી કૃષિ પર આધાર રાખે છે અને આ ઉદ્યોગો માટે ગૃહબજાર તૈયાર કરવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1 સાચા ઉત્તર પર (✓)ની નિશાની કરો.

(i) રાષ્ટ્રવાદી નેતાઓ અને ભારતીય ઉદ્યોગપતિઓએ પાંચમા દાયકામાં આયોજનબદ્ધ અર્થવ્યવસ્થાને બદલે મુક્તબજાર અર્થવ્યવસ્થાની માંગણી કરી. ( )

(ii) રાષ્ટ્રવાદી નેતા એક આયોજનબદ્ધ અર્થવ્યવસ્થા માંગતા હતા, પરંતુ ભારતીય ઉદ્યોગપતિઓ પાંચમા દાયકામાં મુક્ત બજાર અર્થવ્યવસ્થા માંગતા હતા.

(iii) રાષ્ટ્રવાદી નેતા અને ભારતીય ઉદ્યોગપતિઓ બન્ને પાંચમા દાયકામાં ભારત માટે આયોજનબદ્ધ અર્થતંત્ર માંગતા હતા. ( )

(iv) રાષ્ટ્રવાદી નેતા અને ભારતીય ઉદ્યોગપતિ બન્નેને પાંચમા દાયકામાં એ ખબર ન હતી કે ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસ માટે ક્યો રસ્તો અપનાવવામાં આવે ( )

2 ગૃહબજારને,

(i) ઔદ્યોગિક વિકાસ માટે વિસ્તૃત થવું જોઈએ. ( )

(ii) ઔદ્યોગિક વિકાસ માટે સંકોચાઈને રહેવું જોઈએ. ( )

(iii) ઔદ્યોગિક વિકાસ માટે જેવું છે તેવું રહેવું જોઈએ. ( )

(iv) બન્ને (ii) અને (iii)

3 વસાહતી શાસન દરમિયાન ભારતીય ઉદ્યોગક્ષેત્રનો વિકાસ ન થઈ શકવાનાં બે કારણ જણાવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

## 38.5 સ્વાતંત્ર્યોત્તર પ્રારંભિક પ્રયાસ (Post-Independence Initiatives)

આ એ ઔદ્યોગિક પૃષ્ઠભૂમિ છે જેમાં 1948માં સ્વતંત્ર ભારતની સંસદ દ્વારા પહેલી ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવ (Industrial Policy Resolution)(I.P.R.) મૂકવામાં આવ્યો હતો. ઘણી રીતે આઈ.પી.આર. 1948 ભારતમાં સામ્રાજ્યવાદી સરકાર દ્વારા એપ્રિલ 1945માં દાખલ કરેલ ઔદ્યોગિક નીતિ વક્તવ્ય (Industrial Policy Statement)નું જ રૂપાંતરિત સ્વરૂપ હતું. આ વક્તવ્યને ભારતમાં યુદ્ધોત્તર ઔદ્યોગિક નિર્માણના મૂળ રૂપે જોવામાં આવ્યું છે. એમાં મુંબઈ યોજનાના કેટલાક વિચાર પણ સામેલ હતા.

### 38.5.1 ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવ 1948 (The I.P.R. 1948)

ભારત સરકાર ઍક્ટ 1935 અંતર્ગત ઔદ્યોગિક વિકાસ એક પ્રાદેશિક વિષય હતો. પરંતુ 1945 ના 'નીતિ વક્તવ્ય' અનુસાર ભારત સરકાર તેના વિચારક્ષેત્ર અંતર્ગત લગભગ વીસ ઉદ્યોગોને લાવી. તે આ પ્રમાણે હતા:

- લોખંડ અને સ્ટીલ
- મોટરવાહનો અને પરિવહન વાહનો
- હવાઈ જહાજ
- વીજળીની મશીનરી
- ભારે મશીનરી
- મશીનોનાં ઓજારો
- ભારે રસાયણ
- ખાતર
- દવાઓ અને ઔષધ
- સિમેન્ટ
- ખાંડ
- રબર ઉત્પાદન
- કોલસો
- વીજળી વગેરે.

આઈ.પી.આર. 1948થી આ ઉદ્યોગ તથા કેટલાક અન્ય ઉદ્યોગ, કેન્દ્રના નિયંત્રણ ક્ષેત્રમાં આવતા હતા. આઈ.પી.આર. 1948માં ઔદ્યોગિક નીતિનાં કેટલાંક લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યાં હતાં, જેમાં આર્થિક શક્તિનું સંકેન્દ્રીકરણ(concentration)ને રોકવું સામેલ હતું. આ પ્રસ્તાવમાં ઉદ્યોગોના વિકાસમાં સરકારની એક પ્રગતિશીલ સક્રિય ભૂમિકા નક્કી કરવામાં આવી. સરકાર માટે જે દિશાનો નિર્દેશ કરવામાં આવ્યો હતો તે આ હતો.

> "અગાઉ કેટલાક સમય માટે રાજ્ય, રાષ્ટ્રીય સંપત્તિની વૃદ્ધિમાં પોતાની વર્તમાન કાર્યવાહીને વધુ વિસ્તારીને અને વર્તમાન એકમોને પ્રાપ્ત કરીને ચલાવવાને બદલે બીજાં ક્ષેત્રોમાં ઉત્પાદનનાં નવાં એકમો પર ધ્યાન આપીને, વધુ ઝડપથી પોતાનો ફાળો આપી શકે છે."

કેટલાક ઉદ્યોગો બધી રીતે જાહેર ક્ષેત્ર માટે આરક્ષિત હતા (અણુશક્તિ અને શસ્ત્ર વગેરે). અને કેટલાક એ ઉદ્યોગોમાં સામેલ કરવામાં આવ્યા હતા જેમાં ખાનગી ક્ષેત્રને, જો તે રાષ્ટ્રના હિતમાં હોય તો, રોકાણની અનુમતિ આપવામાં આવે. પરંતુ તેના ભાવી વિકાસની જવાબદારી સરકારની જ હતી (સ્ટીલ, કોલસો, ઉડ્ડયન વગેરે). બાકી બીજા ઉદ્યોગ ખાનગી ક્ષેત્ર માટે ખુલ્લા હતા. પ્રસ્તાવમાં એ પણ સંકેત કરવામાં આવ્યો હતો કે કેટલીક બાબતમાં ઔદ્યોગિક પરિસ્થિતિ એટલે કે ઉદ્યોગોના સ્થાન સાથે સંકળાયેલ નિશ્ચિત નિર્દેશોનું પાલન કરવામાં આવે. આ પ્રસ્તાવમાં વધુ સમતાપૂર્ણ ઔદ્યોગિક વિકાસ નક્કી કરવા માટે કુટિર અને લઘુ ઉદ્યોગોના મહત્ત્વનો સ્વીકાર કરવામાં આવ્યો.

### 38.5.2 ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવ 1956 (The I.P.R. 1956)

ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવ 1948 પછી ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવ, 1956 લાવવામાં આવ્યો. આ પ્રસ્તાવનું સ્વરૂપ, સંસદ દ્વારા સમાજના સમાજવાદી બંધારણની સ્થાપનાને સરકારની સામાજિક અને આર્થિક નીતિઓના ઉદ્દેશ્યરૂપે સ્વીકાર્યા બાદ તૈયાર કરવામાં આવ્યું. તૃતીય પંચવર્ષીય યોજના પણ એની સાથે જ શરૂ કરવામાં આવી, જેમાં વિકાસ માટે અપનાવાયેલ નીતિમાં ઉદ્યોગ, ખાસ કરીને ભારે ઉદ્યોગના વિકાસ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું.

ભારતમાં આયોજનબદ્ધ ઉદ્યોગીકરણની પ્રક્રિયા જેને મુંબઈ યોજના 1944, ઔદ્યોગિક નીતિ વક્તવ્ય 1945, ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવ 1948 અને 1956 જેવા અનેક નીતિવક્તવ્યોમાં દર્શાવવામાં આવી હતી. તે ઉદ્યોગ ઍક્ટ 1951 કે બીજી પંચવર્ષીય યોજના(1956)ના સમય બાદ શરૂ થઈ હતી. ઉદ્યોગ ઍક્ટ 1951માં ઉદ્યોગોનો વિકાસ અને નિયમન સમાવિષ્ટ હતાં. ઉદ્યોગ (વિકાસ અને નિયમન) ઍક્ટ 1951, એ હથિયાર હતો, જેના માધ્યમ દ્વારા સરકારે ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવ 1948 દ્વારા નિર્દેશિત પોતાના ધ્યેયને પૂરો કરવાનો પ્રયાસ કર્યો. સરકારે જે સૌથી અગત્યનો અધિકાર મેળવ્યો હતો તે હતો - મધ્યમ અને મોટાં ઔદ્યોગિક પ્રતિષ્ઠાનોની સ્થાપના માટે લાઇસન્સ આપવાનો અધિકાર. આ ઍક્ટમાં સરકારને ઉત્પાદનની માત્રા, આયાત અને વેચાણ કોટા, કિંમત, મજૂરી અને વેતન નક્કી કરવાનો અધિકાર પણ આપવામાં આવ્યો હતો. બીજી પંચવર્ષીય યોજનાઓ, ઉદ્યોગીકરણની નીતિનું, જેને ભારત માટે પહેલેથી જ જરૂરી માનીને સ્વીકારવામાં આવી હતી, તેનું, ઔચિત્ય સારી રીતે સિદ્ધ કરી આપ્યું.

### 38.5.3 પ્રારંભિક પ્રયાસોનું મૂલ્યાંકન (An Assessment of Early Initiatives)

સ્વાતંત્ર્યોત્તર કાળની શરૂઆતમાં ઔદ્યોગિક નીતિનું ધ્યેય જાહેર ક્ષેત્રમાં, જેને રાજ્યની મૂડીવાળું ક્ષેત્ર કહેવામાં આવે છે, તેમાં કેન્દ્રની ભૂમિકા નક્કી કરવાનું હતું. જાહેર ક્ષેત્રને રાજ્યની મૂડીવાળું ક્ષેત્ર કહેવામાં આવે છે, કારણ કે ઉદ્યોગોમાં રાજ્ય રોકાણકર્તા છે. દેશના સમગ્ર ઔદ્યોગિક વિકાસમાં આ ક્ષેત્રે કેન્દ્રવર્તી સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત આ સમયમાં એ નક્કી કરવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો કે ખાનગી ભારતીય ઉદ્યોગોને યોગ્ય સંરક્ષણ મળે. એ સાથે જ વિદેશી મૂડી પર કડક નજર રાખવામાં આવે. વાસ્તવમાં વિદેશી મૂડીની ભૂમિકા પર નીતિ વક્તવ્ય બહુ કડક હતું. ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવ 1948 અને 1956 ઘણાં ક્ષેત્રોમાં કોઈ પણ પ્રકારની વિદેશી ભાગીદારી ઇચ્છતા ન હતા. પરંતુ વ્યવહારમાં તેનો અમલ ન થઈ શક્યો અને તરત જ રાષ્ટ્રના હિતમાં વિદેશી મૂડીને પ્રવેશની છૂટ આપવામાં આવી. આ ઉપરાંત ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવ 1948 અને 1956 ઔદ્યોગિક નીતિના માર્ગદર્શક સિદ્ધાન્તોનો પાયો બન્યા.

> જાહેર ક્ષેત્ર જે અર્થવ્યવસ્થાના નિયામક શિખર પર અને તે ખાનગી ક્ષેત્રની સાથે મળી કાર્યરત હતું અને જેને વ્યવસ્થિત કે 'નિયમિત' કરવાનું હતું. તેને બહારની હરીફાઈ વિરુદ્ધ 'આરક્ષણ' આપવાનું હતું.

રાજ્યના સમર્થન અને નિયમનની છાયામાં ઔદ્યોગિક ક્ષેત્રને આયાત-અવેજી-ઉદ્યોગીકરણ (Import-Substitution-Industrialization) (એટલે કે એવું ઉદ્યોગીકરણ જેનાથી આયાત કરનાર માલ ઘરેલુ સ્તર પર તૈયાર કરી શકાય)ના માધ્યમથી આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યું. આમ ઔદ્યોગિક નીતિનું બેવડું લક્ષ્ય હતું.

(i) મિશ્ર અર્થવ્યવસ્થાની સ્થાપના (અહીં મિશ્રનો અર્થ જાહેર અને ખાનગી ક્ષેત્રનું સાથે રહેવું).

(ii) આત્મનિર્ભર ઔદ્યોગિક અર્થતંત્રનો વિકાસ કરવો. (અહીં આત્મનિર્ભર એટલે અર્થવ્યવસ્થાનાં જરૂરી અને મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં વિદેશી મૂડી, ટેકનોલૉજી કે રોકાણ પર નિર્ભર ન રહેવું).

## 38.6 ઔદ્યોગિક વિકાસ માટેના પ્રોત્સાહનની સમજ(Understanding the Stimulus for Industrial Growth)

આપણે એ જોયું કે આંતરિક વસ્તીની વધતી આવકના આધારે ગૃહબજારનો વિકાસ કઈ રીતે આગળ જઈને વિકાસ માટે એક અગત્યનું પ્રોત્સાહક બળ બને છે. ભારત જેવા કૃષિપ્રધાન સમાજમાં, આ પ્રકારનું બજાર મુખ્યત્વે ગ્રામીણ આવકમાં વૃદ્ધિ અને કૃષિ સંબંધી બચતના માધ્યમથી વિકસાવી શકાય છે. ઉત્પાદિત સામગ્રીની માંગનો એક છેડો આયાતની અવેજી બની શકે છે.

જો કોઈ દેશને કોઈ વસ્તુની આયાત રોકવી હોય તો તે તેના ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહન આપશે અને તે અનુસાર ઔદ્યોગિક પ્રવૃત્તિને વેગ આપશે. પહેલેથી જ સ્થપાયેલ દૃઢ ઉદ્યોગોનો સામનો કરવા નવા ઉદ્યોગોને નુકસાનથી બચવા માટે સરકાર તેને સંરક્ષણ આપી શકે છે. આ ધારણા શિશુ ઉદ્યોગ સિદ્ધાંત પર આધારિત છે. જે દર્શાવે છે કે ઉદ્યોગોને તેના શૈશવ એટલે કે પ્રારંભમાં સંરક્ષણની જરૂર હોય છે, જેથી તેઓ વધુ વિકસિત અર્થતંત્રોમાં સ્થપાયેલ પોતાના હરીફોનો મુકાબલો કરી શકે. આયાત-અવેજી-ઉદ્યોગીકરણ હંમેશાં નિકાસ-પ્રધાન ઉદ્યોગીકરણથી સ્વભાવે જ અલગ હોય છે. નિકાસ-પ્રધાન ઉદ્યોગીકરણમાં ઔદ્યોગિક વિકાસની પ્રેરણા ગૃહબજારમાંથી મળતી નથી પરંતુ વિદેશી બજાર અથવા નિકાસ બજારમાંથી મળે છે.

> ભારતમાં અર્થશાસ્ત્રીઓને વિશ્વાસ હતો કે ભારત જેવા વિશાળ અર્થતંત્રમાં, જેનું ગૃહબજાર વિશાળ પરંતુ અપર્યાપ્ત છે, ઉદ્યોગીકરણની પ્રેરણા બહારનાં બજારો પર આધારિત નિકાસ-પ્રધાન ઉદ્યોગીકરણથી પ્રાપ્ત ન થઈ, ગૃહબજારના વિસ્તાર પર આધારિત આયાત-અવેજી-ઔદ્યોગિક વિકાસથી પ્રાપ્ત થવી જોઈએ.

## 38.7 આયોજનના ઉદ્દેશો અને અમલ (Objectives of Planning and Implementation)

ઔદ્યોગિક નીતિના ઉદ્દેશોમાં નીચેની બાબતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે (સને 1973, 1978 અને 1980માં, અપનાવાયેલ ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવોમાં ફરીથી જાહેર કરવામાં આવેલ છે) :

- ઔદ્યોગિક ઉત્પાદન અને ઉત્પાદકતાને, ખાસ કરીને મુખ્ય ઉદ્યોગ્ ક્ષેત્રોમાં વધારો.
- સંતુલિત પ્રાદેશિક વિકાસ લાવવો.
- લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું.
- ઇજારા નિયંત્રણના માધ્યમથી આર્થિક શક્તિના સંકેન્દ્રીકરણને રોકવું.
- ગૃહ (Domestic) ઉદ્યોગોમાં વિદેશી રોકાણને સીમિત અને નિયંત્રિત કરવું.
- રોજગાર ઊભો કરવો અને કિંમતને સ્થિર રાખવી.
- જરૂરી રોકાણસામગ્રી અને વસ્તુઓની આયાતને પ્રતિબંધિત કરવી.

### 38.7.1 નિયંત્રણ અને નિયમનની ભૂમિકા (Role of Controls and Regulation)

સરકારે ઉદ્યોગ (વિકાસ અને નિયમન) ઍક્ટ 1951નો પ્રયોગ એ નીતિઓના અમલ માટે કર્યો, જે નીતિઓને આ ધ્યેયને પૂરું કરવા માટે નક્કી કરવામાં આવી હતી. ઉદ્યોગ નીતિનું એક મૂલ્ય સાધન લાઈસન્સ પદ્ધતિને બનાવવામાં આવ્યું. સરકારે ઉદ્યોગ સ્થાપવા માટે લાઈસન્સ મેળવવાનો અધિકાર બે કારણે પોતાની પાસે રાખ્યો :

(1) સરકાર ઇચ્છતી હતી કે ઉદ્યોગોની સ્થિતિ અને માલિકીપણું વહેંચાયેલું રહે એટલે કે ઉદ્યોગો પર એક જ વ્યક્તિ કે સમૂહનું માલિકીપણું ન હોય અને આ ઉદ્યોગ કોઈ એક જ ભૌગોલિક ક્ષેત્રમાં સ્થપાયેલા ન હોય.

(2) અને ઉપભોક્તાઓ તથા શ્રમિકોનાં હિતોને સંરક્ષણ મળે.


આ ધ્યેયને કેટલી હદ સુધી પ્રાપ્ત કરી શકાય તે એક વિવાદાસ્પદ વિષય છે. ઉદાહરણ તરીકે, ઔદ્યોગિક લાઈસન્સ તપાસ સમિતિ(1969)એ જણાવ્યું કે સરકારી નિયંત્રણ હોવા છતાં ઇજારાવાદી ગૃહોએ, ખાસ કરીને બિરલા સમૂહે, અપાયેલ લાઈસન્સનો મોટો ભાગ મેળવી લીધો હતો. આ રીતે એવું જોવામાં આવ્યું કે પશ્ચિમ ભારત જેવા ઔદ્યોગિક રીતે વિકસિત ક્ષેત્ર સતત વિકસતા રહ્યા અને ઉત્તર અને પૂર્વ ભારતનો મોટો ભાગ ઔદ્યોગિક ક્ષેત્રે પછાત રહ્યો.

અહીં આપણને એ પ્રશ્ન ઉદ્ભવે છે કે સરકારી નિયંત્રણને વાસ્તવમાં કેટલી હદ સુધી ઔદ્યોગિક પરિસ્થિતિ અને માલિકીપણાના માળખાનું પરિવર્તન કર્યું ?

આ પ્રકારના નિયંત્રણ વગર જો વિકાસ થવા દેવામાં આવે તો શું આ વિકાસ અત્યાર સુધી થયેલ વિકાસ કરતાં જુદો હોત ? સરકારના કેટલાક આલોચકો કહે છે કે બધી જ ગરબડ નિયંત્રણ મૂકવાથી થઈ છે. એ લોકો નિયંત્રણનો વિરોધ કરે છે અને ઉદ્યોગોનું નિયમન મુક્ત કરવાની દલીલ કરી છે. બીજા કેટલાકનું માનવું છે કે હકીકતમાં ગરબડ નિયમનમાં નહીં પણ તેના અમલમાં છે.

### 38.7.2 બીજી યોજનાનું મૉડેલ (The Second Plan Model)


પ્રથમ પંચવર્ષીય યોજનામાં ઉદ્યોગીકરણનો કોઈ ધ્યેય સ્પષ્ટ ન હતો. આ યોજનાનું સ્વરૂપ જલદીથી તૈયાર કરવામાં આવ્યું હતું અને જે જરૂરી હતું તેની તુલનામાં જે શક્ય હતું તેના વાસ્તવિક મૂલ્યાંકનના આધાર પર તૈયાર કરવામાં આવ્યું હતું



ઔદ્યોગિક વિકાસની શરૂઆત : સીંદરી ફર્ટિલાઇઝર ફૅક્ટરી

પરંતુ બીજી યોજનાનો ધ્યેય બહુ સમજી વિચારીને તૈયાર કરવામાં આવ્યો હતો. પ્રસિદ્ધ આંકડાશાસ્ત્રી પ્રોફેસર પી. સી. મહાલનોબીસના માર્ગદર્શનમાં એક લાંબા સમયની પ્રત્યક્ષ યોજના તૈયાર કરવામાં આવી જેમાં ભારી ઉદ્યોગોના વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી. ભારત પાસે ધાતુ અને ખનીજ જેવા કાચા માલનાં પુષ્કળ સાધનો હતાં, એથી એવું સૂચવવામાં આવ્યું કે ભારતને સ્ટીલ, કોલસો, ભારે મશીનરી, પેટ્રોલિયમ રિફાયનરી, સિમેન્ટ વગેરે પાયાના ઉદ્યોગો પર પોતાનો પ્રયાસ કેન્દ્રિત કરવો જોઈએ જેથી ઝડપી ઔદ્યોગિક વિકાસનો પાયો તૈયાર કરી શકાય. ઉદ્યોગીકરણમાં મહત્ત્વ ઉપભોક્તા વસ્તુ ઉત્પાદન કરનાર ઉદ્યોગોને બદલે મૂડીગત અને પાયાનો માલ તૈયાર કરનાર ઉદ્યોગોને આપવું જોઈએ. આ રીતે ઔદ્યોગિક વિકાસ દ્વારા ઉત્પન્ન કરાયેલ માંગ કેટલાક સમય પછી ઉપભોક્તા વસ્તુ ઉદ્યોગોને પ્રોત્સાહિત કરશે અને એ સમય સુધી ઔદ્યોગિક ક્ષેત્ર, યોગ્ય વચલો માલ અને મશીનરી ઉત્પન્ન કરવાની સ્થિતિમાં આવી જશે.

આ નીતિનો અમલ કરવા માટે એ જરૂરી હતું કે મૂડીગત માલ કે સામગ્રીવાળા ઉદ્યોગ ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં રોકાણ કરવામાં આવે. ખાનગી ક્ષેત્ર જરૂરી ભારે રોકાણ કરવા માટે સમર્થ ન હતું. એમાં ખાનગી ક્ષેત્રની રુચિ પણ ન હતી. કારણ કે આ રોકાણથી ઓછો લાભ મળવાનો હતો અને તે પણ લાંબા સમય પછી. ભારે રોકાણની આ જવાબદારી જાહેર ક્ષેત્ર એટલે કે રાજ્યની મૂડીવાળા ક્ષેત્રે લીધી. એથી જાહેર ક્ષેત્રની ભૂમિકાનું મહત્ત્વ સમજાયું. પશ્ચિમ જર્મની અને સોવિયેટ સંઘ જેવા દેશોની મદદથી ભારતે તેનો સ્ટીલ ઉદ્યોગ અને ભારે ઍન્જિનિયરિંગ, ભારે રસાયણ અને બીજા મૂળ ઉદ્યોગોનો વિકાસ કરવામાં સફળ થયા.




**ખાનગી અને જાહેર ક્ષેત્ર વચ્ચેના સંબંધ વિશે ઠઠ્ઠા ચિત્રકાર ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, ૯ માર્ચ, ૧૯૫૫**

આ ક્ષેત્રમાં કરવામાં આવેલ રોકાણ અને આ રોકાણથી પ્રાપ્ત થયેલ આવક અને રોજગારે, જે વ્યવહારમાં મૂળ લક્ષ્યથી નીચે જ રહ્યા, તેણે વિકાસના દરને જાળવી રાખ્યો. ઔદ્યોગિક ઉત્પાદનના વિકાસનો દર ઝડપથી વધ્યો. એના ફળસ્વરૂપે પ્રથમ પંચવર્ષિય યોજનાનો 5.7% નો વિકાસ દર બીજી યોજનામાં 7.2% થઈ ગયો અને ત્રીજી યોજના દરમિયાન 9% સુધી પહોંચી ગયો. મૂડીવાદી માલવાળા ઉદ્યોગોએ સૌથી વધુ પ્રગતિ મેળવી. ભારતના ઔદ્યોગિક વિકાસનો આ પાયો સાતમા દાયકાના મધ્ય ભાગ સુધી ચાલુ રહ્યો.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

I ખરા વિધાન સામે (✓) ની નિશાની કરો.
આયાત-અવેજી-ઉદ્યોગીકરણનો અર્થ છે

(i) એ જ કે જે નિકાસપ્રધાન ઉદ્યોગીકરણનો થાય છે. ( )

(ii) એવી વસ્તુ જે પહેલાં આયાત કરવામાં આવતી હતી, પણ હવે સરકાર દ્વારા એની આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવતાં દેશમાં જ ઉત્પન્ન કરવામાં આવે છે. તેથી ગૃહ (આંતરિક) ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન મળે છે. ( )

(iii) ઔદ્યોગિક સામગ્રીને કૃષિસામગ્રીની અવેજી બનાવવી ( ).

(iv) આમાંથી એક પણ નહિ. ( )

2 બીજી યોજનાના સ્વરૂપે :

(i) સ્ટીલ, કોલસો વગેરે જેવા ભારે ઉદ્યોગોના વિકાસને પ્રાથમિકતા આપી. ( )
(ii) સાબુ, ડિટર્જન્ટ, કાપડ જેવી ઉપભોક્તા સામગ્રીવાળા ઉદ્યોગોને પ્રાથમિકતા આપી.
(iii) પર્યટન, વિજ્ઞાપન જેવી સેવાસામગ્રીવાળા ક્ષેત્રમાં વિકાસને પ્રાથમિકતા આપી.
(iv) આમાંથી એક પણ નહીં.

3 ભારતની ઉદ્યોગનીતિના મુખ્ય ઉદ્દેશોને લગભગ દસ લીટીમાં સમજાવો.

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

## 38.8 ઔદ્યોગિક માળખા, વૃદ્ધિ અને નીતિમાં પરિવર્તન (Changes in Industrial Structure, Growth and Policy)

એમાં કોઈ સંદેહ નથી કે રાજ્યના હસ્તક્ષેપ અને નિયંત્રણે ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદનના માળખાને ખૂબ પ્રભાવિત કર્યું છે. ઔદ્યોગિક ક્ષેત્રના કુલ ઉત્પાદનમાં એન્જિનિયરિંગ વસ્તુઓ, ભારે મશીનરીનાં ઓજાર અને સાધનો, રસાયણ, વીજળી અને ઇલેક્ટ્રોનિક સાધનો જેવા આધુનિક ઉદ્યોગોનો ફાળો વધ્યો છે. બીજી બાજુ શણ, ખાંડ, સુતરાઉ કપડાં જેવા પારંપરિક ઉદ્યોગોનો ફાળો ઘટ્યો છે. કાપડ ઉદ્યોગોમાં પણ, સુતરાઉ કાપડ અને હાથશાળ ઉદ્યોગોનો હિસ્સો ઓછો થયો છે. જ્યારે સિન્થેટીક કાપડના ઉદ્યોગોનો હિસ્સો વધ્યો છે. ઉત્પાદનમાં થયેલ પરિવર્તન ભારતીય ઉદ્યોગના બંધારણગત પરિવર્તન તરફ સંકેત કરે છે. એની ઉપેક્ષા કરી શકાય તેમ નથી.

### 38.8.1 વિકાસના દરમાં ઘટાડો (Decline in the Rate of Growth)

અહીં જે વાત ચિંતાજનક છે તે એ કે ઔદ્યોગિક ઉત્પાદનના વિકાસ દરમાં થયેલ પતન. જાહેર રોકાણ અને ખર્ચ તરફથી મળેલ પ્રોત્સાહને, જેનો આપણે પહેલાં પણ ઉલ્લેખ કર્યો છે. ગૃહઉદ્યોગો માટે ગૃહબજારના ફેલાવામાં ઘણી મદદ કરી. આ ઉપરાંત વિદેશી હરીફાઈ સામે ભારતીય ઉદ્યોગને મળેલ સંરક્ષણે (સસ્તી આયાતી ટેકનોલૉજી અને સામગ્રીના રૂપમાં) ગૃહઉત્પાદનને પ્રોત્સાહિત કરવામાં મદદ કરી. આ કાર્યને આપણે 'આયાત અવેજી ઉદ્યોગીકરણ' કહ્યું છે. આ પ્રકારના ઔદ્યોગિક વિકાસની અસર, ઔદ્યોગિક ઉત્પાદનના સૂચક આંકડામાં થયેલ મહત્ત્વપૂર્ણ વિકાસમાં જોઈ શકાય છે. એના તરફ આપણે પહેલાં જ ધ્યાન દોર્યું છે. પરંતુ આયોજનબદ્ધ ઉદ્યોગીકરણનાં પહેલાં 15 વર્ષોમાં મેળવેલ કીર્તિ પછીનાં વર્ષોમાં યથાવત્ ન રહી શકી. ઔદ્યોગિક ઉત્પાદનના 1965-1976 ના સમય દરમિયાન વાર્ષિક સંયુક્ત વિકાસ દર 4.1% સુધી નીચે આવી ગયો. 1980થી આ દર 5% સુધી પહોંચ્યો છે. પરંતુ આ દર આજે પણ દ્વિતીય અને તૃતીય પંચવર્ષીય યોજનાના સમયમાં પ્રાપ્ત કરેલ દરના સ્તર કરતાં નીચો છે.

### 38.8.2 આ ઘટાડો શા માટે ? (Why this decline ?)

પતનની આ પ્રવૃત્તિનાં કારણ જાણવા માટે કેટલાંક તારણો બહાર આવ્યાં છે. મોટે ભાગે એને બે વર્ગોમાં વહેંચી શકાય :



(i) એક, જે આ પતનનું કારણ સરકાર દ્વારા અપનાવાયેલ નીતિગત હસ્તક્ષેપને માને છે, અને

(ii) બીજું, જે દર્શાવે છે કે આ પતન માટે માળખાગત કારણો જવાબદાર છે.




વૃદ્ધિમાં ઘટાડા વિશે ઠઠ્ઠા ચિત્રકાર          ટાઈમ્સ ઑફ ઇન્ડિયા, ૨૯ ઑગસ્ટ, ૧૯૬૦

કોઠો-૨

ઔદ્યોગિક ઉત્પાદનના સૂચક આંકડામાં વાર્ષિક સંયુક્ત દર (%માં)

| ઉદ્યોગોના પ્રકાર | 1951-55 પ્રથમ યોજના | 1955-60 દ્વિતીય યોજના | 1960-65 તૃતીય યોજના | 1965-76 વાર્ષિક યોજનાઓ અને ચતુર્થ યોજના |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| પાયાના ઉદ્યોગ | 4.7 | 12.1 | 10.4 | 6.5 |
| મૂડીગત માલ ઉદ્યોગ | 9.8 | 13.1 | 19.6 | 2.6 |
| મધ્યવર્તી માલ ઉદ્યોગ | 7.8 | 6.3 | 6.9 | 3.0 |
| ઉપભોક્તા સામગ્રી ઉદ્યોગ | 9.8 | 4.4 | 4.9 | 3.4 |
| (a) ઉપભોક્તા-ટકાઉ વસ્તુઓ | - | - | 11.0 | 6.2 |
| (b) ઉપભોક્તા બિનટકાઉ વસ્તુઓ | - | - | - | 2.8 |
| સામાન્ય સૂચક આંકડા | 5.7 | 7.2 | 9.0 | 4.1 |

સ્રોત : એસ. એલ. શેટ્ટી, સ્ટ્રક્ચરલ રીટ્રોગેશન ઇન ધ ઇન્ડિયન ઇકોનોમી સીન્સ ધ મીડ સિક્સટીઝ, ઇકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી, 1978, મુંબઇ.

### 38.8.3 નીતિવિષયક બંધનોની દલીલ (The Policy Constraints Argument)

પ્રથમ વર્ગ દ્વારા એવી દલીલ કરવામાં આવી કે સ્વાતંત્ર્યોત્તર કાળમાં સરકાર દ્વારા લગાડાયેલ લાઈસન્સ નિયંત્રણ, મૂલ્ય અને વિતરણ નિયંત્રણ વગેરે જેવાં ઘણાં નિયંત્રણોએ ખાનગી ઉદ્યોગોના વિકાસમાં મુશ્કેલી પહોંચાડી અને એમાં કરવામાં આવેલ રોકાણને ઓછું ફાયદાકારક બનાવ્યું. એવું સૂચન કરવામાં આવ્યું કે આ પ્રકારનાં નિયંત્રણો દૂર કરવાથી રોકાણના દરમાં વધારો થશે અને તેથી ઉત્પાદનના વિકાસ દરમાં પણ વધારો થશે.

> ભારત સરકાર દ્વારા હાલમાં જ કરાયેલ આ નિયંત્રણોનું ઉદારીકરણ, રોકાણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી લેવાયેલ પગલા તરીકે દર્શાવવામાં આવ્યું છે. આ દૃષ્ટિકોણના આલોચકો માને છે કે નિયંત્રણ દૂર કરવું એ નિયંત્રણના અયોગ્ય અમલનો વિકલ્પ ન બની શકે અને નિયંત્રણવિહીનતાનું પરિણામ, આર્થિક શક્તિના વધુ સંકેન્દ્રીકરણમાં આવશે અને એથી સરકાર સંતુલિત ક્ષેત્રીય વિકાસ, રોજગારમાં વધારો, પ્રાથમિક અને આવશ્યક ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન અને મોજશોખની વસ્તુના ઉદ્યોગોના વિકાસને હતોત્સાહ નીતિના ધ્યેયને પૂરું કરી શકશે નહીં.

### 38.8.4 માળખાગત બંધનોની દલીલો (The Structural Constraints Arguments)

નૈતિક સમસ્યાઓની દલીલને ન સ્વીકારનાર અર્થશાસ્ત્રીઓ પાસે કોઈ એવો વિકલ્પ નથી જેનો તેઓ સર્વસંમતિથી સ્વીકાર કરી શકે, કારણ કે બંધારણગત સમસ્યાના વિકલ્પની ઘણી જુદી જુદી દલીલ છે :

(i) મહદ્ અંશે સ્વીકૃત દૃષ્ટિકોણ એ છે કે જ્યાં સુધી કૃષિનો વિકાસ યોગ્ય રૂપથી નહીં થાય ત્યાં સુધી ભારતના ઔદ્યોગિક વિકાસને સતત ચાલુ રાખી શકાય નહીં. તેથી એવી દલીલ કરવામાં આવે છે કે સમસ્યા કૃષિને કારણે ઉદ્ભવે છે. જો કૃષિમાં વિકાસનો દર ઊંચો આવી જાય તો ઔદ્યોગિક વિકાસનો દર આપોઆપ જ વધી જશે. ભારતની વિશાળ વસ્તીને જોતાં અને એ સત્યને ધ્યાનમાં રાખીને કે ભારત પાસે જરૂરી વિદેશી નાણા ભંડાર હતો જેથી તે અનાજની આયાત કરી શકે, છઠ્ઠા અને સાતમા દસકાની શરૂઆતમાં ખાદ્ય વસ્તુનો પુરવઠો એક મોટી સમસ્યા ન હતી છતાં પણ વધતી જતી વસ્તીની સાથે કૃષિનો વિકાસ ન થવાને લીધે ઔદ્યોગિક વિકાસમાં મુશ્કેલી આવી એવું માનવામાં આવે છે. આ મુશ્કેલી ઘણી રીતે સક્રિય છે. કૃષિનો ધીમો વિકાસ ઉદ્યોગ માટે ઉપલબ્ધ જરૂરી કાચા માલની બચતને ઓછો કરી દે છે અને ઉત્પાદિત માલ માટે ગૃહબજારોને સેકે છે.

(ii) આ દલીલનો એક બીજો પક્ષ એવું સૂચવે છે કે જ્યારે કૃષિ ઉત્પાદન માંગની સાથે સાથે વધતું નથી ત્યારે કૃષિ ઉત્પાદનના મૂલ્યમાં વધારો થાય છે અને જોકે ભોજન ખરખર્ચનો એક જરૂરી ભાગ છે, તેથી લોકો ખાવાની વસ્તુઓ પર વધુ ખર્ચ કરે છે અને અન્ય વસ્તુઓ પર ઓછો. આ રીતે ઉત્પાદિત વસ્તુઓની માંગમાં મુશ્કેલી આવે છે.

(iii) બંધારણગત સમસ્યાનો એક પક્ષ સમ્પત્તિ અને આવકની વહેંચણીમાં વધતી જતી અસમાનતા રૂપે જ સામે આવ્યો છે, કુલ વસ્તીમાં ગરીબોનો હિસ્સો વધી રહ્યો છે, માટે લોકોની ખરીદશક્તિ ઘટી રહી છે.

(iv) એક તદ્દન જુદા પ્રકારની દલીલ કરવામાં આવી છે જેમાં ઔદ્યોગિક વિકાસના પતનને જાહેર રોકાણ અને ખર્ચમાં થયેલ પતન સાથે જોડવામાં આવ્યું છે. પહેલી ત્રણ યોજનાના સમય દરમિયાન ઔદ્યોગિક વિકાસને જાહેર રોકાણ અને ખર્ચથી પ્રોત્સાહન મળ્યું હતું. પરંતુ સાતમા અને આઠમા દશકામાં આમાં ઘટાડો થયો, કારણ કે રાજ્ય, રોકાણ માટે સાધન મેળવવા શહેરી અને ગ્રામીણ ધનિકો પર કર નાખવા તૈયાર ન હતું. તેથી તેને જાહેર રોકાણમાં ઘટાડા માટે મજબૂર થવું પડ્યું. જાહેર રોકાણ માટે ધન પ્રાપ્ત કરવાના પ્રયાસ રૂપે રાજ્ય ખોટ-નાણાં-પ્રબંધ (Deficit Financing)ની મદદ લઈ શકે તેમ હતું, અને લીધે પણ ખરી, પરંતુ તેથી કિંમત (મૂલ્ય)માં વધારો થયો. ફુગાવાને રોકવા માટે ખોટ-નાણાં-પ્રબંધને સીમિત કરવું પડ્યું અને તેથી સરકારની રોકાણની ક્ષમતા પણ મર્યાદિત થઈ ગઈ.

બંધારણગત સમસ્યાની બધી જ દલીલમાં એકસરખી વાત એ છે કે આ બધી જ દલીલ ઔદ્યોગિક વિકાસની મુશ્કેલીને લીધે ઉત્પન્ન થયેલ માને છે. એટલે કે આ મુશ્કેલી ઔદ્યોગિક ઉત્પાદનોની અપર્યાપ્ત માંગના પરિણામસ્વરૂપે ઉત્પન્ન થઈ છે. તેથી જે સમાધાન સૂચવવામાં આવ્યું હતું તે માંગના વધારા સાથે સંબંધિત છે. અને આ માંગ કૃષિક્ષેત્રની આવક વધારીને તેમ જ સરકારી અને સેવાક્ષેત્રની આવક વધારીને ઉત્પન્ન કરી શકાય છે.

ઘણા ઓછા અર્થશાસ્ત્રી એવા છે જે પુરવઠાની સમસ્યાને સાતમા દસકાના મધ્યભાગ પછી ઔદ્યોગિક પતનનું કારણ માને છે. ધનની કમી પણ ન હતી કે કાચા માલનો અભાવ પણ ન હતો. કુશળ અને બિનકુશળ શ્રમજીવીઓનો પણ અભાવ ન હતો. પુરવઠાની બાજુએ એક માત્ર અભાવ વિદેશી નાણાં સાથે સંકળાયેલ હતો. ભારતીય ઉદ્યોગ, મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ટેકનોલૉજીની આયાત વિના વિકસી શકે તેમ ન હતો અને જરૂરી વિદેશી નાણાભંડારનો અભાવ હતો. તેથી ઔદ્યોબિક વિકાસમાં મુશ્કેલી આવી. મોટે ભાગે આનું કારણ અપર્યાપ્ત નિકાસ હતી. તેથી સરકારે એક બાજુ નિકાસને પ્રોત્સાહન આપવાની અને બીજી બાજુ આયાતમાં કમી કરવાની નીતિ અપનાવી. કૃષિક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ સકારાત્મક પરિવર્તનના અભાવમાં ભારતીય ઉદ્યોગ, વિકાસના નીચા દરથી ઘેરાયેલો રહ્યો.

## 38.9 ઉદ્યોગનું માલિકીપણું અને નિયંત્રણ (The Ownership and Control of Industry)

અત્યાર સુધી આપણે ઔદ્યોગિક નીતિ અને ઔદ્યોગિક વિકાસ પર આ નીતિથી પડનાર અસરની ચર્ચા કરી છે. આપણે ઉદ્યોગીકરણને પ્રોત્સાહિત કરવામાં રાજ્યની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પણ ધ્યાન દોર્યું છે. ઔદ્યોગિક નીતિનો એક બીજો મહત્ત્વપૂર્ણ પક્ષ, ઇજારાને રોકવાનો અને લઘુ ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયાસનો છે.

### 38.9.1 શરૂઆતનો ઇજારો (The Early Monopolies)

ભારતના વેપારના ઇતિહાસમાં આ એક મહત્ત્વપૂર્ણ પક્ષ રહ્યો છે કે ઔદ્યોગિક પ્રવૃત્તિના વિકાસમાં શરૂઆતના તબક્કામાં જ કેટલાક ઉત્પાદકો વર્ચસ્વવાળા વ્યાપાર સમૂહો તરીકે બહાર આવ્યા. ટાટા, બિરલા, શ્રીરામ વગેરે ઔદ્યોગિક ગૃહો આ વાતનાં ઉદાહરણ છે. ગૃહબજાર નાનું હોવાના કારણે એમણે ઉત્પાદન ક્ષેત્રમાં એવું મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું કે બીજા ઉત્પાદકો માટે ખાસ શક્યતા ન રહી. પરિણામે, જે ઉત્પાદનના ક્ષેત્રના અગ્રણી હતા, તે જ લગભગ ઇજારાવાળા થઈ ગયા. બીજા વિશ્વયુદ્ધ સુધી સ્ટીલ ઉદ્યોગમાં ટાટા પરિવારે જે હેસિયત પ્રાપ્ત કરી તે આ વાતની સાક્ષી પૂરે છે. બીજું એક કારણ, જેણે 'ઇજારાનો અપરિપક્વ વિકાસ' ના નામે ઓળખાતી પરિસ્થિતિમાં લાવવાનો ફાળો આપ્યો, તે મૅનેજિંગ એજન્સી હતી જેને બ્રિટિશ અને ભારતીય બન્ને વેપારીઓએ વિકસાવી હતી. આ મૅનેજિંગ એજન્સીના કારણે એક વ્યાપાર સમૂહ એક ફર્મના સંચાલન પર પ્રભાવશાળી નિયંત્રણ રાખી શકતું હતું. આ ફર્મના મોટા ભાગના શૅર આ ફર્મ પાસે ન હોય તો પણ તેનું નિયંત્રણ ચાલુ રહી શકતું હતું. આ બધાં કારણોને લીધે સ્વતંત્રતા સમયે પારસી, મારવાડી, પંજાબી અને કંઈક અંશે એહ્વિયાર વ્યાપારી ગૃહો જે મુંબઈ, બંગાળ અને મદ્રાસમાં સક્રિય હતા તે ઔદ્યોગિક ક્ષેત્ર પર છવાઈ ગયા. ઔદ્યોગિક ફલકના બીજા છેડે કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ તથા લઘુ ઉદ્યોગ હતા, જેનો સરકાર પર પણ પ્રભાવ ન હતો અને બજાર પર પણ નિયંત્રણ ન હતું.

### 38.9.2 ઇજારા પર નિયંત્રણનો પ્રયાસ (Attempts to Control Monopoly)

આ કારણોને લીધે ઉદ્યોગ (વિકાસ અને નિયમન) ઍક્ટ 1951નું એક ધ્યેય આ પરિસ્થિતિને બદલવા અને મોટાં વ્યાપારી ગૃહો પર નિયંત્રણ મૂકવા અને તેને નિયમિત કરવાનું હતું. એક વસ્તુના ઉત્પાદન માટે, જો તેને મોટા ઔદ્યોગિક પ્રતિષ્ઠાનમાં તૈયાર કરવાનું હોય તો, ઔદ્યોગિક લાઈસન્સ પ્રાપ્ત કરવાની પ્રક્રિયાને એક નિયંત્રણકારી પગલાં તરીકે જોવામાં આવ્યું. લાઈસન્સની પદ્ધતિ એક એવી રીત છે જેનાથી ઉદ્યોગોનું સ્થાન, માલિકીપણું, ટેકનોલૉજી અને ઉત્પાદનને નિયમિત કરી શકાય છે.

પરંતુ વ્યવહારમાં સરકાર હંમેશાં આમ કરી શકતી નથી. આ સત્ય 'ઔદ્યોગિક લાઈસન્સ નીતિ તપાસ સમિતિ'ના અહેવાલમાંથી સ્પષ્ટ રીતે ફલિત થયું. આ અહેવાલ અનુસાર બિરલા જેવાં મોટાં ઔદ્યોગિક ગૃહોએ લાઈસન્સ પદ્ધતિમાં ઉપયોગ પોતાના હિતમાં કર્યો અને મોટા ભાગનાં લાઈસન્સ મેળવીને ઉદ્યોગો પર પોતાનું ઇજારાપૂર્વકનું નિયંત્રણ વધારી દીધું.

### 38.9.3 વિદેશી મૂડી પર નિયંત્રણનો પ્રયાસ (Attempts to Restrict Foreign Capital)

માલિકીપણાનો એક બીજો પક્ષ, જેના પર સરકાર નિયંત્રણ મૂકવા ઇચ્છતી હતી, તે વિદેશી મૂડીની ભાગીદારીનો હતો. સરકારે વિદેશી વ્યાપાર ગૃહો અને બહુ રાષ્ટ્રીય નિગમો(Multinational Corporations)ને નિયંત્રિત કરવાનો પ્રયત્ન કર્યો :

(1) ભારતીય કંપનીઓમાં વિદેશી કંપનીઓની મૂડીની એક ચોક્કસ સીમા નક્કી કરી.

(2) વિદેશી કંપનીઓની સહાયક કંપનીઓની પ્રવૃત્તિને નિયમિત કરી.

(3) આ નિયંત્રણકારી ઉપાયો ઉપરાંત વિદેશી વેપાર ગૃહો ભારતીય અર્થવ્યવસ્થામાં પોતાનું સ્થાન જાળવી રાખવામાં સફળ થયાં અને હાલનાં જ વર્ષોમાં વિદેશી ટેકનોલૉજીની આયાતના માધ્યમથી તેઓ આ સ્થાનમાં વધારો કરવામાં પણ સફળ થયાં. ટેકનોલૉજી પ્રાપ્ત કરવા માટે ભારતીય કંપનીઓને વિદેશી સહયોગની મદદ લેવી પડી, તેથી તેમને ભારતીય વ્યાપારમાં વિદેશી ભાગીદારીને મંજૂર કરવા માટે પણ મજબૂર થવું પડ્યું. કેટલાક વિદેશી વ્યાપાર સમૂહો ટેકનોલૉજી સહયો-ગસમજૂતીના માધ્યમથી આવ્યા અને એ ઉપરાંત કેટલાંક વિદેશી સમૂહો તો સ્વતંત્રતા પછી પણ ભારતમાં જ રહ્યાં. ફલસ્વરૂપ આ સત્ય હોવા છતાં રાજ્યે ભારતીય વ્યાપાર સમૂહોના વિકાસનું સમર્થન કર્યું અને સહયોગ આપ્યો. વિદેશી મૂડી મહત્ત્વપૂર્ણ બની રહી.

### 38.9.4 લઘુ ઉદ્યોગોનો વિકાસ (Development of Small Scale Enterprise)

અગાઉ જણાવ્યા અનુસાર, ભારતની ઉદ્યોગનીતિનું એક ધ્યેય લઘુ ઉદ્યોગોનો વિકાસ કરવાનું પણ હતું. આ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે લઘુ ઉદ્યોગોના સંરક્ષણ અને નવા ઉદ્યોગ સમૂહોને પ્રોત્સાહિત કરવા માટે સરકારે કેટલાક નિયમ અને કાયદા બનાવ્યા. જોકે આ પ્રકારના સમૂહોનો વિકાસ દેશનાં કેટલાંક વિશેષ ક્ષેત્રો સુધી જ મર્યાદિત રહ્યો છે. છતાં પણ આ પ્રવૃત્તિ કોઈ પણ રીતે ઓછી મહત્ત્વની નથી.

પંજાબ અને હરિયાણા, તટવર્તી આંધ્ર પ્રદેશ કે પશ્ચિમ મહારાષ્ટ્ર જેવાં રાજ્યોમાં હરિયાળી ક્રાંતિએ મોટી સંખ્યામાં લઘુ ઉદ્યોગ પ્રતિષ્ઠાનોને વિકસાવવામાં મદદ કરી. આ રીતે, મુંબઈ, દિલ્હી અને મદ્રાસ જેવા મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રોની આસપાસ નવાં ઉપનગરો વિકસી રહ્યાં છે જેમાં ભારતીય અને બિનનિવાસી ભારતીય ઉદ્યોગકારોની ઝડપી પ્રગતિ નજરે પડે છે. એમાંથી મોટા ભાગના ઉદ્યોગપતિઓ, સરકાર (કેન્દ્ર અને રાજ્ય બન્નેની સરકારો) પાસેથી નાણાકીય અને મૂળભૂત બંધારણગત મદદ મેળવીને વિકસે છે. નિઃસંદેહ આ એક એવું ક્ષેત્ર છે જેમાં ભારતીય ઉદ્યોગનીતિ સફળ રહી છે. નવા નવા લોકો ઉત્પાદનપ્રવૃત્તિમાં જોડાઈ રહ્યા છે. રાજ્યના નિયામક અને સહયોગાત્મક વલણને લીધે આ શક્ય બન્યું છે. છતાં પણ, ઔદ્યોગિક વિકાસના આ દૃષ્ટિકોણથી આ પ્રવૃત્તિને અને તેના મહત્ત્વને આપણે વધારીને ન જોવું જોઈએ. કારણ કે લઘુ ઉદ્યોગ એકમો મોટે ભાગે 'બીમાર' થઈ જાય છે અને મોટાં પ્રતિષ્ઠાનોની હરીફાઈનો સામનો ન કરી શકવાથી બંધ થઈ જાય છે. આ પ્રકારનાં એકમોની સ્થપાતી સંખ્યાની સરખામણીમાં આ એકમો દ્વારા કરવામાં આવેલ વાસ્તવિક ઉત્પાદન એટલું મહત્ત્વનું નથી.

હાલનાં વર્ષોમાં બિનનિવાસી ભારતીયો, ફાજલ ઉત્પાદન કરનાર ખેડૂતો, કૉન્ટ્રેક્ટરો, ટેકનોલૉજી જાણનાર, વગેરેનો નવો ઉદ્યોગ સમૂહ વિકસ્યો છે. તે ઉપભોક્તા સામગ્રીવાળા ઉદ્યોગોમાં પણ પેસારો કરી રહ્યાં છે અને વિદેશી સહયોગ મેળવવાની દિશામાં સક્રિય છે. આ પ્રવૃત્તિ ભારતીય ઉદ્યોગના વિકાસમાં એક પગલાની સૂચક છે, પરંતુ વિકાસ પર તેની દીર્ઘકાલીન અસરનું અત્યારથી મૂલ્યાંકન કરવું અપરિપક્વ બની રહેશે. એ વાત સ્પષ્ટ છે કે હાલમાં જે પરિવર્તન લાવવામાં આવ્યું છે તે બધું જ લગભગ ભારતીય અર્થવ્યવસ્થાના ઉપભોક્તા સામગ્રીવાળા ક્ષેત્ર પર આધારિત વિકાસને વધારવાના ઉદ્દેશથી પ્રેરાયેલ છે.

## 38.10 ઉદ્યોગ અને આયોજન : એક મૂલ્યાંકન (Industry and Planning : An Assessment)

આ સંક્ષિપ્ત નિરીક્ષણથી એ સ્પષ્ટ થાય છે કે ભારતીય ઉદ્યોગ અને વ્યાપારી ઉદ્યોગોએ ગઈ સદીથી શરૂ કરી અત્યાર સુધી એક મોટી સફર કરી છે. ભારતીય ઉદ્યોગ ક્ષેત્ર, પહેલાં શણ અને ખાંડ જેવાં કૃષિ આધારિત ઉત્પાદનો સુધી જ મર્યાદિત હતું. પરંતુ હવે તેનો વિસ્તાર ખૂબ જ આધુનિક વસ્તુઓ સુધી ફેલાયેલો છે. નિઃસંદેહ ભારત આજે એક ઔદ્યોગિક રાષ્ટ્ર છે અને વસાહત ઉપરાંત ત્રીજી દુનિયાના દેશોમાંથી ભારત એક વિશાળ ઔદ્યોગિક દેશ છે. આ ઉપરાંત સંતુલિત ક્ષેત્રીય વિકાસ, આર્થિક શક્તિના સંકેન્દ્રીકરણમાં ઊણપ અને આત્મ-નિર્ભરતા (વિદેશી મૂડી અને ટેકનોલૉજી પર આધારિત ન રહેવાના અર્થમાં) જેવા ઉદ્યોગ-નીતિ સંબંધી આયોજનના કેટલાક ઉદ્દેશ હજી પણ પ્રાપ્ત થઈ શક્યા નથી.

આ ઉપરાંત કૃષિ સમાજનું આમૂલ પરિવર્તન કરવામાં અસફળતા અને પરિણામે ઉત્પન્ન થયેલ કૃષિ સંબંધી આવક અને ફાજલની ધીમી ગતિએ ઉદ્યોગો પર માંગ સંબંધી મુશ્કેલી ઉત્પન્ન કરી છે. છઠ્ઠા દાયકામાં અને સાતમા દાયકાની શરૂઆતમાં જાહેર ક્ષેત્રની સ્થાપના અને ઉદ્યોગ માટે મૂળભૂત સંરચનાના નિર્માણમાં કરાયેલ જાહેર રોકાણ અને ખર્ચે ઔદ્યોગિક ઉત્પાદનના વિકાસના ઊંચા દરને બનાવી રાખવામાં મદદ કરી પરંતુ પાછળથી જાહેર રોકાણ ઓછું થતું જતું હોવાથી ઔદ્યોગિક ઉત્પાદનમાં મંદી આવી છે.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. સાચા ઉત્તર સામે ( ✓ ) ની નિશાની કરો.

   સ્વતંત્રતાપ્રાપ્તિ પછીનાં 15 વર્ષોના ઝડપી ઔદ્યોગિક વિકાસ પછી,

   (i) ભારતીય અર્થવ્યવસ્થા વસાહતકાલીન પોતાની સ્થિતિઓમાં પાછી જતી રહી.

   (ii) ભારતીય અર્થવ્યવસ્થાએ અપેક્ષા પ્રમાણે ઝડપી વિકાસ તરફ મોટી છલાંગ મારી.

   (iii) ભારતીય અર્થવ્યવસ્થામાં અવરોધ ઉત્પન્ન થયો અને નાનું પતન થયું.

   (iv) બંને (i) અને (ii).

2. સાચા ઉત્તર સામે (✓) ની નિશાની કરો.

   વિકાસમાં ભારતની ધીમી ગતિ વિશે બંધારણગત સમસ્યાઓની દલીલ હતી કે,

   (i) ભારતીય અર્થવ્યવસ્થા વધારે પડતી નિયંત્રિત છે અને તેમાં બજારની શક્તિઓને સંપૂર્ણ રીતે સક્રિય થવાની તક મળતી નથી.

   (ii) ભારતીય અર્થવ્યવસ્થાનો વિકાસ ત્યાં સુધી શક્ય નથી જ્યાં સુધી એમાં માલનો પુરવઠો વધારવામાં ના આવે.

   (iii) ભારતીય અર્થવ્યવસ્થાનો વિકાસ ત્યાં સુધી શક્ય નથી જ્યાં સુધી ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદનોની માંગ ન વધે.

   (iv) ઉપરનામાંથી એક પણ નહિ.

3. ભારતીય ઉદ્યોગ નીતિના સંદર્ભમાં આયોજનનું ધ્યેય ક્યાં સુધી પૂરું થયું છે ? દસ લીટીમાં ઉત્તર આપો.

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

## 38.11 સારાંશ

આ એકમના અભ્યાસથી તમે જાણ્યું કે,

- વસાહતી શાસન દરમિયાન ઔદ્યોગીકરણ, રાષ્ટ્રીય વિકાસ પર માત્ર સીમાન્ત અસર જ પાડી શક્યું.
- અર્થવ્યવસ્થાનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં થયેલ અસમાન વિકાસને કારણે તથા વિકાસના ક્ષેત્રીય અસમતુલનને કારણે દેશનો મોટો ભાગ પછાત રહી ગયો હતો. તેથી ભારતીય ઉદ્યોગપતિઓ અને રાષ્ટ્રવાદીઓએ આયોજિત આર્થિક વિકાસ વિશે વિચારવું શરૂ કર્યું.
- વિદેશી વસ્તુઓના પ્રવાહને રોકવા માટે અને શિશુ ભારતીય ઉદ્યોગને રક્ષવા માટે આયોજનકારોએ ભારતીય ઉત્પાદનને સંરક્ષણ આપવા, ગૃહઉત્પાદનને પ્રોત્સાહન આપવા જેથી તે વિદેશી વસ્તુઓનું સ્થાન લઈ શકે (આયાત અવેજી) અને ભારતીય ઉત્પાદિત વસ્તુઓ માટે બજાર તૈયાર કરવાની યુદ્ધ નીતિ અપનાવી.
- સ્વાતંત્ર્યોત્તર સમયમાં ભારતીય આયોજને ઉદ્યોગોના નિયંત્રણ અને આયોજન ઉપર ભાર મૂક્યો જેથી ભારે અને મૂળ ઉદ્યોગોને ઉત્તેજન મળી શકે અને જેથી ખાનગી ક્ષેત્રના ઉત્પાદનને મૂળભૂત માળખું મળી શકે. યોજનામાં માલિકીપણા પર પ્રતિબંધ અને નિયંત્રણ, અને લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન જેવાં તત્ત્વોનો સમાવેશ કરવામાં આવ્યો.
- ઝડપી વિકાસના પ્રારંભિક તબક્કા પછી ભારતીય અર્થવ્યવસ્થાએ વિકાસની ગતિમાં મંદીનો સામનો કરવો પડ્યો.
- મૂળ રૂપે વિકાસમાં આવેલ પતન માટે બે મુખ્ય દૃષ્ટિકોણ અપનાવાય છે. એક દૃષ્ટિકોણ અનુસાર આ પતન સરકારી નિયંત્રણને કારણે બજારની શક્તિઓની સ્વતંત્ર પ્રવૃત્તિમાં આવેલ મુશ્કેલીને કારણે થયું છે. જ્યારે બીજા દૃષ્ટિકોણ મુજબ, ઔદ્યોગિક પતનનું કારણ, માંગ પક્ષને લીધે અર્થવ્યવસ્થાની બંધારણગત મુશ્કેલીને માને છે. આ સમસ્યા ઉત્પાદિત માલ માટે જરૂરી ગૃહબજાર ન મળવાની છે.

## 38.12 ચાવીરૂપ શબ્દો (Key Words)

**શુલ્ક સંરક્ષણ (Tarrif Protection) :** ગૃહઉત્પાદન કરનાર કોઈ પણ ઉત્પાદનકર્તાને કોઈ બહારના (વિદેશી) ઉત્પાદનકર્તા સામે હરીફાઇમાં ઊભા રહેવા સમર્થ બનાવવા માટે આયાત શુલ્ક કે લેવી લગાડીને સંરક્ષણ આપવું. એથી દેશમાં ઉત્પન્ન થયેલ માલની તુલનામાં આયાતી માલ મોંઘો બની જાય છે. દાખલા તરીકે 1985 સુધી ભારત ઇલેક્ટ્રોનિક સામાન પર ભારે શુલ્ક લગાડતું હતું અને એ રીતે ભારતીય ઉદ્યોગને પ્રોત્સાહન આપતું હતું.

**મૂળભૂત માળખાગત સુવિધાઓ (Infra-structural facilities) :** એક ઔદ્યોગિક તંત્ર નિર્માણ કરવા માટેની મૂળભૂત સગવડો, એમાં મૂળભૂત મશીનરી, શક્તિ, સાધનો વગેરેનો સમાવેશ થાય છે.

**રાજ્યાશ્રિત (State Sponsored) :** બધી રીતે રાજ્યની સહાયતા પ્રાપ્ત કરેલ.

**ગૃહબજાર (Home Market) :** દેશમાં ઉત્પાદન પામેલ સામગ્રી માટે અંદર જ ઉપલબ્ધ બજાર.

**ઉત્પાદન (Output) :** ઔદ્યોગિક અને કૃષિ ઉદ્યોગોમાં તૈયાર કરાયેલ અંતિમ ઉત્પાદન.

**ઇજારો (Monopoly) :** અનેક ઉદ્યોગો પર એક જ વ્યક્તિ કે ઉદ્યોગ સમૂહનો અધિકાર.

**ઉદ્યોગોની નિયંત્રિત મુક્તિ (Deregulation of industry) :** ઉદ્યોગો પર સરકારનું નિયંત્રણ કે નિયમન લાગુ ન પડવું.

**મૂડીરોકાણ (Investment) :** કોઈ પણ ઉદ્યોગમાં તેની ઉત્પાદકતા વધારવા માટે નાણાં, મૂડી કે શ્રમ લગાડવાને રોકાણ કહેવામાં આવે છે.

**પુરવઠો (Supply) :** બજારમાં ઉપલબ્ધ સામગ્રી અને સેવાઓ.

**બહુરાષ્ટ્રીય કંપનીઓ (Multinational corporations) :** એવું નિગમ જેનું વ્યાપારી હિત પોતાના દેશની સીમાઓ બહાર બીજા દેશો સુધી ફેલાયેલું છે.

**ઉપનગર (Satellite towns) :** પહેલેથી જ સ્થપાયેલ વિશાળ ઔદ્યોગિક નગરોની આજુબાજુ વિકાસ પામેલ શહેર. ઉદાહરણ તરીકે, નવી દિલ્હી પાસેનું ફરીદાબાદ. આવાં શહેર મુખ્ય ઔદ્યોગિક શહેરોને સેવાઓ તથા અન્ય ઔદ્યોગિક સગવડો મેળવી આપે છે.

**માંગ (Demand) :** બજારમાં જરૂરિયાત (want) નું પ્રમાણ. એટલે કે કોઈ નિશ્ચિત વસ્તુઓની બજારમાં જરૂરિયાતનું પ્રમાણ.

**ચક્રવૃદ્ધિ વૃદ્ધિ દર (Compound rate of growth) :** વૃદ્ધિને માપવા માટેની આંકડાશાસ્ત્રીય પદ્ધતિ.

**વેતન-વસ્તુઓ (Wage goods) :** વેતન કામદારો દ્વારા વેતનમાંથી ખરીદાતી વસ્તુઓ. આમાં બધી જ વસ્તુઓ (consumer goods) હોય તેવું નથી. વાસ્તવિક વેતનને અનુરૂપ ખરીદાતી પ્રાથમિક જરૂરિયાતોની વસ્તુઓ તથા પ્રણાલિકાગત મોજશોખની વસ્તુઓનો પણ તેમાં સમાવેશ થાય છે.

**ખાધપુરવણી (Deficit financing) :** જ્યારે અંદાજપત્રમાંથી આવક કરતાં ખર્ચ વધુ હોય ત્યારે તેને પહોંચી વળવા સરકાર દ્વારા અપનાવાયેલી વ્યૂહરચના.

## 38.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1). iii (2) i (3) જુઓ ભાગ 38.2.1
તમારા ઉત્તરમાં (i) વસાહતી શાસન દ્વારા ઉત્પન્ન કરાયેલ મુશ્કેલીઓ (ii) ગૃહબજારના વિકાસના અભાવનો સમાવેશ થવો જોઈએ.

### તમારી પ્રગિત ચકાસો (ખ)

(1) (ii) (2) (i)

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

(1) (iii) (2) (iii)

# એકમ 39 આયોજન અને ભારતમાં જમીનસુધારણા (Planning and Land Reforms in India)

**રૂપરેખા**


39.0 ઉદ્દેશો
39.1 પ્રસ્તાવના
39.2 કૃષિનીતિ અને સ્વતંત્રતા આંદોલન
39.3 સ્વતંત્રતા પહેલાંની જમીનવ્યવસ્થા
39.4 જમીનસુધારણાનું આયોજન
  39.4.1 મધ્યસ્થીઓની નાબૂદી
  39.4.2 જમીનમાલિકીની ટોચમર્યાદા
  39.4.3 અન્ય ઉપાયો
39.5 જમીનસુધારણાનું સામાજિક પરિણામ
39.6 સારાંશ
39.7 ચાવીરૂપ શબ્દો
39.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 39.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પરથી તમે –

- ભારતીય કૃષિ પ્રત્યે અંગ્રેજોની નીતિની જાણકારી મેળવી શકશો.
- સ્વતંત્રતા સમયે ભારતના જુદા જુદા વિભાગોમાં પ્રવર્તિત જમીનવ્યવસ્થાથી પરિચિત થશો.
- 1947 પછી ભારત સરકાર દ્વારા કૃષિવિકાસ માટે અપનાવાયેલ જુદા જુદા ઉપાયોની જાણકારી મેળવી શકશો.
- ગ્રામીણ સમાજ પર આ ઉપાયોથી પડનાર અસર અંગે સ્પષ્ટતા મેળવી શકશો.

## 39.1 પ્રસ્તાવના

આ એકમમાં આપણે એ સમજવાનો પ્રયત્ન કરીશું કે આપણા દેશમાં સ્વતંત્રતા પછી શરૂ થયેલ આયોજન પ્રક્રિયાને ગ્રામીણ સમાજમાં આર્થિક અને સામાજિક પરિવર્તન માટે કેવી રીતે ઉપોગમાં લેવાઈ. આ દિશામાં લેવાયેલ પગલાં મુખ્યત્વે જમીનસુધારણા, જેવાં કે વચેટિયાની (મધ્યસ્થીઓની) નાબૂદી તથા ખેતમજૂરોને જમીનની સુરક્ષા વગેરે સાથે સંકળાયેલ છે. સાથે સાથે કૃષિવિકાસ માટે વ્યવસ્થામાં સુધારો કરાયો. આ પ્રક્રિયામાં વહીવટી તેમ જ જમીન સંબંધી પુનર્વ્યવસ્થા પણ કરવામાં આવી. જમીનસુધારણાને બે સ્તર પર જોઈ શકાય :

- જમીનના માલિકીપણાના માળખામાં સંસ્થાગત પરિવર્તન તથા સામાજિક તેમ જ આર્થિક વિકાસમાં તેની ઉત્પાદન સંબંધી ઉપયોગિતા.
- કૃષિ અર્થવ્યવસ્થાની વહીવટી તેમ જ ટેકનિકલ પ્રક્રિયામાં થયેલ પરિવર્તન જેનાથી ખેડૂતો તેમ જ ખેતમજૂરોના સામાજિક કલ્યાણ માટે જમીનસુધારણા દ્વારા કરવામાં આવેલ સંસ્થાગત ઉપાયોનો પૂરેપૂરો લાભ પ્રાપ્ત થઈ શકે.

બન્ને ઉપાય પરસ્પર સંકળાયેલા હતા. પરંતુ સંસ્થાગત પક્ષને આ પ્રક્રિયામાં પ્રાથમિકતા મળી. તે સ્વતંત્રતા આંદોલન દરમિયાન ઉદ્‌ભવેલ ઐતિહાસિક શક્તિઓની ઊપજ હતી. કેટલાક દસકાઓ સુધી ચાલનાર આંદોલને ભારતમાં એક કૃષિ નીતિ તથા ગ્રામીણ ક્ષેત્રના સામાજિક તેમ જ આર્થિક વિકાસની નીતિ વિકસાવવાના માર્ગનો પ્રસ્તાવ મૂક્યો. આ નીતિને તૈયાર કરવામાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે એક રાજકીય પક્ષ તથા રાષ્ટ્રીય આંદોલન એમ બંને હેસિયતથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

## 39.2 કૃષિ નીતિ તથા સ્વતંત્રતા આંદોલન (Agrarian Policy and Freedom Movement)

ભારતમાં અંગ્રેજી શાસને, જેને સમાપ્ત કરવા માટે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે સ્વતંત્રતા આંદોલન ચલાવ્યું, ભારતીય અર્થવ્યવસ્થા અંતર્ગત કૃષિ તેમ જ ઉદ્યોગ બંને ક્ષેત્રોમાં ગંભીર અવરોધો ઊભા કર્યા. અંગ્રેજોની નીતિઓને કારણે ભારતમાં ઉદ્યોગોનો નાશ થવા લાગ્યો. આ જ નીતિઓને કારણે જમીનસંબંધી વિશેષ અધિકાર આપવાનો દોર ચાલુ થયો, જે મૂળભૂત રીતે શોષણકારક તેમ જ બિનઉત્પાદક પ્રક્રિયા હતી. નિસ્સંદેહ,

ભારતીય કૃષિ બંધારણના સુવ્યવસ્થિત અભ્યાસમાં અંગ્રેજોની ભૂમિકા મહત્વપૂર્ણ હતી, પરંતુ આ અભ્યાસનો મૂળ ઉદ્દેશ તો સૌથી વધુ માત્રામાં મહેસૂલ અને કર વસૂલ કરવાનો હતો. ઉદાહરણ રૂપે, બેડેન પોવેલે (Baden Powell) તેમના પુસ્તક, 'ધ લેન્ડ સીસ્ટમ ઑફ બ્રિટિશ ઇન્ડિયા' (1892)માં ભારતમાં જમીનવ્યવસ્થા, ગ્રામીણ સમૂહોનો ઉદ્ભવ તેમ જ વિકાસ, તથા તેમની પ્રાદેશિક વિભિન્નતાઓનું વિસ્તૃત વર્ણન કર્યું છે. તથા હેન્રી એસ. મેનએ (Henry S. Maine) પોતાના પુસ્તક 'ધ વિલેજ કોમ્યુનીટીઝ ઇન ઈસ્ટ એન્ડ વેસ્ટ' (1876)માં ગ્રામીણ સામાજિક રચના, જમીનના સંબંધો અને ભૂમિહક્કનો ભારતીય તેમ જ બ્રિટનની પૃષ્ઠભૂમિમાં તુલનાત્મક અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. પરંતુ વિશ્લેષણ તથા ઐતિહાસિક તુલનાત્મક અભ્યાસના પ્રયાસો પાછળ પરિવર્તન કે સુધારણાનો ઉદ્દેશ ન હતો. એટલું જ નહીં, 1928માં રચાયેલ કૃષિ પરના રૉયલ કમિશનના અહેવાલ, કે જે ''ગ્રામીણ જનતાના કલ્યાણ તેમ જ વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી કૃષિમાં સુધારણાની ભલામણ'' તરફ દોરતી હતી તેણે પોતાનો વ્યાપ સીમિત રાખ્યો. એનું કારણ એટલું કે કમિશનને એવો આદેશ હતો કે તે વર્તમાન જમીનમાલિકીપણું તથા ગણોતપદ્ધતિ (tenancy) અથવા મહેસૂલ તથા સિંચાઈના દર નક્કી કરવા માટેના સંદર્ભે કોઈ પણ ભલામણ ન કરે. વસાહતી સરકારની મહેસૂલને નુકસાન પહોંચાડીને ગ્રામીણ જનતાના કલ્યાણ માટેનો પ્રયાસ ન કરી શકાય. જમીનવ્યવસ્થાની અંગ્રેજી નીતિનો પ્રત્યક્ષ ધ્યેય સૌથી વધુ મહેસૂલ ભેગી કરવાનો હતો. જે જમીનમાલિકોના (અને ખાસ કરીને ખેતમજૂરોના) પરંપરાગત તથા માન્ય અધિકારોનું ઉલ્લંઘન કરીને પાર પાડવામાં આવતો હતો. આ નીતિ જમીન પર જુદા જુદા સ્તરના અધિકારીઓ સાથે જમીનમાલિકોની નવી શ્રેણીઓનું કૃત્રિમ સર્જન કરતી હતી. એનું એક માત્ર ધ્યેય વધારેમાં વધારે મહેસૂલ ભેગું કરવાનું હતું. આ પ્રક્રિયાનું વિસ્તૃત વર્ણન સ્વતંત્રતા પછી તરત જ ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા પ્રકાશિત 'જમીનદારી નાબૂદી સમિતિ' ના અહેવાલ (1948) માંથી મળે છે. એમાં અંગ્રેજી જમીનવ્યવસ્થાનું આંકડાકીય અને ઐતિહાસિક મૂલ્યાંકન કરવામાં આવ્યું છે અને જમીનવ્યવસ્થા સંબંધી કેટલાક આંકડા પણ પ્રસ્તુત કરવામાં આવ્યા છે. આ અહેવાલમાં એ વાતનો ઉલ્લેખ થયો છે કે કેવી રીતે અંગ્રેજોએ એક વર્ગને જમીનના અધિકારો આપીને ખેડૂત અને સરકાર વચ્ચે વચેટિયાના રૂપમાં ઊભો કર્યો હતો.

મહેસૂલ વસૂલ કરવાની સુવિધાને ધ્યાનમાં રાખીને તેને જમીનદાર કહેવામાં આવતા. જમીનદારી વ્યવસ્થાને જુદાં જુદાં ક્ષેત્રોમાં જુદા જુદા નામથી કાયદાકીય માન્યતા આપવામાં આવી. આ કાયદાકીય માન્યતા અંગ્રેજોની નાણાકીય અને વહીવટી સુવિધા ખાતર આપવામાં આવી. આ તારણ એરિક સ્ટોક્સ (Eric Stokes)ના અભ્યાસમાંથી સ્પષ્ટરૂપે બહાર આવે છે. એમણે ડી.ટી. રોબર્ટસના શબ્દો ટાંક્યા છે કે, 'કોઈ વ્યક્તિ જમીનદાર છે કે નક્કી કરેલા ભાડા મુજબનો ગણોતિયો છે કે ભોગવટો ધરાવતો ગણોતિયો (occupancy tenant) તે બધું જ શુદ્ધ સ્વરૂપે ટેકનિકલ અને કાયદાકીય બાબત છે. મૂળ વાત તો એ છે કે તે જમીન વાજબી કે ગેરવાજબી ભાવે તેની પાસે ખેડાવે છે કે નહીં અને તે પૂરતી છે કે નહીં.'

જુદા જુદા પ્રાંતોમાં જુદા જુદા નામથી જમીનદારી અધિકારોની સ્થાપનાથી એક એવા વર્ગનો ઉદય થયો જેનો જમીન પર અધિકાર હતો અને તે અંગ્રેજ સરકારને મહેસૂલ આપતો હતો. તે મનફાવે તેમ અને અનિયમિત રીતે કર વસૂલ કરતો હતો અને ખેડૂતો અને ખેતમજૂરોનું શોષણ કરતો હતો. દેશના મોટા ભાગમાં આ વર્ગ અને તેના આર્થિક અને સામાજિક શોષણ વિરુદ્ધ ખેતઆંદોલનો થયાં. (એકમ 7 અને 28માં તમે એનો અભ્યાસ કર્યો છે) સ્વભાવથી જ રાજનૈતિક હોવા છતાં પણ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ આ પરોપજીવી સંસ્થાઓની (parasitical institutions) નાબૂદી અને સુધારણા માટે કૃતનિશ્ચયી હતી. આ પ્રેરણા પાછળ ગાંધીવાદી વિચારસરણીની અસર હતી :

- ભારતમાં આયોજન અને અર્થતંત્રમાં વહીવટનું કેન્દ્ર ગામડું હોવું જોઈએ.
- પંચાયત અને સ્થાનિક સ્વરાજ્યના માધ્યમથી તેને સ્વશાસનનો અધિકાર મળવો જોઈએ.
- જમીન ખેડનારાઓનો જમીન પર અધિકાર હોવો જોઈએ.
- જમીન સાથે જોડાયેલ બધા જ પ્રકારના પરોપજીવીઓ (rentier) અને જમીન દ્વારા ઉદ્ભવતા શોષણજન્ય સંબંધો સમાપ્ત થવા જોઈએ.

ગાંધીજીએ ગ્રામીણ-શહેરી આર્થિક સંબંધોના આવા પરંપરાગત સહયોગ અને સહઅસ્તિત્વની વકીલાત કરી, જેમાં એકબીજા પર સંપૂર્ણ તથા આધારિત ન હોય અને શોષણને અવકાશ ન હોય. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે કેટલાક સુધારા પછી આ નીતિને અપનાવી લીધી. કૉંગ્રેસના ઔપચારિક પ્રસ્તાવો અને અહેવાલ પરથી આ સ્પષ્ટ થાય છે. (ઉદાહરણ માટે એકમ 30માં ફૈઝપુર કૃષિ કાર્યક્રમ જુઓ).

સ્વતંત્રતા પછી તરત જ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના અધ્યક્ષે 1949માં કૃષિ સુધારણા સમિતિની રચના કરી જેથી ભારતમાં જમીન સુધારણાની વ્યાપક નીતિ બનાવી શકાય. એમાં જમીનદારી, તાલુકાદારી અને જાગીરદારી વગેરે વચેટિયાઓના અધિકારોને સમાપ્ત કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ સમિતિએ સહકારી સંગઠનોના માધ્યમથી ખેતી કરવા પર ભાર મૂક્યો. એણે ખેડૂતોની જમીન માલિકી અંગેની ઓછામાં ઓછી અને વધુમાં વધુ જમીનની મર્યાદા નક્કી કરી જેથી કૃષિવિકાસ અને ગ્રામીણ સમૃદ્ધિ ઝડપથી થઈ શકે. એને માટે ગામડાઓમાં વહીવટી અને વિકાસાત્મક સંસ્થાઓની સ્થાપનાને પણ ધ્યાનમાં રાખવામાં આવી હતી. આ સમિતિએ સહકારી સમિતિ દ્વારા આવા ગામની ખેતી સામૂહિક રૂપથી (village communities) કરવાનો પ્રસ્તાવ મૂક્યો. આ પ્રસ્તાવ પર આખા દેશમાં ખૂબ ચર્ચાઓ, દલીલો થઈ. આ દલીલમાં કૉંગ્રેસ પાર્ટીમાં જ બે પ્રકારના વિચારો સામે આવ્યા. એક વર્ગ સહકારી ખેતી તથા બીજો વ્યક્તિગત ખેડૂત કુટુંબો દ્વારા ખેતી

પર ભાર મૂકતો હતો. આ વિવાદમાં સ્પષ્ટ રૂપે ભારતમાં બે વિરોધી દૃષ્ટિકોણ સામે આવ્યા.

- પહેલો દૃષ્ટિકોણ સામૂહિક દર્શન (communitarion philosophy) પર આધારિત છે જેની દલીલ એવી છે કે જમીન એ વ્યક્તિગત સમ્પત્તિ નથી પણ સામૂહિક સમ્પત્તિ છે.

- બીજો દૃષ્ટિકોણ મૂડીવાદી છે જેના મત અનુસાર જમીન વ્યક્તિગત કે કૌટુંબિક સમ્પતિ છે.

ભારતની જમીન સુધારણામાં વ્યક્તિગત કે કૌટુંબિક અધિકારના મતને પ્રાધાન્ય મળ્યું. જોકે જમીનસુધારણાની નીતિઓમાં સામૂહિક દર્શનને સમાવવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો. ગાંધીજીના શિષ્ય આચાર્ય વિનોબા ભાવેએ સામૂહિક અધિકારના સવાલ પર રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કર્યું જેને સર્વોદય આંદોલનના રૂપમાં ઓળખવામાં આવે છે. સર્વોદય સ્વૈચ્છિક અને બિનસરકારી આંદોલન હતું. આ આંદોલન એ સમયે શરૂ થયું હતું જ્યારે જમીનસુધારણા નીતિઓ બનાવાતી હતી અને અમલમાં મૂકવામાં આવતી હતી (1950ના દસકાના શરૂઆતનાં વર્ષોમાં).

## 39.3 સ્વતંત્રતા પહેલાંની જમીનવ્યવસ્થા (Land System Before Independence)

ભારતમાં આયોજન દરમિયાન લાવવામાં આવેલ જમીનસુધારણાના સ્વરૂપને સમજતાં પહેલાં એ જરૂરી છે કે આપણે સ્વતંત્રતા સમયે પ્રવર્તમાન જમીનવ્યવસ્થાને સમજી લઈએ. એ સમયે બે પ્રકારની જમીનવ્યવસ્થા હતી - જમીનદારી અને રૈયતવારી. દેશના જુદાં જુદાં ક્ષેત્રોમાં આ બે જમીનવ્યવસ્થાઓ હતી. આ વ્યવસ્થાઓ એક બાજુ જમીનમાલિક અને સરકાર વચ્ચે અને બીજી બાજુ જમીનમાલિક અને ખેડૂત અને ખેતમજૂરો વચ્ચેના સંબંધોને નક્કી કરતી હતી. જમીનમાલિકના અધિકારોને કાયદા અને રીતરિવાજની મદદથી સંસ્થાગત રૂપ આપવામાં આવ્યું હતું. જમીનમાલિક ખેડૂતો પાસેથી મહેસૂલ વસૂલ કરીને સરકારને તેનો હિસ્સો આપતા હતા. ખેડૂત કાયદા અને રીતરિવાજથી બંધાયેલા હોવાથી જમીનમાલિકો દ્વારા નક્કી કરાયેલ કર આપવા બંધાયેલા હતા. આ ઉપરાંત ખેડૂતોએ જમીનમાલિકોના ખેતરમાં કામ કરવું પડતું હતું અને વખતો વખત રિવાજી વેરાઓ (customary taxes)ના નામે વસ્તુના સ્વરૂપમાં જમીનદારોને કર ચૂકવવો પડતો હતો.

જમીનદારી પ્રથા ઉત્તર ભારતનાં રાજ્યોમાં અને રૈયતવારી પ્રથા દક્ષિણ અને પશ્ચિમ ભારતમાં ચાલતી હતી. જમીનદારી વ્યવસ્થામાં જમીન પર કેટલાક એવા લોકોનો અધિકાર થઈ ગયો જે પોતે ખેતી કરતા ન હતા, પરંતુ તેમની વિશેષતા એ હતી કે તેઓ પોતાના ઇલાકાના પ્રભાવશાળી લોકો હતા. જેમનામાં ખેડૂતો પાસેથી કર વસૂલ કરવાની શક્તિ હતી. અંગ્રેજ મહેસૂલ અધિકારી અસ્થાયી (સામાન્ય રીતે 30 વર્ષ માટે) કે સ્થાયી આધાર પર 'જમીનવ્યવસ્થા' કરતા હતા. આ સંસ્થાના નિર્માણથી એક વિદેશી સામ્રાજ્ય ભારતીય ખેડૂતોના સંપર્કમાં આવ્યા વગર કર વસૂલ કરવામાં સફળ રહ્યું. એથી એક નવા જમીનદાર વર્ગનો ઉદય થયો. કેટલીક પરિસ્થિતિઓમાં પહેલાંના જમીનમાલિકોને જ સ્વીકારવામાં આવ્યા. આ વ્યવસ્થામાં ત્રણ પ્રકારનાં હિત એક સાથે કામ કરતાં હતાં :

- એ સરકાર જે મહેસૂલ પ્રાપ્ત કરતી હતી.
- એ જમીનદાર જે ખેડૂતો પાસેથી મહેસૂલ વસૂલ કરતો હતો.
- ખેડૂત જે મહેસૂલ આપતો હતો અને જમીનદારોની સેવા કરતો હતો.

આ ઉપરાંત સંયુક્ત પ્રાન્તમાં જેને આજે આપણે ઉત્તર પ્રદેશના નામથી ઓળખીએ છીએ, ત્યાં એક જુદા જ પ્રકારની જમીનદારી ચાલતી હતી.

જમીનદારી વ્યવસ્થાનું એક બીજું સ્વરૂપ જાગીરદારી વ્યવસ્થા હતું. દેશના અનેક ભાગોમાં રાજાઓએ તેમના દરબારીઓ તેમ જ સામન્તોને આશરે જમીન છોડી દીધી હતી. રાજસ્થાન અને હૈદરાબાદ રાજ્ય અનાં ઉદાહરણ છે. જોકે દેશના બીજા ભાગોમાં પણ આ વ્યવસ્થા ચાલુ હતી. જાગીરદારી વ્યવસ્થામાં કર અને ભેટ આપવા ઉપરાંત કેટલીક વહીવટી અને સૈનિક સેવાઓ પણ આપવી પડતી હતી. જાગીરદાર જમીનના માલિક ન હતા પણ પોતાના માલિકના બદલે કર વસૂલ કરવા માટેના વહીવટી અમલદારની ભૂમિકા ભજવતા હતા.

આ વ્યવસ્થામાં જમીનના સંબંધ ત્રણ પ્રકારના હતા:

(i) પહેલો, એ રાજ્ય કે રિયાસત જે જાગીરદારને તેની સેવા અને જવાબદારી માટે જાગીરદારી અધિકાર આપતો હતો.

(ii) બીજો, જાગીરદાર કર વસૂલ કરવાનો અધિકાર એક વ્યક્તિ કે વ્યક્તિસમૂહને આપતો હતો, જે તેને કર વસૂલ કરી આપતો હતો.

(iii) ત્રીજો, જમીનનો માલિક પટ્ટા (leasing) પર ખેડૂતોને કર વસૂલ કરવા માટે જમીન આપતો હતો.

રાજા
↓
જાગીરદાર
↓
જાગીરદારને
મહેસૂલ
ચૂકવનારા
↓
ગણોતિયાઓ

આ વ્યવસ્થામાં ખેડૂતોનો તેમના માલિક સાથેનો સંબંધ જમીનદારી વ્યવસ્થા કરતાં જુદો ન હતો, ખાસ કરીને આર્થિક અને સામાજિક જવાબદારીના સંદર્ભમાં.

રૈયતવારી વ્યવસ્થા જમીનદારીવ્યવસ્થા કરતાં જુદી હતી કારણ કે એમાં ખેડૂત માલિક હતો અને વચેટિયાઓની

એમાં કોઈ ભૂમિકા ન હતી. ખેડૂત જ તેની ખેતીનો માલિક હતો અને તે સીધો સરકારને મહેસૂલ આપ્યા કરતો હતો. જોકે પાછળથી બજારું શક્તિઓનું દબાણ, જેમ કે રેલ અને રસ્તાઓનો વિસ્તાર અને કેટલાક પ્રકારનાં સામાજિક અને આર્થિક કારણોથી ખેડૂતોની કંગાળ સ્થિતિને કારણે એક નવો રસ્તો સામે આવ્યો. પોતે કર ન આપી શકવાથી આ લોકો પોતાની જમીન જમીનમાલિકો પાસે ગીરવી મૂકવા લાગ્યા. આ પ્રક્રિયામાં ઉત્તરનાં રાજ્યોની જમીનદારી પ્રથાની ઝલક આ વ્યવસ્થાને મળતી હતી. રૈયતવારી વ્યવસ્થા મુંબઈ અને મદ્રાસ પ્રેસિડન્સી અને હૈદરાબાદના કેટલાક ભાગોમાં પ્રવર્તમાન હતી. જમીનદારી અને રૈયતવારી જમીનમાલિકી ભૂમિધારણ વ્યવસ્થાથી જુદી હોવા છતાં પણ તેમાં એક મજબૂત સમાનતા એ હતી કે તે સામાજિક શોષણ સંબંધો પર આધારિત હતી અને તેમણે ગામડાની અર્થવ્યવસ્થામાં એક બિનઉત્પાદક વાતાવરણ તૈયાર કર્યું :

- કરનો સંબંધ એકર દીઠ ચોખ્ખી ઊપજના મૂલ્ય સાથે ન હતો.
- ખેડૂતોને ગણોતિયા તરીકે મળેલ જમીનની સમયમર્યાદાની અનિશ્ચિતતાને કારણે કૃષિક્ષેત્રમાં મૂડી- રોકાણને ધક્કો લાગ્યો.
- માલિક માત્ર કર વસૂલ કરવાની રાહ જોતો હતો અને શોષણના રસ્તા અપનાવતો હતો.
- વસ્તીમાં વધારો થવાથી અને જમીન પર મહેસૂલનું દબાણ વધવાથી ખેડૂતો પાસે એટલી બચત રહેતી ન હતી કે જેથી તેઓ બચતમાં રોકાણ કરે.

આ વ્યવસ્થાથી જમીનના ઉપયોગ (management)ની ગુણવત્તા તથા કૃષિઉત્પાદકતા પર માઠી અસર પડી. તેથી ખેતીમાં એ પરંપરાગત પદ્ધતિનો જ ઉપયોગ થતો રહ્યો જેને ભારતીય ખેડૂતો સદીઓથી અપનાવતા આવ્યા હતા. આથી કૃષિ અર્થવ્યવસ્થામાં બેવડી કટોકટી સર્જાઈ :

(i) પહેલું, કૃષિક્ષેત્રમાં સામાજિક સંબંધ શોષણ અને દમન પર આધારિત થઈ ગયા.
(ii) બીજું, ભારતમાં એકર દીઠ ઉત્પાદન ખૂબ નીચું ગયું.

આ સામાજિક અને આર્થિક સમસ્યાને દૂર કરવા માટે સ્વતંત્રતા પછી ભારતમાં આયોજન અને જમીન-સુધારણાના ઉપાયો પ્રયોજાયા.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

1 સ્વતંત્રતા પહેલાની જમીનવ્યવસ્થાનો ઉલ્લેખ 10 લીટીમાં કરો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

2 1947 પછી કૉંગ્રેસમાં ખેતીના માળખા સંબંધિત ચાલી રહેલ વિવાદનો ઉલ્લેખ પાંચ લીટીમાં કરો.

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

3 નીચેનાં વિધાનો વાંચો અને સાચાં સામે ( 3 ) અને ખોટાંની સામે (×)ની નિશાની કરો :

(i) જમીનવ્યવસ્થાની અંગ્રેજી નીતિનો ઉદ્દેશ ભારતીય કૃષિનો વિકાસ કરવાનો હતો. ( )
(ii) અંગ્રેજોની નીતિના ફળસ્વરૂપે સરકાર અને ખેડૂતો વચ્ચે વચેટિયાઓનો એક વર્ગ ઉત્પન્ન થયો. ( )
(iii) કૉંગ્રેસ કૃષિસુધારણા સમિતિની રચના ભારતમાં અસરકારક જમીનસુધારણાની કાર્યનીતિ તૈયાર કરવા માટે કરવામાં આવી હતી. ( )

(iv) 1947 પહેલાંની જુદી જુદી જમીન-વ્યવસ્થાઓથી જમીનની ઉત્પાદકતામાં વધારો થયો. ( )



## 39.4 જમીનસુધારણાનું આયોજન (The Planning for Land Reforms)

સ્વતંત્રતા પછી આયોજન કરતી વખતે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની રાહબરી હેઠળ વિચારાયેલ કૃષિનીતિ અને ભારતીય અર્થવ્યવસ્થાની માળખાગત સમસ્યાને ધ્યાનમાં રાખવામાં આવી. એમાં કોઈ સંદેહ નથી કે ભારતીય કૃષિના પતનનું મુખ્ય કારણ જમીનદારી, જાગીરદારી અને રૈયતવારી વ્યવસ્થા છે. પરંતુ એ સિવાય આપણી સામાજિક અને આર્થિક વ્યવસ્થા પણ કૃષિના પતન માટે જવાબદાર છે. પરિણામે, રોજગારનાં અન્ય સાધન ઉપલબ્ધ ન થવાથી કૃષિ પર લોકોનું ભારણ વધ્યું. તેથી વ્યક્તિદીઠ સરેરાશ જમીન ઓછી થઈ અને પરિણામે ખેતરોનું વિભાજન (fragmentation) અને વેચાણ થયું. પહેલી કૃષિ શ્રમ તપાસ સમિતિએ સ્પષ્ટ કર્યું કે "કુલ ખેડૂત કુટુંબોમાં 20% લોકો ભૂમિહીન મજૂરો છે જેમની પાસે ખેડવા માટે જમીન છે, તેમાંથી 38% એવા છે જેમની પાસે 25 એકરથી પણ ઓછી જમીન છે અને ખેતીલાયક જમીનના 6% હિસ્સા પર જ એમને અધિકાર છે. ખેતી કરનારાં કુટુંબોમાં 59% એવાં છે જેમની પાસે 5 એકરથી પણ ઓછી જમીન છે અને તે કુલ ખેતીલાયક જમીનના 16% છે."

આ ખેતવિભાજનની એક વરવી તસવીર રજૂ કરે છે. ભારત સરકારના 'ધ ફાર્મ મૅનેજમેન્ટ સ્ટડીઝ'માં પણ એ સ્પષ્ટ થાય છે કે ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં અઢી એકર જમીનના સરેરાશ 3.6 ટુકડા થયા છે. 200થી 25 એકર સુધીનાં મોટાં ખેતરોની સ્થિતિ પણ વધુ સારી ન હતી અને તેનું સરેરાશ 17 ટુકડામાં વિભાજન થયું છે. ખેતરોના નાના નાના ટુકડામાં વહેંચાઈ જવાની સમસ્યાને જમીનના એકત્રીકરણના (consolidation) માધ્યમથી ઉકેલી શકાય છે. કૃષિસંબંધી અન્ય માળખાગત સમસ્યાઓનો સંબંધ આધુનિકીકરણ દ્વારા જમીનનો મહત્તમ ઉપયોગ અને ખેતી કરવાની રીત સાથે સંકળાયેલો છે. આ ઉપરાંત સિંચાઈ, ખાતર, જમીનની ફળદ્રુપતામાં ઊણપ વગેરે સમસ્યાઓ પણ કૃષિ સામે છે. આધુનિકીકરણના આ મુદ્દા જમીન- સુધારણાના સંસ્થાગત માળખા સાથે જોડાયેલા છે.

સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી તરત જ આયોજન પંચ, કેન્દ્ર સરકાર અને અન્ય રાજ્ય સરકારોએ જમીન-સુધારણાના ઘણા કાર્યક્રમો હાથ ધર્યા. એમાં માલિકીપણાના માળખામાં સંસ્થાગત અને બંધારણગત પરિવર્તન કરવામાં આવ્યાં. જમીનમાલિકીની નવી વ્યવસ્થા અપનાવવામાં આવી. કૃષિક્ષેત્રમાં આધુનિકીકરણની માંગ કરવામાં આવી અને ગ્રામીણ ક્ષેત્રોમાં સામૂહિક સ્તર પર મદદ પહોંચાડનાર સંસ્થાઓની રચના કરવામાં આવી. પ્રથમ પંચવર્ષીય યોજનાના અમલ પછી તરત જ 1950ના દસકામાં આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.
જમીન સુધારણાના કાર્યક્રમમાં નીચેનાં પગલાં લેવામાં આવ્યાં:

- વચેટિયાઓની નાબૂદી.
- ગણોતધારામાં સુધારણા (tenancy reforms) અને
- જમીનની માલિકી માટેની જમીનની ટોચમર્યાદા નક્કી કરવી.

આ સુધારાનું એકમાત્ર ધ્યેય હતું- ભારતના ખેડૂતોને જમીનદાર અને જાગીરદાર જેવા પરોપજીવીઓની જાળમાંથી મુક્ત કરવા અને તેમની જમીનને સુરક્ષા આપવી જેથી કૃષિના આધુનિકીકરણ માટે તેમાં મૂડીરોકાણ વધારી શકાય.

### 39.4.1 મધ્યસ્થીઓની નાબૂદી (Abolition of Intermediaries)

મધ્યસ્થીઓની નાબૂદી એ જમીનસુધારણાનું એક મુખ્ય પગલું હતું. આ વર્ગ, જેનું આપણે પહેલાં વર્ણન કર્યું છે તે, જમીનના વિકાસ માટે કોઈ મૂડીનું રોકાણ કર્યા વગર ખેડૂતો પાસેથી મન ફાવે તે રકમ વસૂલ કરતો હતો. તે પોતાના અંગત એશઆરામ માટે ખેડૂતો પાસેથી વધારાનો કર વસૂલ કરતો હતો. પરિણામે ઘોડા-હાથી ખરીદવા માટે, પોતાના કુટુંબમાં લગ્ન-જન્મ જેવી બીજી ખુશી મનાવવા માટે, ક્યારેક જમીનદાર કે જાગીરદાર પોતાના શોખ માટે પણ કર વસૂલ કરતા હતા. મહેસૂલ અને કરની વસૂલાત જમીનદારના માણસો દ્વારા ખૂબ કડક અને ક્યારેક ક્રૂર રીતે કરવામાં આવતી હતી. મહેસૂલ ન આપવા કે મોડેથી આપવાની સ્થિતિમાં જમીન પચાવી પાડવી એ સામાન્ય વાત હતી. ખેડૂતોને આપેલ જમીનમાલિકનો અધિકાર જમીનદાર કે જાગીરદારની મરજી પર આધારિત હતો. તેઓ ખેડૂત પાસેથી ગમે ત્યારે ગમે તેની જમીન જપ્ત કરી શકતા હતા. પાછળથી ભારતના કેટલાક ભાગોમાં એવી જમીનમાલિકીની વ્યવસ્થા કરવામાં આવી જેમાં ખેડૂત પાસેથી તેની જમીન કોઈ ખાસ પરિસ્થિતિમાં અને તે પણ કાયદાકીય પ્રક્રિયા દ્વારા જ લઈ શકાતી હતી. પરંતુ આ પ્રકારની જમીનમાલિકીની શરત પણ જમીનદારોની મરજી પર આધારિત હતી, કારણ કે જમીનદાર બહુ જ યુક્તિપૂર્વક ખેડૂતો પાસેથી તેની જમીન જપ્ત કરી લેતા હતા.

જમીનસુધારણાનું પહેલું પગલું આ રીતના વચેટિયાઓની (ઉત્તર પ્રદેશમાં જમીનદારી નાબૂદી અધિનિયમ) નાબૂદી હતું, જે કેટલીક સદીઓથી ગામડાંઓમાં ફૂલ્યુંફાલ્યું હતું. જમીનસુધારણા સિવાય આ એક સમાજસુધારણા પણ હતી, કારણ કે કારીગરો, મજૂરો, ખેડૂતોને વચેટિયાઓથી પહેલી વાર મુક્તિ મળી. જમીનદાર હોય કે તાલુકાદાર વચેટિયાઓના અધિકાર સરકાર દ્વારા લઈ લેવાયા. હવે જમીનમાલિક સરકારને સીધી જ મહેસૂલ આપવા માટે જવાબદાર હતા. આ ઉપરાંત ગામડાની ઘાસચારાની જમીન જેને પહેલાં જમીનમાલિકોની સંપત્તિ માનવામાં આવતી હતી અથવા જેમની ઉપર તેમનું નિયંત્રણ રહેતું હતું, જેમ કે ઘર બનાવવાની જગ્યા, ઘાસચારાની, જંગલ, તળાવો પરથી પણ જમીનદારોનું નિયંત્રણ સમાપ્ત થઈ ગયું અને તેને ગ્રામપંચાયતોના હવાલે સોંપવામાં આવ્યું.

જમીનસુધારણાની સાથે સાથે ગ્રામપંચાયત વ્યવસ્થાનો અમલ પણ કરવામાં આવ્યો જે મતાધિકારના સિદ્ધાંત પર આધારિત હતો. ગ્રામીણ સ્તરનાં જમીન સાધનો પર ગામડાની પંચાયતનું નિયંત્રણ થઈ ગયું. ગ્રામ પંચાયતના અધ્યક્ષને મુખી કહેવાય છે, જે ચૂંટણી દ્વારા ચૂંટાય છે. આ પગલાનું પણ સામાજિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક મહત્ત્વ છે. જમીનદાર જેવા વચેટિયા વર્ગની નાબૂદી, જમીન-સુધારણા અને તેની સાથે સાથે ગ્રામપંચાયતોની સ્થાપનાથી ગ્રામીણ જીવનમાં એક સામાજિક અને મનોવૈજ્ઞાનિક પરિવર્તન આવ્યું. સામાજિકરૂપે જોઇએ તો જમીનદારી પ્રથાની નાબૂદીનો અર્થ હતો - એક મોટી સંખ્યામાં જમીનમાલિકો, કારીગરો અને મજૂરોની શોષણમાંથી મુક્તિ. રાજનૈતિક રૂપે આથી ગ્રામપંચાયતની ચૂંટણીના આધારનું નિર્માણ થયું. આ ચૂંટણી વય આધારિત મતાધિકાર પર આધારિત હતી જેમાં કોઈ પ્રકારના વિશેષાધિકાર, જાતિ-ધર્મના ભેદભાવને સ્થાન ન હતું. આથી લોકશાહીની પ્રક્રિયા મજબૂત થઈ અને દેશમાં મતાધિકાર પર આધારિત રાજનીતિના અમલમાં મદદ મળી, જે નાગરિક અધિકારો, વ્યાપક મતાધિકાર, સમાનતા અને સ્વતંત્રતા જેવા સિદ્ધાંતો પર આધારિત હતી.

બીજી તરફ વચેટિયાઓને તેમના જમીનમાલિકીના અધિકારોનું વળતર આપવામાં આવ્યું જેને સરકારે પોતાના નિયંત્રણમાં લીધું હતું. છતાં પણ એમની પાસે એ જમીન રહી ગઈ જેના પર તેઓ પોતે જ ખેતી કરતા કે કરાવતા હતા. એને સ્વખેડાણની જમીન કહે છે. જમીનાલિક જમીનદારી નાબૂદી પહેલાં મહેસૂલ આપતા હતા. સ્વતંત્રતા પછી તેમને 'સિરદાર'(Sirdar)નો અધિકાર આપવામાં આવ્યો. તેમને જમીન ખેડવાનો કાયમી અધિકાર આપવામાં આવ્યો પણ તેઓ એ જમીન વહેંચી શકે નહીં. જે લોકોએ એક વર્ષની મહેસૂલના દસ ગણા ભર્યા હોય તેમને 'ભૂમિધર' (Bhumidhar) બનાવવામાં આવ્યા. તેઓ પોતાની જમીન વહેંચી શકતા. લગભગ દરેક જમીનમાલિકને આ અધિકાર શરૂઆતની ચુકવણી પછી આપવામાં આવ્યો. પરંતુ પાછળથી કેટલાંક રાજ્યોમાં આ નીતિને ઉદાર બનાવી વધુ લોકોને આ અધિકાર આપવામાં આવ્યો. જમીનદારોને વળતર આપવાના મુદ્દા પર ઘણી ચર્ચા થઈ. આ ઉપરાંત જમીનમાલિકોને માલિકીપણાનો અધિકાર આપવાનો તથા તેમને ભૂમિધર બનાવવા માટે પણ ખૂબ વાદ-વિવાદ થયા. અંતે જમીનમાલિકો, તાલુકાદારો અને જાગીરદારોને વળતર આપવામાં આવ્યું.

| |
|---|
| એવો અંદાજ છે કે દેશમાં વચેટિયાઓના વળતરનો આંકડો 635 કરોડ રૂપિયા છે. |

જમીનસુધારણામાં ગણોતધારાનો સુધારો (Tenurial reform) સૌથી અગત્યનો છે. વચેટિયાઓની નાબૂદીથી જમીન ખેડવાવાળાઓનો અધિકાર પોતાની જમીન પર સ્થાપિત થયો. આથી એવી વ્યવસ્થાનો અંત આવ્યો જે શોષણ અને અસમાનતા પર આધારિત હોવા ઉપરાંત પ્રગતિશીલ કૃષિના માર્ગમાં અવરોધરૂપ હતી. ગણોતધારામાં સુધારણાથી ખેડૂતોનો જમીન પર અધિકાર સ્થાપિત થયો. આ પહેલાં ખેડૂતોનો જમીનમાલિકી સંબંધ પરાધીનતા પર આધારિત હતો. હવે બધા જમીનમાલિક, ભૂમિધર અને સિરદારના રૂપમાં આવી ગયા જેમણે સરકારને સીધી જ મહેસૂલ આપવાની હતી. પહેલાંના જમીનમાલિકોએ સ્વખેડાણની જમીન પર ભૂમિધર અધિકાર પ્રાપ્ત કર્યો. તેમણે વધારાની મહેસૂલ આપવી પડી નહીં. આ ઉપરાંત તેમના જમીનઅધિકારોને બદલે વળતર પણ આપવામાં આવ્યું.

આ જમીનમાલિકી સુધારણાએ ગામડાંઓમાં જમીનસંબંધોમાં એકસ્થિરતા સ્થાપી, પણ સંપૂર્ણ રીતે સામાજિક અને આર્થિક અસમાનતા દૂર ન થઈ શકી કારણ કે ભૂમિપતિઓ પાસે સ્વખેડાણની જમીનરૂપે ઘણી જમીન રહી ગઈ હતી. ઘણા ભાગોમાં ભૂમિપતિઓએ સ્થિતિને અનુલક્ષીને ઘણી જમીન સ્વખેડાણમાં સમાવી લીધી. તેમણે એ ખેડૂતોને કાઢી મૂક્યા જે એમની ઇચ્છા પર આધારિત હતા. આથી સામાજિક અસમાનતા ઊભી થઈ. આ ઉપરાંત તેમણે જંગલના ઇલાકા, ફળોના બગીચા અને ઘાસનાં મેદાનોને કૌટુંબિક બાગ જાહેર કરીને સ્વખેડાણની જમીનમાં સમાવી લીધા, જેના પર પંચાયતના અધિકારનો ભય હતો. આ અનિયમિતતાઓ ઉપરાંત વચેટિયાઓની નાબૂદીથી ગ્રામીણ જીવનમાં એક મોટું સંસ્થાગત મનોવૈજ્ઞાનિક પરિવર્તન આવ્યું.

### 39.4.2 જમીનમાલિકીની ટોચમર્યાદા (Ceiling on Land Holdings)

ગ્રામીણ અર્થવ્યવસ્થામાં સામાજિક સમાનતા લાવવાનો પ્રયત્ન જમીનસુધારણાનું એક મહત્ત્વપૂર્ણ લક્ષ હતું. આ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ અને રાજકીય પક્ષોની નીતિઓને અનુકૂળ હતું જેમણે સ્વતંત્રતા સંગ્રામમાં ફાળો આપ્યો હતો. આપણા સંવિધાનમાં એમ કહેવાયું છે કે સંપત્તિ અને સત્તાનું કેન્દ્રીકરણ (concentration of wealth and power) નહીં થાય અને સમાજના બધા જ વર્ગોમાં તેની યોગ્ય વહેંચણી થશે. આ રીતે વિકાસની લોકતાંત્રિક પદ્ધતિથી સમાજવાદ સ્થિર કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ગ્રામીણ સમાજને અનુલક્ષીને આ ઉદ્દેશની પૂર્તિ આયોજન પંચની નીતિના માધ્યમથી કરવામાં આવી હતી, જેમાં ખેડવાયોગ્ય જમીન રાખવાની મર્યાદા નક્કી કરવામાં આવી હતી અને અગત્યની વાત એ હતી કે જમીનની ટોચમર્યાદાનું એક સ્તર નક્કી કરવામાં આવ્યું હતું. ઉત્પાદકતા પ્રમાણે જમીનની કિંમતમાં એક વિભાગથી બીજા વિભાગમાં અને એક ટુકડાથી બીજા ટુકડામાં ફેર હોય છે. આમ છતાં એક સામાન્ય સિદ્ધાંત વિકસાવવાની જરૂર હતી, જેના આધારે જમીનની ટોચમર્યાદા નક્કી કરી શકાય. વીસમી સદીના છઠ્ઠા દસકાના શરૂઆતનાં વર્ષોમાં આયોજન પંચને એક કૌટુંબિક જમીનનું પ્રમાણ (family holding) નક્કી કરી જેની આવક વાર્ષિક આવક રૂ. 1200 જેટલી હોય એમાં સૂચવવામાં આવ્યું કે એક કુટુંબ પાસે જેના સભ્યોની સંખ્યા 5 હોય, પારિવારિક ખેતીની 3 ગણી જમીન હોવી જોઈએ અર્થાત્ એટલી જમીન હોવી જોઈએ જેનાથી દર વર્ષે રૂ. 3600ની આવક થઈ શકે. એનું નિર્ધારણ જમીનની ગુણવત્તા, ખેતીની પદ્ધતિ અને એ સમયે ઉપસ્થિત બીજા મુદ્દાને ધ્યાનમાં રાખીને કરવાની હતી.

જમીનની ટોચમર્યાદાનો કાયદો 1950ના દસકામાં જ અમલમાં આવ્યો પણ એની કાર્યવાહી જુદાં જુદાં રાજ્યોમાં જુદી જુદી હતી. ઉદાહરણ તરીકે આન્ધ્ર પ્રદેશના તેલંગણમાં, મહારાષ્ટ્રના મરાઠાવાડમાં અને કર્ણાટકના માયસોરમાં જમીનટોચમર્યાદાનો આધાર વાર્ષિક રૂ. 3000 રાખવામાં આવ્યો અને એને માટે અઢારથી સત્તાવીસ એકર જમીન રાખવાની વાત કરવામાં આવી. પંજાબમાં ટોચમર્યાદાની સીમા 30 એકર (સિંચાઈની સગવડ સાથે) અને 60 એકર (સૂકા પ્રદેશમાં) નક્કી કરવામાં આવી. નિર્વાસિત વ્યક્તિઓ માટે સિંચાઈની જમીનમાં 50 એકર અને સૂકી જમીનમાં 100 એકર રાખવામાં આવી. કેરળમાં જમીનની ગુણવત્તાને આધારે આ મર્યાદા 15થી 32 એકર રાખવામાં આવી. ઉત્તર પ્રદેશમાં જમીનની ગુણવત્તાને આધારે 40થી 80 એકર સુધીની મર્યાદા નક્કી કરવામાં આવી. 50ના દસકાની ટોચમર્યાદામાં ફરીથી સુધારો કરવામાં આવ્યો અને મોટા ભાગનાં રાજ્યોમાં ટોચમર્યાદાની સીમા એથી પણ ઓછી કરવામાં આવી.

જમીનટોચમર્યાદા પાછળ મુખ્ય હેતુ એ હતો કે ફાજલ જમીનનું વિતરણ નબળી ભૂમિહીન અને અનુસૂચિત જાતિઓ વચ્ચે કરવામાં આવે. પરંતુ આ માધ્યમથી મોટા ભાગની વધારાની જમીન પ્રાપ્ત કરી શકાઈ નહીં કારણ કે ભૂમિપતિઓએ પોતાની ફાજલ જમીન પોતાના સગાસંબંધી અને મિત્રો અને બીજા લોકોના નામે કરી દીધી હતી. આને 'બેનામી માલિકીબદલી' (benami transfer) કહે છે. કારણ કે આમાં જમીન એક વ્યક્તિને આપવામાં આવે છે પરંતુ તે વ્યક્તિ હકીકતમાં ખેડૂત હોતો નથી. સાચો ખેડૂત જમીનનો અસલી માલિક બની રહે જેથી ટોચમર્યાદાના કાયદાથી બચવા માટે હેરાફેરી કરવામાં આવે. આ એક એવી સમસ્યા હતી જેણે ગ્રામીણ ભારતના કૃષિ રૂપાંતરણમાં અવરોધ કર્યો અને એ સમસ્યા આજ સુધી ચાલુ છે.

### 39.4.3 અન્ય ઉપાયો (Other Measures)

જમીનસુધારણાની આયોજનનીતિનો ભાર માત્ર વચેટિયાઓની નાબૂદી, જમીનમાલિકોની સુધારણા અને ટોચમર્યાદા સુધી જ સીમિત ન હતી. એમાં જંગી મૂડીરોકાણના માધ્યમથી જમીનની ઉત્પાદકતા વધારવા પર પણ ભાર આપવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં અગત્યનું પગલું હતું - ખેતરોને મજબૂત બનાવવાં. જમીન પર દબાણ વધી રહ્યું હતું અને પરંપરાગત કાયદા અનુસાર પિતાના મૃત્યુ પછી જમીનનું વિભાજન એમના પુત્રોમાં સરખે ભાગે થવાથી જમીનનું ઉપવિભાજન થઈ રહ્યું હતું અને ધીમે ધીમે ખેતરો નાના નાના ટુકડામાં વિભાજિત થતાં હતાં. 50 ના દસકાના શરૂઆતનાં વર્ષોમાં જમીનનું ઉપવિભાજન તેની ચરમસીમા પર હતું. જમીનનું આ વિભાજન અને નાના નાના ટુકડામાં વહેંચાઈ જવાને કારણે ઘણા લાંબા સમયથી નુકસાન સહન કરવું પડ્યું હતું. 1953-54માં આયોજન આયોગના એક અભ્યાસથી નીચેની સ્પષ્ટતા થઈ :

| | | |
|---|---|---|
| આંધ્ર પ્રદેશમાં | - | 82.8% |
| ગુજરાત અને મહારાષ્ટ્રમાં | - | 66% |
| મધ્યપ્રદેશમાં | - | 77.2% |
| મૈસૂરમાં | - | 70% |
| પંજાબમાં | - | 83.9% |
| કેરળમાં | - | 98.4% |
| રાજસ્થાનમાં | - | 62.4% |

ઉત્તર પ્રદેશમાં - 94.9% જેટલાં ખેતરોનાં કદ 10 એકરથી નાનાં હતાં. ખેતરોનું નાના નાના ટુકડામાં વિભાજિત થવાનું દૃશ્ય એથી પણ વધુ નિરાશાજનક હતું. ઉદાહરણ તરીકે પંજાબનાં ગામડાંઓમાં નિરીક્ષણથી એ સત્ય બહાર આવ્યું કે 1898 એવા ખેતરના ટુકડા હતા જેનું કદ 1/5 એકરથી પણ ઓછું હતું અને 34.5% ખેડૂતોનું ખેતર 25 ટુકડાઓમાં વિભાજિત હતું.

દેશના બીજા ભાગોમાં પણ પરિસ્થિતિ આથી વધુ સારી ન હતી. સ્વતંત્રતા પહેલાં સહકારી સંસ્થાઓના

માધ્યમથી મજબૂતીનું આ કામ કરી શકાયું હોત. આ પ્રક્રિયા પંજાબમાં 1921માં શરૂ થઈ પરંતુ બીજાં રાજ્યોમાં તેનો અમલ કરવામાં આવ્યો નહીં. જોકે સેન્ટ્રલ પ્રોવિન્સ (આજનું મધ્ય પ્રદેશ) અને મુંબઇમાં ક્રમશ: 1928 અને 1929માં આને લગતો કાયદો હતો. પરિણામે જમીનની મજબૂતીની શરૂઆત વ્યવસ્થિત રીતે પ્રથમ પંચવર્ષીય યોજનાથી થઈ શકી.

આ યોજના નીચે પ્રમાણે પગલાં લેવાયાં :

- જમીનની ગુણવત્તા નક્કી કરવા માટે મોજણી થઈ.
- જમીનની ગુણવત્તા નક્કી કરવા માટે એનું વર્ગીકરણ કરવામાં આવ્યું.
- ખેતમાલિકોનાં ખેતરોના માલિકી હક્કો સ્પષ્ટ કરાયા.
- જમીનની માલિકી અંગેના કેસોનો નિકાલ કરાયો.
- ખેતીયોગ્ય ન હોય એવી જમીનને અલગ તારવવામાં આવી.
- આનું બિનઉપજાઉ જમીનના રૂપમાં વર્ગીકરણ કરવું જેવી કે જંગલ, જમીન, ઘાસનું મેદાન, ફળોના બાગ, તળાવ, તલાવડી, રહેઠાણ વગેરે.

આ મોજણી પછી એકત્રીકરણની પ્રક્રિયા શરૂ થઈ જેમાં ખેતરોના વિભાજનને ઓછું કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો જેથી ખેડૂત વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરી શકે. આ ઉપરાંત એકત્રીકરણના માધ્યમથી ખેડૂત પોતાનાં ખેતરોની સારી રીતે સંભાળ પણ રાખી શકે.

પ્રથમ પંચવર્ષીય યોજના અંતર્ગત મુંબઈમાં 21 લાખ એકર, મધ્ય પ્રદેશમાં 29 લાખ એકર, પંજાબમાં 48 લાખ એકર, ઉત્તર પ્રદેશમાં 44 લાખ એકર, પેપ્સૂમાં જે હાલ પંજાબનો ભાગ છે, 13 લાખ એકર જમીનનું એકત્રીકરણ કરવામાં આવ્યું.

1957ના અંત સુધી લગભગ 150 લાખ એકરનું એકત્રીકરણ થઈ ચૂક્યું હતું અને 120 લાખ એકરનું એકત્રીકરણનું કામ ચાલી રહ્યું હતું. આ પ્રક્રિયા આજસુધી ચાલુ છે. જમીનનું વિભાજન આજે પણ થઈ રહ્યું છે અને એકત્રીકરણના માધ્યમથી એને રોકવાનો પ્રયત્ન કરવામાં આવે છે. કેટલાંક રાજ્યોએ એવો કાયદો પસાર કર્યો છે જે મુજબ એક સીમાથી ઓછા કદની જમીનની ફેરબદલી કરી શકાય નહીં. પરંતુ જમીન પર કૌટુંબિક અધિકાર સંબંધો, કાયદો અને જમીન પર વધતી જતી વસ્તીના દબાણના કારણે ખેતરોના ઉપવિભાજનને રોકવું ખૂબ જ મુશ્કેલકાર્ય સાબિત થયું છે. એમ લાગે છે કે જમીનસુધારણાની આ પ્રક્રિયા સતત ચાલુ રહેશે.




**જમીન સુધારણા વિશે આર. કે. લક્ષ્મણનું ઠઠ્ઠાચિત્ર ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, ૧૪ જાન્યુઆરી, ૧૯૫૯**

## 39.5 જમીનસુધારણાનું સામાજિક પરિણામ (Social Implications of Land Reforms)

જમીનસુધારણા માટે અપનાવાયેલ જે ઉપાયોનો અભ્યાસ અત્યાર સુધી આપણે કર્યો તેનાથી ગ્રામીણ જીવનની સામાજિક અને આર્થિક સ્થિતિમાં ભારે પરિવર્તન થયું. આર્થિક દૃષ્ટિએ ખેતીની ઉત્પાદકતા હરિયાળી ક્રાંતિ દરમિયાન ઝડપથી વધી. ખેડૂતોનો નવો વર્ગ જે પહેલાં ભૂમિપતિઓના તાબામાં હતો તેને આ જમીન- સુધારણા અને આયોજન પંચ દ્વારા અમલમાં આવેલ કૃષિસંબંધી વિકાસ કાર્યક્રમોથી સૌથી વધુ ફાયદો થયો. પરંપરાગત રીતે ખેતીની જૂની પદ્ધતિઓ તેમની પાસે હતી અને તેઓ ખૂબ મહેનત કરવા માટે સમર્થ હતાં. આ સાથે જ તેમણે આધુનિક પદ્ધતિનો ઉપયોગ કર્યો જેનાથી ઉત્પાદકતામાં વધારો થયો. 50-60ના દાયકામાં જ્યારે દેશમાં અનાજની કમી હતી ત્યારે 70-80ના દાયકામાં દેશ અનાજની બાબતમાં આત્મનિર્ભર થઈ શક્યો હતો. આપણા દેશમાં આયોજનબદ્ધ વિકાસ મુજબ જમીનસુધારણાનો કાર્યક્રમ અગત્યનો હતો. જમીનસુધારણા ઉપરાંત સામૂહિક વિકાસ પ્રોજેક્ટો (Community Development Projects) સિંચાઈ સાધનો અને ખાતરના ઉપયોગમાં વધારો, આધુનિક બિયારણનો ઉપયોગ વગેરેએ હરિયાળી ક્રાંતિને સફળ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. એણે ખેડૂતોમાં મોટા વર્ગને સમૃદ્ધ બનાવ્યો. આવું ભૂમિપતિઓના જમાનામાં ન થઈ શક્યું હોત. આ પ્રમાણે ગામડાંની આર્થિક પ્રવૃત્તિનો પાયો વિસ્તર્યો. સામાજિક દૃષ્ટિએ લોકોની રાજનૈતિક ભાગીદારી પણ વધી અને એ રીતે લોકશાહીનાં મૂલ્યોનો ફેલાવો ગામો સુધી પહોંચ્યો.

પરંતુ હરિયાળી ક્રાંતિની યોજના મુજબ કૃષિ સમૃદ્ધિ અને જમીનસુધારણાના કેટલાંક નકારાત્મક પરિણામો બહાર આવ્યાં :

- ખેડૂતો અને ભૂમિહીન મજૂરો વચ્ચેની આર્થિક અસમાનતા વધી કારણ કે ભૂમિહીન મજૂરોની તુલનામાં ખેડૂતો વધુ સમૃદ્ધ બન્યા.
- દેશનાં જુદાં જુદાં ગામોમાં સામાજિક તનાવ ઊભો થયો, કારણ કે સમૃદ્ધ ખેડૂતો ગામડાંના ગરીબોનું શોષણ કરવા લાગ્યા.
- આધુનિક ખેતી, નવી પદ્ધતિઓ જેવી કે સિંચાઈ, આધુનિક બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ પર આધારિત હતી. તેથી નાના ખેડૂતો પોતાની ગરીબી અને સાધનોની ઊણપને કારણે એનો ઉપયોગ કરી શકતા ન હતા. તેથી સામાજિક અસમાનતા વધારે વધી અને સીમીત નાના ખેડૂતો મોટા ખેડૂતોને પોતાની જમીન પ્રતિકૂળ શરતોએ પણ ખેડવા માટે આપવા લાગ્યા.
- કેટલીક જગ્યાએ પાક-ભાગીદારી (share cropping) અને મૌખિક ગણોત વ્યવસ્થાઓ (oral tenancies) જેવી વ્યવસ્થા કરી (કોઈ પણ લખાણ વગર આપવામાં આવેલ માલિકી) એક વાર વિકસવા લાગી. નાના ખેડૂતોની નબળી આર્થિક સ્થિતિને કારણે ખેતીમાં ફરીથી ઓછી મૂડી રોકાવા લાગી. આ સમસ્યાનું સમાધાન ખેતીની સહકારી પદ્ધતિથી થઈ શકતું હતું. પરંતુ કેટલાંક સામાજિક કારણોને લીધે જાતિ અને વર્ગોમાં વિભાજનને કારણે ભારતમાં આ શક્ય ન બન્યું. ગામોમાં વધતી જતી વસ્તીનું દબાણ અને રોજગારના અભાવને કારણે આ સ્થિતિ એથી પણ વધુ વિકટ થઈ ગઈ.

આ મુશ્કેલીઓના નિવારણ માટે કેટલાંક પગલાંઓ અનિવાર્ય છે. રોજગારીની તકો ઊભી કરવા માટે જમીન-સુધારણાના પ્રયાસોને કૃષિઔદ્યોગિકીકરણ સાથે સાંકળવાનું (linked with agro-industrialization) અનિવાર્ય બને છે. વહીવટીય અને આર્થિક પ્રોત્સાહનો દ્વારા જ્યાં શક્ય હોય ત્યાં કૃષિ ક્ષેત્રે સ્વૈચ્છિક રીતે સહકારી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવી પડશે. જમીનસુધારણાના પ્રયાસોમાં જે મર્યાદાઓ રહેવા પામી છે તેને સખત વહીવટીય પગલાંઓ દ્વારા દૂર કરવી પડશે. તદ્ઉપરાંત મૂડી, સાધનો, મૂલ્યનિર્ધારણ નીતિ, પેદાશની પ્રક્રિયા અને વેચાણવ્યવસ્થાના સંદર્ભમાં કૃષિક્ષેત્રની નીતિ તથા ઔદ્યોગિક ક્ષેત્રની નીતિનું તર્કસંગત અને ન્યાયી સંકલન સમયાંતરે કરવાનું પણ અનિવાર્ય બને છે. જો આમ થાય તો જ કૃષિક્ષેત્ર પર નિર્ભર અને ગામડામાં રહેતા લોકોને આદરપાત્ર જીવનધોરણની ખાતરી મળી રહે.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1 નીચેનાં વિધાનો વાંચો અને ખરાં સામે (✓) અને ખોટાં સામે (x) નિશાની કરો :

(i) ભારત સરકાર દ્વારા અપનાવાયેલ ઉપાયોનો ઉદ્દેશ વચેટિયાઓથી ખેડૂતોને મુક્ત કરવાનો હતો. ( )

(ii) ગણોતધારામાં સુધારણાથી ભારતીય સમાજની આર્થિક અને સામાજિક અસમાનતા સમાપ્ત થઈ ગઈ. ( )

(iii) જમીન ટોચમર્યાદા પાછળનો ઉદ્દેશ એ હતો કે ફાજલ જમીન મેળવીને તેને ભૂમિહીન વર્ગોમાં વહેંચવામાં આવે. ( )

(iv) ખેતરોનાં એકત્રીકરણનું કામ સૌથી પહેલાં પંજાબમાં શરૂ થયું. ( )

2 સ્વતંત્રતા પછી અમલમાં આવેલ જમીનસુધારણાનાં સામાજિક પરિણામોનો ઉલ્લેખ કરો. (ઉત્તર દસ લીટીમાં આપો.)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## 39.6 સારાંશ

સ્વતંત્રતા પહેલાં અને પછી થયેલ કૃષિ સુધારણાઓનો આ એકમમાં પરિચય આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આઝાદી પ્રાપ્ત થઈ તે સમયે ભારતીય કૃષિક્ષેત્રની દશા દયાજનક હતી. તે સમયે સરકારને વારસામાં મળેલી ઊણપ ખામીઓ નીચે મુજબ હતી:

- સ્થગિતતા.
- નીચી ઉત્પાદકતા.
- શોષણાત્મક જમીનમાલિકી વ્યવસ્થા હતી.
- રોકાણ અને વિસ્તારની ખૂબ ઓછી શક્યતા.
- વચેટિયાઓનું (જમીનદારો, જાગીરદારો અને મહાજનોનું) વર્ચસ્વ હતું.
- તેમને ટૂંકા ગાળામાં લાભો પ્રાપ્ત કરવામાં જ રસ હતો.

આ વ્યવસ્થામાં સૌથી વધુ નુકસાન મૂળ ખેડૂતોને તથા કૃષિક્ષેત્રને થવા પામ્યું હતું. આ વસાહતી શાસનનો એક વારસો (legacy) હતો.

સ્વતંત્રતા પછી ભારતની સરકાર દ્વારા બેધારી નીતિ અપનાવવામાં આવી :

- એક તરફ લાંબા સમયથી કૃષિક્ષેત્રને નિષ્પ્રાણ બનાવતી મર્યાદાઓમાંથી ભારતીય કૃષિક્ષેત્રને મુક્ત કરવાનો પ્રયત્ન હાથ ધરાયો હતો. જૂની જમીનમાલિકીની વ્યવસ્થાને દૂર કરવાના તથા મધ્યસ્થીઓ કે વચેટિયાઓથી કૃષિતંત્રને બચાવવાના પ્રયાસો અહીં હાથ ધરાયા હતા.

- બીજી બાજુએ ભારતીય કૃષિના વિકાસ અને વિસ્તાર માટે નવેસરથી પ્રયાસ શરૂ કરવામાં આવ્યા. આવું, કૃષિક્ષેત્રને આયોજનબદ્ધ આર્થિક વિકાસનું અંગ બનાવીને જ કરી શકાય. આ વ્યવસ્થા મુજબ કેટલીક સુધારણાઓ અને તેના ઉપાય અપનાવવામાં આવ્યા, જેવાં કે જમીનની ટોચમર્યાદા, જમીનનું એકત્રીકરણ વગેરે.

આ સુધારણાઓનું પરિણામ ખૂબ અસરકારક સાબિત થયું. તેથી કૃષિમાં ઘણું પરિવર્તન આવ્યું અને તેના વિકાસની ગતિ ઝડપી બની. આ રચનાત્મક અને અપેક્ષિત પરિવર્તનો ઉપરાંત કેટલાંક નકારાત્મક પરિવર્તન પણ સામે આવ્યાં. એનું વર્ણન 39.5માં કર્યું છે. અન્તે, એમ કહી શકાય કે ભારતમાં થયેલ જમીનસુધારણાનો મુખ્ય ફાળો એ છે કે એણે ભારતીય કૃષિને એક દિશા આપી અને વિકાસનો માર્ગ મોકળો કર્યો.

## 39.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**સૂકી જમીન (Dry Land) :** સિંચાઈની સગવડ વગરની જમીન.

**ટોચમર્યાદા (Ceiling) :** વ્યક્તિગત રીતે જમીનની માલિકી ધરાવવાની કાનૂની મર્યાદા.

**પંચવર્ષીય યોજના (Five Year Plan) :** 1951-52માં ભારત સરકાર દ્વારા આયોજિત આર્થિક વિકાસ માટે હાથ ધરાયેલ પ્રયાસ (પાંચ વર્ષની યોજના નિર્ધારિત લક્ષ્યને સિદ્ધ કરવા પ્રયાસ કરે છે). આ પ્રકારની આયોજિત વિકાસની તરેહ સોવિયેટ સંઘના નમૂના (Model) પર આધારિત હતી.

## 39.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) જુઓ ભાગ 39.3

(2) જમીનસુધારણા અંગેનો વિચાર બે વિકલ્પો પર નિર્ભર હતો - સહકારી ખેતી અને વ્યક્તિગત ખેતી. સહકારી ખેતીની ધારણા સમૂહવાદી દૃષ્ટિકોણ અને વ્યક્તિગત ખેતીની ધારણા મૂડીવાદી દૃષ્ટિકોણનું પ્રતિનિધિત્વ કરે છે. જુઓ ભાગ 39.2.

(3) (i) x (ii) ✓ (iii) ✓ (iv) x

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) (i) ✓ (ii) x (iii) ✓ (iv) ✓

(2) તમારા ઉત્તરમાં હકારાત્મક પાસાંઓ (ગ્રામ્ય સમૃદ્ધિ, ગામમાં આર્થિક પ્રવૃત્તિઓનો વિસ્તાર, ગ્રામીણ ક્ષેત્રોમાં વધતી રાજકીય ભાગીદારી અને વ્યાપક લોકશાહીકરણ) અને નકારાત્મક પરિણામો (આર્થિક અસમાનતા, ગામોમાં વધતો સામાજિક તનાવ વગેરે)નો ઉલ્લેખ કરો.

# એકમ 40 ભારતની વિદેશનીતિ : 1947 - 1964 (Foreign Policy of India : 1947-1964)

**રૂપરેખા**


40.0 ઉદ્દેશો
40.1 પ્રસ્તાવના
40.2 ભારતની વિદેશનીતિના સિદ્ધાંતો
40.3 ભારતની વિદેશનીતિનો વિકાસ
40.4 બિનજોડાણવાદી આંદોલન
40.5 નિ:શસ્ત્રીકરણ
40.6 પાકિસ્તાન
40.6.1 કાશ્મીર
40.6.2 સિંધુ નદીના પાણીનો વિવાદ
40.6.3 પાકિસ્તાનને લશ્કરી મદદ
40.7 ચીન
40.7.1 તિબેટ વિવાદ
40.7.2 ભારત-ચીન સીમા પર તનાવ
40.7.3 1962નું ચીનનું આક્રમણ
40.8 દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયા
40.9 પશ્ચિમ એશિયા
40.10 મહાસત્તાઓ અને અન્ય પ્રમુખ સત્તાઓ
40.10.1 અમેરિકાનાં સંયુક્ત રાજ્યો
40.10.2 સોવિયેટ સંઘ
40.10.3 બ્રિટન
40.10.4 ફ્રાન્સ
40.10.5 જાપાન
40.10.6 ઑસ્ટ્રેલિયા
40.11 આફ્રિકાના દેશો
40.12 સારાંશ
40.13 ચાવીરૂપ શબ્દો
40.14 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો


## 40.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસના અંતે તમે –

- ભારતની વિદેશનીતિના આધારભૂત સિદ્ધાંતો જાણી શકશો.
- ભારતની વિદેશનીતિના મુખ્ય મુદ્દાઓ જાણી શકશો.
- ભારતના પાકિસ્તાન અને ચીન સાથેના સંબંધના મહત્ત્વના મુદ્દા ચર્ચી શકશો.
- ભારતના આફ્રિકા અને એશિયાના અન્ય દેશો સાથેના સંબંધો વર્ણવી શકશો.
- મહાસત્તાઓ અને અન્ય પ્રમુખ સત્તાઓ પ્રત્યેનું ભારતનું વલણ વર્ણવી શકશો.

## 40.1 પ્રસ્તાવના

આ એકમમાં 1947થી 1964 સુધીની ભારતની વિદેશ-નીતિની ચર્ચા કરવામાં આવી છે. ચર્ચાની શરૂઆત ભારતની વિદેશ—નીતિના પાયાના સિદ્ધાંતોથી કરવામાં આવી છે અને 1947 પછીના તેના વિકાસને કેન્દ્રિત કરવામાં આવ્યો છે. બિનજોડાણવાદી આંદોલન અને નિ:શસ્ત્રીકરણ દ્વારા શાંતિ સ્થાપવાના ભારતના પ્રયત્નોને પણ કેન્દ્રિત કરાયા છે. આ ઉપરાંત, ભારત-પાક સંબંધો, ભારત-ચીન સંબંધો અને દુનિયાના બીજા દેશો પ્રત્યેનાં ભારતનાં વલણોને પણ દર્શાવવામાં આવ્યાં છે.

## 40.2 ભારતની વિદેશનીતિના સિદ્ધાંતો (Principles of Indian Foreign Policy)

ભારતની વિદેશ-નીતિના પાયાના સિદ્ધાંતો નીચે પ્રમાણે વર્ણવી શકાય:

(i) ભારત દ્વિપક્ષી કે બહુપક્ષી સરકારી જોડાણના પક્ષમાં ક્યારેય પણ રહ્યું નથી. વિશ્વની સમસ્યાઓના ઉકેલ માટે લશ્કરી અભિગમ લેવાનો તેણે હંમેશાં વિરોધ કર્યો છે. ઠંડું યુદ્ધ શરૂ થયા બાદ અમેરિકા અને રશિયા શસ્ત્રદોડમાં વ્યસ્ત હતા. નવાં-નવાં અણુશસ્ત્રો તૈયાર થયાં અને નવી નવી લશ્કરી સંધિ અમલમાં આવી. ભારત માનતું હતું કે આમ કરવાથી વિવિધ દેશો વચ્ચે તણાવ વધશે અને સશસ્ત્ર સંઘર્ષ થશે. તેથી, શાંતિની સ્થાપનાની સરળતા માટે, દ્વિપક્ષી કે બહુપક્ષી એવા કોઈ પણ જોડાણવાદમાંથી બાકાત રહ્યું.

(ii) ભારતની વિદેશ-નીતિ એ સ્વતંત્ર વિદેશ-નીતિ છે. તે બેમાંથી કોઈ પણ એક પ્રમુખ સત્તા સાથે સંબંધિત નથી. છતાં પણ, તે તટસ્થ વિદેશ-નીતિ નથી. વાસ્તવમાં, આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ ઉપર ભારત ક્યારેય તટસ્થ રહ્યું નથી, બલ્કે જાહેર ચર્ચાઓના તેમના ગુણ-દોષને આધારે તેણે પોતાનું મંતવ્ય સ્પષ્ટ રીતે રજૂ કર્યું છે. ક્યારેક તેની નીતિના કારણે કેટલીક પ્રમુખ સત્તાઓ નાખુશ થઈ છે. પણ ત્રીજા વિશ્વના ઘણા દેશોએ તેની નીતિની પ્રશંસા કરી છે.

(iii) ભારતે બધા જ દેશો સાથે મિત્રતા જાળવવાનો પ્રયત્ન કર્યો છે. પછી તે અમેરિકાતરફી હોય (મૂડીવાદી હોય) કે રશિયાતરફી હોય (સમાજવાદી હોય). ભારતે એક દેશ વિરુદ્ધ બીજા દેશને લડાવવાની નીતિનો ક્યારેય અમલ નથી કર્યો. ભારતે લોકશાહી સરકારની રચના કરી છે. પરંતુ આ લોકશાહીને લીધે ભારત પશ્ચિમી લોકશાહી દેશો સાથે વધુ જોડાયેલું છે અને સામ્યવાદી દેશોથી દૂર રહ્યું છે એમ બન્યું નથી.

(iv) ભારત ઘણા સમય સુધી બ્રિટિશ વસાહતમાં રહ્યું હોવાથી સ્વતંત્રતા મળતાં તેણે વસાહતવિરોધી નીતિને પ્રોત્સાહન આપ્યું. વિશ્વના નકશા પર ભારત એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ઊપસ્યું. તેની સાથે જ એશિયા-આફ્રિકા અને લૅટિન અમેરિકાના બીજા વસાહતી દેશોએ સ્વતંત્ર થવાની ચળવળ શરૂ કરી. ભારતની સ્વતંત્રતાના પગલે શ્રીલંકા, બર્મા અને ઈન્ડોનેશિયા સ્વતંત્ર થયાં. ત્યાર બાદ ભારતે વિવિધ આંતરરાષ્ટ્રીય ચર્ચાઓમાં વસાહતવાદની વિરુદ્ધ બોલીને આફ્રિકાના દેશોની સ્વતંત્રતામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

(v) ભારતની વિદેશ-નીતિમાં બીજી એક અગત્યની છતાં મુશ્કેલ બાબત એ તેની રંગભેદ વિરોધી નીતિ છે. આગળ જણાવ્યા મુજબ (એકમ - 16માં) 19મી સદીના અંતમાં અને 20મી સદીની શરૂઆતમાં દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ રંગભેદ વિરુદ્ધ લડત આપી હતી. પરંતુ માનવજાત માટે એ અત્યંત શરમજનક છે કે હજી આજે પણ દક્ષિણ આફ્રિકામાં રંગભેદ અત્યંત ક્રૂર સ્વરૂપે અસ્તિત્વમાં છે. સમગ્ર વિશ્વ તથા સંસ્કૃતિનો દરેક સિદ્ધાંત તેનો અનાદર કરે છે. 1946માં સર્વપ્રથમ ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં સર્વપ્રથમ આ મુદ્દો ઉઠાવ્યો હતો. ત્યારથી આજ સુધી સમગ્ર વિશ્વવ્યાપી (રંગભેદ વિરોધી) આંદોલનમાં ભારત સક્રિય ભાગ લઈ રહ્યું છે.

(vi) ભારત એમ માને છે કે શસ્ત્રોની હોડ અને લશ્કરી જોડાણોને રોક્યા વગર વિશ્વમાં શાંતિ સ્થાપવી અસંભવ છે. ભારત નિઃશસ્ત્રીકરણને વિશ્વશાંતિ માટેની ચાવી માને છે. તદુપરાંત, નિઃશસ્ત્રીકરણ દ્વારા શસ્ત્રો પાછળ ખર્ચાતી જંગી રકમને બચાવી શકાય અને તેનો ઉપયોગ ગરીબ દેશોના વિકાસ માટે કરી શકાય.

## 40.3 ભારતની વિદેશનીતિનો વિકાસ (Evolution of Indian Foreign Policy)

સ્વતંત્રતાના શરૂઆતનાં વર્ષોમાં ભારતની વિદેશનીતિને કેટલાક લોકો તટસ્થ માનતા હતા, કારણ કે ભારત પોતાને પશ્ચિમનાં રાષ્ટ્રો અને સોવિયેટ સંઘ બન્નેથી દૂર રાખવા માંગતું હતું. પરંતુ તટસ્થતા એ કાયદાકીય વિભાવના છે અને ભારત એ અર્થમાં ક્યારેય તટસ્થ રહ્યું નથી. હકીકતમાં તો, તેણે હંમેશાં બધા જ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર તેની ગુણવત્તાના આધારે પોતાનો મત દર્શાવ્યો છે. તેથી ભારતની વિદેશનીતિને સ્વતંત્ર વિદેશનીતિ કહેવી જોઈએ, તટસ્થ નહીં. 1955ની બાંડુંગ કૉન્ફરન્સ પછી જ 'બિન-જોડાણવાદ' શબ્દ અસ્તિત્વમાં આવ્યો અને 'બિન-જોડાણવાદી' રાષ્ટ્રોની પહેલી કૉન્ફરન્સ 1961માં બેલગ્રેડમાં મળી. પહેલી વાર જ્યારે ભારતીય વિદેશનીતિનો સિદ્ધાંત સામે આવ્યો ત્યારે વિશ્વ બે જોડાણોમાં વિભાજિત હતું. અમેરિકાનાં સંયુક્ત રાજ્યો અને સોવિયેટ સંઘ એ બે જોડાણોનું પ્રતિનિધિત્વ કરતાં હતાં અને એમની વચ્ચે વિશ્વ પર પ્રભાવ જમાવવા માટે હરીફાઈ ચાલી રહી હતી. પચાસ અને સાઠના દાયકાઓમાં બે મહાસત્તાઓથી નિરપેક્ષ અને તેમની નાપસંદગી વહોરીને પણ કેટલાક આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ભારતે પોતાનાં સ્વતંત્ર મંતવ્યો આપ્યાં હતાં.

સમયની સાથે સાથે પરિસ્થિતિ પણ બદલાઈ અને પાછળથી ભારતની વિદેશ-નીતિની ખૂબ પ્રશંસા થઈ. બે મહાસત્તાઓ વચ્ચેનો તનાવ ઘટ્યો ત્યારે ભારતની વિદેશ-નીતિનું મહત્ત્વ ઘણું વધી ગયું. બંને દેશો વચ્ચેની નિરવધાન અને નિરંકુશ અણુશસ્ત્રો અને પરંપરાગત શસ્ત્રો માટેની હરીફાઈએ વિશ્વમાં એક નવી પરિસ્થિતિ ઉત્પન્ન કરી સત્તાનું સંતુલન નીચેનાં કારણોને લીધે બદલાયું :


- ચીન સોવિયેટ વિવાદ
- વિયેટનામમાં અમેરિકાનો હસ્તક્ષેપ
- ફ્રાન્સની અણુક્ષેત્રમાં સ્વતંત્ર ક્ષમતા સિદ્ધ કરવાનો નિર્ણય
- ચીન દ્વારા અણુશસ્ત્રોનું નિર્માણ

આમ સત્તાનું સંતુલન બે ધ્રુવોથી ખસીને બહુ ધ્રુવોમાં વિભાજિત થયું. થોડા સમય પછી ભારતે પોતે પણ લશ્કરી ક્ષમતા વધારી જેને અવગણી શકાય નહીં. પરિસ્થિતિઓના પરિવર્તન સાથે ભારતની વિદેશ-નીતિમાં પણ પરિવર્તન આવ્યું. પણ તેણે તેના મૂળભૂત સિદ્ધાંતો છોડ્યા નહિ. ભારતની વિદેશનીતિ નીચેની બાબતો પર આધારિત હતી :

- ઉત્તર અને પશ્ચિમ સીમાઓ પર સુરક્ષાની માંગ
- હિન્દી મહાસાગર ક્ષેત્રમાં થનાર પરિવર્તનથી ઉદ્દભવેલ પડકારો
- વિદેશી સહાય અને મદદ પ્રાપ્ત કરવાની જરૂર
- બીજા દેશો સાથેના વેપારનો વિકાસ

## 40.4 બિનજોડાણવાદી આંદોલન (Non-Aligned Movement)

બિનજોડાણવાદી આંદોલન એ ભારતના પ્રયત્નોનું પરિણામ હતું. આ પ્રયત્નોનું ધ્યેય તો આંતરરાષ્ટ્રીય બાબતોમાં પ્રમુખ સત્તાઓની 'પાક્ષિક રાજનીતિ'ને પડકારવાનું હતું. પોતાને આ પક્ષોના આધિપત્યમાંથી મુક્ત કરવા ઇચ્છતા દેશોની વચ્ચે મૈત્રીભર્યા સંબંધો વિકસાવવા એ પણ એક ધ્યેય હતું. વિશ્વમાં શાંતિ સ્થાપવાનો પ્રયત્ન એ એનું બીજું ધ્યેય હતું.



બેલગ્રેડ કૉન્ફરન્સ

1961ની બેલગ્રેડ કૉન્ફરન્સમાં બિન-જોડાણવાદી આંદોલનનું સ્વરૂપ આકાર પામ્યું. બિન-જોડાણવાદી આંદોલનના પાંચ માર્ગદર્શક નેતાઓ હતા :

- યુગોસ્લાવિયાના રાષ્ટ્રપતિ ટીટો
- ઈજિપ્તના રાષ્ટ્રપતિ નાસિર
- ઘાનાના રાષ્ટ્રપતિ નકરુમાહ
- ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સુકર્ણો
- ભારતના વડાપ્રધાન નેહરુ

પહેલી બિન-જોડાણવાદી કૉન્ફરન્સની પ્રારંભિક સમિતિએ નિમ્નલિખિત માપદંડ નક્કી કર્યા :

(i) એ દેશોએ સહઅસ્તિત્વ અને બિનજોડાણવાદ પર આધારિત સ્વતંત્ર નીતિ અપનાવવી જોઈએ અને એ નીતિના પક્ષમાં રહેવું જોઈએ.

(ii) તેણે હંમેશાં રાષ્ટ્રીય સ્વતંત્રતાનું સમર્થન કરવું જોઈએ.

(iii) તેણે બહુપક્ષીય લશ્કરી જોડાણમાં સભ્યપદ ન લેવું જોઈએ અને પ્રમુખ સત્તાઓના આપસી ટકરાવમાં સાથ આપવો ન જોઈએ.


(iv) જો એણે બીજા દેશના લશ્કરને પોતાને ત્યાં અડ્ડો જમાવવાની છૂટ આપી હોય તો એ છૂટ પ્રમુખ સત્તાઓના સંઘર્ષ માટે ન હોવી જોઈએ.

(v) જો તે કોઈ દ્વિપક્ષીય કે પ્રાદેશિક રક્ષા સમજૂતીનો સભ્ય હોય તો એ સમજૂતી પ્રમુખ સત્તાઓની રાજનીતિના સંદર્ભમાં ન હોવી જોઈએ.

સામાન્ય રીતે બિન-જોડાણવાદી કૉન્ફરન્સ દર ત્રણ વર્ષે થાય છે. એની બીજી બેઠક 1964માં કેરોમાં મળી.

## 40.5 નિઃશસ્ત્રીકરણ ( Disarment)

આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતે હંમેશાં નિઃશસ્ત્રીકરણ માટે કામ કર્યું છે. જ્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘની સનદ તૈયાર થતી હતી ત્યારે એ પ્રક્રિયા સાથે ભારત ગાઢ રીતે સંકળાયેલું હતું. આંતરરાષ્ટ્રીય નિઃશસ્ત્રીકરણના લક્ષ્યને પ્રાપ્ત કરવા, તેની સનદના પરિચ્છેદ 11માં કહ્યું છે કે સામાન્ય સભા આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા સ્થાપવા માટે સહયોગના સિદ્ધાંતને કેન્દ્રસ્થ માને છે. એની અંદર નિઃશસ્ત્રીકરણ અને શસ્ત્રીકરણને અંકુશમાં લાવવા સંબંધી બાબત પણ સામેલ કરવામાં આવી છે અને સભ્યો અથવા સુરક્ષા પરિષદ અથવા બંનેએ સાથે મળીને જ આવા સિદ્ધાંતોની ભલામણ કરી ભારતે 1947માં અણુશક્તિ આયોગની રચનાને ટેકો આપ્યો અને 1962માં અઢાર રાષ્ટ્રોની નિઃશસ્ત્રીકરણની કૉન્ફરન્સનું આયોજન કર્યું. અમેરિકાનાં સંયુક્ત રાજ્યો અને સોવિયેટ સંઘ સંપૂર્ણ કે આંશિક નિઃશસ્ત્રીકરણ સાથે સંમત ન થયા તેથી આ મુદ્દો વણઊકલ્યો રહ્યો. ભારત વધતા જતા અણુશક્તિના જથ્થાનું વિરોધી હતું અને તેણે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં તેમ જ અન્ય આંતરરાષ્ટ્રીય ચર્ચાઓમાં એની વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો.




નિઃશસ્ત્રીકરણ વિશે આર. કે. લક્ષ્મણનું ઠઠ્ઠાચિત્ર, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, ૨૫ નવેમ્બર, ૧૯૫૦

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1 ભારતની વિદેશ નીતિના મહત્ત્વના સિદ્ધાંતોનો ઉલ્લેખ પાંચ લીટીમાં કરો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

2 બિન-જોડાણવાદ એટલે શું ? બિન-જોડાણવાદી રાષ્ટ્રોએ કયા કયા સિદ્ધાંતોનું પાલન કરવું પડે છે? દસ લીટીમાં લખો.

.....................................................................................

.....................................................................................

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

3 ખરા અથવા ખોટા ઉત્તર સામે અનુક્રમે (✓) અથવા ( x ) નિશાની કરો.

(1) ભારતે લશ્કરી જોડાણનો વિરોધ કર્યો ન હતો.

(2) આંતરરાષ્ટ્રીય બાબતો પર ભારત હંમેશાં તટસ્થ રહ્યું.

(3) ભારતની વિદેશ-નીતિએ વિશ્વશાંતિની સ્થાપના પર સૌથી વધુ ભાર મૂક્યો.

(4) આંતરરાષ્ટ્રીય બાબતો પર 'પાક્ષિક રાજનીતિ' દ્વારા ઉત્પન્ન થયેલા તનાવને દૂર કરવા માટે બિન-જોડાણવાદી આંદોલન એક સામૂહિક પ્રયાસ છે.

## 40.6 પાકિસ્તાન (Pakistan)

પાકિસ્તાન ભારતનું મુખ્ય વિરોધી રહ્યું છે. ભારત-પાકિસ્તાન વચ્ચેના અણબનાવનું કારણ પાકિસ્તાનના સર્જનની રીતમાં છુપાયેલું છે. 1947ના ભારતના વિભાજને બંને દેશો માટે સમસ્યાઓ હલ કરવાને બદલે કેટલીક નવી સમસ્યાઓ ઊભી કરી છે. બંને દેશો શસ્ત્રોની દોડમાં વ્યસ્ત રહ્યા, જેને પરિણામે ભારત-પાક યુદ્ધ થયું. આ યુદ્ધે બંનેના વિકાસમાં રુકાવટ ઊભી કરી અને તેમની પૂંજી યુદ્ધમાં ખર્ચાઈ ગઈ. શરૂઆતથી જ પાકિસ્તાન બધાં જ ક્ષેત્રોમાં ભારતની બરોબરી કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે. એની બીજી સમસ્યા એની પોતાની સ્વતંત્ર ઓળખ ઊભી કરવાની હતી. આ વિભાજન કૃત્રિમ અને બનાવટી હતું. ભૌગોલિક, ઐતિહાસિક, પારંપરિક અને સાંસ્કૃતિક રીતે જે ભારતનું 1947 સુધી એ એક અંગ હતું. તેનાથી અલગ જ પોતાની ઓળખ એણે ઊભી કરવાની હતી. આમ, બધા જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પાકિસ્તાને ભારત સાથે હરીફાઈ શરૂ કરી દીધી અને તેના પર આધિકાર જમાવવા માટે બધા જ પ્રકારનાં સાધનોનો ઉપયોગ શરૂ કર્યો. દાખલા તરીકે, પાકિસ્તાને પશ્ચિમ એશિયાના મુસ્લિમ દેશો સાથે પોતાનો ધાર્મિક સંબંધ સ્થાપવો શરૂ કર્યો. આમ છતાં, પશ્ચિમ એશિયાના દેશો સાથે ભારતનો સંબંધ મૈત્રભર્યો રહ્યો.

પાકિસ્તાનની સુરક્ષાની દૃષ્ટિએ ભારતનું કદ, એની વસ્તી, એની પૂંજી અને એની કાર્યક્ષમતા પડકારરૂપ હતાં. પરિણામે, પાકિસ્તાન તેની લશ્કરી શક્તિ વધારવામાં પ્રયત્નશીલ રહ્યું. આ હેતુ માટે એણે વિશ્વના અન્ય દેશો પાસેથી લશ્કરી સહાય માંગી. પાકિસ્તાન પશ્ચિમ પક્ષમાં જોડાયું અને ઠંડા યુદ્ધનું ભાગીદાર બન્યું. ભારતે પણ તેની સુરક્ષા માટે તેની લશ્કરી તાકાત મજબૂત બનાવી. જોકે ભારતે હંમેશાં વિવિધ બાબતોનો ઉકેલ મસલતો દ્વારા હલ કરવાની તરફદારી કરી છે.

### 40.6.1 કાશ્મીર (Kashmir)

કાશ્મીર, એ ભારત-પાકિસ્તાન વચ્ચેની સૌથી વધુ કાંટાળી સમસ્યા છે. 26 ઑક્ટોબર 1947ના દિવસે ભારતે કાશ્મીરને પોતાનો અંતર્ગત ભાગ જાહેર કર્યો. પરંતુ પાકિસ્તાન એ માનવા તૈયાર ન હતું અને તેણે કેટલીક જનજાતિઓની આડમાં છુપાઈને આક્રમણ કર્યું. ભારતે ઝડપી લશ્કરી પગલાં લીધાં અને શેખ અબદુલ્લાહના નેતૃત્વમાં ત્યાંની સ્થાનિક પ્રજાની મદદથી પાકિસ્તાની હુમલાખોરોને કાઢી મૂક્યા. કમનસીબે, ભારતે આ કામ પૂરું કર્યા વગર સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદમાં ફરિયાદ દાખલ કરી. આ મામલો જાન્યુઆરી 1948માં દાખલ કરાયો અને 1 જાન્યુ. 1949ના દિવસે યુદ્ધવિરામની ઘોષણા કરવામાં આવી. 1947માં ભારતે આંતરરાષ્ટ્રીય નિરીક્ષણ અંતર્ગત લોકમત લેવાનો પ્રસ્તાવ રાખ્યો. પરંતુ 1955માં કેટલીક બદલાયેલી પરિસ્થિતિને કારણે એ પ્રસ્તાવ તેણે પાછો ખેંચી લીધો. જોકે કાશ્મીરના મુદ્દા પર સંયુક્ત રાષ્ટ્રસંઘ અને અન્ય આંતરરાષ્ટ્રીય ચર્ચાઓમાં મુત્સદીપૂર્ણ વાક્યુદ્ધ ચાલતાં રહ્યાં, પણ 1964 સુધી યુદ્ધની નોબત આવી ન હતી. પરંતુ કાશ્મીર સમસ્યાનું કોઈ સમાધાન ન થયું અને બંને દેશો પર એની પ્રતિકૂળ અસર પડી. હકીકતમાં બંને દેશોની અંકુશ રેખાઓ બંને દેશોની સીમા બની ચૂકી હતી. અને બંનેમાંથી કોઈ પણ આગ્રહપૂર્વક એને બદલવાની ઇચ્છા દર્શાવતા ન હતા.

### 40.6.2 સિંધુ નદીના પાણીનો વિવાદ (Indus River Water Dispute)

વિભાજને ઘણી સમસ્યા ઊભી કરી. એમાં એક છે સિન્ધુ નદીના પાણીનો ભાગ. બંને દેશ સિંધુ નદી અને તેની

સહાયક બીજી નદીના પાણીનો વધુમાં વધુ ઉપયોગ કરવા માગતા હતા. ભારત અને પાકિસ્તાન બંને અન્નની બાબતમાં આત્મનિર્ભર થવા માંગતા હતા. અને તેથી સિંધુ નદીના આ જલનો અધિકતમ ઉપયોગ કરવા માંગતા હતા.

વિભાજન સમયે સિંધુ નદી દ્વારા સિંચિત 280 લાખ એકર જમીનમાંથી ભારત પાસે 50 લાખ એકર જમીન રહી હતી. મોટા ભાગની પશ્ચિમની નદીઓ સમુદ્રમાં મળી જતી હતી. અને પાકિસ્તાની નહેરો પૂર્વની નદીઓ પર આશ્રિત હતી. આ નદીઓનું પાણી પૂર્વ પંજાબમાં થઈને પાકિસ્તાનમાં જતું હતું. ભારતનો કૃષિવિકાસ પણ રાવી, બિયાસ અને સતલજ જેવી પૂર્વની નદીઓનાં પાણી પર આશ્રિત હતો. પાકિસ્તાનની નહેરોનો એ ભાગ જે નદી સાથે જોડાયેલો હતો તે ભારતની ભૂમિમાં આવતો હતો. આ જ તનાવનું કારણ હતું. પાકિસ્તાનમાં પૂર આવે કે દુકાળ પડે તો પાકિસ્તાની સરકાર ભારતને દોષી ઠરાવતી હતી. એણે પાણી માટે ભારતને દોષી ઠેરવ્યું અને ન્યાયપૂર્ણ ભાગની માગણી કરી. બીજી બાજુ ભારત આ સમસ્યાના ઉકેલ માટે તત્પર હતું. વિશ્વ- બૅંકની દેખરેખ હકળ 17 એપ્રિલ, 1959 એ વૉશિંગ્ટનમાં નહેરના પાણીના ભાગલા બાબતે અંતિમ સમજૂતી થઈ એ પછી બંને દેશો વચ્ચે ખૂબ સમજૂતીઓનો દોર ચાલ્યો. 19 સપ્ટેમ્બર, 1969ના દિવસે કરાંચીમાં નહેરના પાણીની સંધિ પર દસ્તખત કરવામાં આવ્યા.

### 40.6.3 પાકિસ્તાનને લશ્કરી મદદ (Military Aid to Pakistan)

પાકિસ્તાને અમેરિકાનાં સંયુક્ત રાજ્યો સાથે પરસ્પર સંરક્ષણના સહયોગમાં સમજૂતી કરી અને 1954ના સપ્ટેમ્બરમાં દક્ષિણ-પૂર્વ-એશિયા સંધિ-સંગઠન (South-East-Asia-Treaty-Organisation SEATO)નું સભ્ય બની ગયું. 1959માં પાકિસ્તાને અમેરિકાનાં સંયુક્ત રાજ્યો સાથે દ્વિપક્ષીય મદદ માટે સમજૂતી કરી જેથી અમેરિકાએ પાકિસ્તાનની લશ્કરી તાકાતમાં વધારો કર્યો. આથી ભારતને પોતાની સુરક્ષામાં જોખમ લાગ્યું. આમ છતા ભારતે કોઈ પણ પ્રમુખ સત્તા સાથે જોડાણ ન કર્યું.

## 40.7 ચીન (China)

સ્વતંત્રતા મળ્યા પછી સૌ પ્રથમ, ભારતે ચીન સાથે રાજનૈતિક સંબંધ સ્થાપિત કર્યો. એ સમયે ચીનમાં ચ્યાંગ કાઈ શેકની રાષ્ટ્રીય સરકારનું શાસન હતું પરંતુ 1949માં સામ્યવાદીઓએ રાષ્ટ્રીય સરકારને ઉખેડી કાઢી અને માઓત્સે-તુંગના નેતૃત્વમાં નવી સરકારની રચના થઈ. ભારતે 30 ડિસેમ્બર, 1949ના દિવસે આ સરકારને માન્યતા આપી. એ પછી ભારતે ચીનના લોકતંત્રીય ગણરાજ્યને રાષ્ટ્રીય સંઘમાં સામેલ કરવામાં આવે એ માટે સતત પ્રયત્ન કર્યા. સ્વતંત્રતા મળ્યા પછી તરત જ ભારતે ચીન સાથે મૈત્રીભર્યો સંબંધ રાખ્યો. પરંતુ પરિણામ નિરાશાજનક આવ્યું. ભારત-ચીન સંબંધોના તનાવને સમજવા માટે તિબેટ અંગેની સમસ્યાઓ સીમા-વિવાદો, અને 1962ના ચીનના આક્રમણ અંગે વિવિધ પાસાંઓ જાણવાં આવશ્યક છે.

### 40.7.1 તિબેટ વિવાદ (Developments in Tibet)

1950માં ચીનની જનમુક્તિ-સેના (Chinese People's Liberation Army - PLA) એ તિબેટમાં પ્રવેશ કર્યો અને અંતે પોતાને આધીન કર્યું. ભારતને આથી સખત આઘાત લાગ્યો. તિબેટના ક્ષેત્રમાં આવેલ 2000 માઈલની સીમા પરંપરાથી ભારતને આધીન હતી એના પર અંગ્રેજો તરફથી ભારતને કેટલાક અધિકાર મળ્યા હતા. આમ છતાં, ભારતે ચીન સાથે લડાઈ ન કરી અને મૈત્રીભર્યો સંબંધ ચાલુ રાખ્યો. 1955માં ભારતે ચીન સાથે સમજૂતી કરીને તિબેટ પર ચીનનો અધિકાર માન્ય રાખ્યો. આ સંધિમાં પાંચ સિદ્ધાંત સામેલ હતા. એથી એને પંચશીલ પણ કહેવામાં આવે છે. એ ભારત અને ચીનના સંબંધોના માર્ગદર્શક સિદ્ધાંત બન્યા. એ પાંચ સિદ્ધાંતો હતા -

- એકબીજાની ક્ષેત્રીય અખંડતા અને સત્તાનું સન્માન.
- એકબીજા પર આક્રમણ ન કરવું.
- એકબીજાના મામલામાં હસ્તક્ષેપ ન કરવો.
- સમાનતા અને પરસ્પર હિત.
- શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ.

1954ની સંધિ અંતર્ગત ભારતે ચીનને નવી દિલ્હી, કલકત્તા અને કલિંગપોટંગમાં પોતાની વેપારી પેઢીઓની સ્થાપનાની છૂટ આપી. એના જવાબમાં ચીને ભારતને તિબેટમાં વેપારકેન્દ્ર સ્થાપવાની અનુમતિ આપી.

1959માં તિબેટમાં એક આંદોલન થયું જેને ચીને તરત જ દબાવી દીધું. એમાં પરિણામસ્વરૂપે ભારતમાં ઘેરો રોષ પ્રગટ થયો. જ્યારે દલાઈલામા તિબેટથી ભાગીને ભારત આવ્યા ત્યારે તેમને રાજનૈતિક શરણાગતિ આપવામાં આવી. ચીનને આ વાત જરા પણ પસંદ ન આવી. 1959માં ચીને લોગજૂ પર કબજો કર્યો અને લડાખમાં ભારતીય ક્ષેત્રના 12,000 ચોરસમાઈલ ક્ષેત્ર પર પોતાનો કબજો જમાવ્યો. એ પછી બંને દેશો વચ્ચે સીમાસમસ્યા પર વિરોધપત્ર, સ્મરણપત્ર, જ્ઞાપનપત્ર મોકલવામાં આવ્યા. એમાં બંને દેશો દ્વારા પોતપોતાનો દાવો કરવામાં આવ્યો.



નહેરુ અને ચાઉ-એન-લાઈ

### 40.7.2 ભારત-ચીન સીમા પર તનાવ (Tension on India-China Border)

તિબેટવિવાદથી પ્રેરાઈને ચીને ભારતની સીમાનું ઉલ્લંઘન કરવું શરૂ કર્યું. ચીને ભારતના ભૂમિક્ષેત્રના ઘણા ભાગ પર પોતાનો દાવો કર્યો જેનો ભારતે દૃઢતાપૂર્વક અસ્વીકાર કર્યો. એપ્રિલ 1960માં ચીનના વડાપ્રધાન ચાઉ એન લાઈ સીમાવિવાદનો પ્રશ્ન ઉકેલવા નવી દિલ્હી આવ્યા પરંતુ આ સમસ્યાનું કોઈ સમાધાન થયું નહીં. બંને દેશના અધિકારીઓએ પણ એકબીજા સાથે મસલત કરી પરંતુ કોઈ સમજૂતી થઈ શકી નહીં. અને સીમા પર છૂટાં-છવાયાં આક્રમણ થતાં રહ્યાં. ભારતની સીમાનું ઉલ્લંઘન કરીને ચીન હંમેશાં ભારત પર દબાણ કરતું રહ્યું.

### 40.7.3 1962નું ચીનનું આક્રમણ (Chinese Aggression of 1962)

ઑક્ટોબર, 1962માં ચીને ઉત્તરપૂર્વ સીમાંત એજન્સી (N.E.F.A. નેફા - હાલનો અરુણાચલ પ્રદેશ) અને લડાખ પર આક્રમણ કર્યું. આમ ચીન અને ભારત વચ્ચે યુદ્ધ શરૂ થયું જેમાં ભારતની હાર થઈ.

જોકે નવે. 1962માં ચીને પાછા ફરવાની એકતરફી ઘોષણા કરી. યુદ્ધ દરમિયાન લશ્કરી સહાય માટે ભારત પશ્ચિમના દેશો પર આધારિત રહ્યું. સોવિયેટ સંઘે પણ ભારતને સમર્થન આપ્યું. પરંતુ ચીને લડાખના મોટા ભાગ પર પોતાનો કબજો જમાવી રાખ્યો. આથી ચીનના અધિકારમાં સિન-કિયાંગ અને દક્ષિણ ચીનને જોડનાર મહત્ત્વનું ક્ષેત્ર આવી ગયું.

આ ધક્કા પછી ભારતની વિદેશનીતિ પર શંકા કુશંકા થવા લાગી. ભારતે એવો રાજનૈતિક રસ્તો શોધવાનો પ્રયત્ન કર્યો જેમાં ચીન પર તે દબાણ લાવી શકે, તે ભારતને તેનો હિસ્સો પરત કરી દે. પણ તેને ધારી સફળતા ન મળી. 1962માં કોલંબોમાં ભારત-ચીન વિવાદના શાંતિપૂર્ણ ઉકેલ માટે એક બેઠક મળી જેમાં ઇન્ડોનેશિયા, કંબોડિયા, બર્મા, સંયુક્ત આરબ-ગણરાજ્ય, ઘાના અને શ્રીલંકાએ ભાગ લીધો. પરંતુ ચીનના નકારાત્મક વલણથી કંઈ સમાધાન થઈ શક્યું નહીં. આમ, સીમાવિવાદને કારણે ભારત અને ચીનના સંબંધો તનાવપૂર્ણ બની રહ્યા.

1962 પછી અને દક્ષિણ અને દક્ષિણ પૂર્વ એશિયાના ક્ષેત્રમાં પોતાની સ્થિતિ મજબૂત કરવી શરૂ કરી દીધી. એણે જ્યાં શક્ય હતું ત્યાં ભારતનો પ્રભાવ રોકવાનો પ્રયત્ન કર્યો અને પાકિસ્તાન અને બર્માની સાથે ગાઢ સંબંધ સ્થાપિત કર્યો. બીજી બાજુ ભારત આ પરિસ્થિતિને કારણે પોતાની લશ્કરી તાકાત મજબૂત બનાવવા મજબૂર બન્યું.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1 ભારત અને પાકિસ્તાનના તનાવપૂર્ણ સંબંધોના મહત્ત્વનાં કારણોનો ઉલ્લેખ દસ લીટીમાં કરો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2 1950માં ચીને તિબેટ પર કબજો કર્યો ત્યારે ભારતનું વલણ કેવું હતું? (પાંચ લીટીમાં ઉત્તર લખો.)

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

3 નીચેનાં વિધાનો સાચાં (✓) છે કે ખોટાં (x) છે તે જણાવો :

(i) ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ નદીના પાણીના ભાગ માટે કોઈ તનાવ ન હતો.

(ii) પાકિસ્તાન દક્ષિણપૂર્વ એશિયાઈ સંધિ સંગઠન (SEATO)નું સભ્ય બન્યું.

(iii) 1954 પછી તિબેટ સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું.

(iv) 1962 પછી ભારતના સુરક્ષા બજેટમાં ખૂબ વધારો થયો.

## 40.8 દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયા (South And South-East Asia)

ભારતે દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયાના દેશો સાથેના સંબંધના વિકાસ પર વધુ ભાર મૂક્યો અને આ ક્ષેત્રની શાંતિ અને વિકાસમાં મહત્ત્વની ભૂમિકા અદા કરી. બે મહાસત્તાઓ વચ્ચે ચાલી રહેલ ઠંડા યુદ્ધને કારણે ભારત આ ક્ષેત્રમાં શાંતિદલની ભૂમિકા નિભાવી શક્યું નહીં પરંતુ ભારતે આ બધા દેશો સાથે મૈત્રી અને સહકારભર્યો સંબંધ ચાલુ રાખ્યો. જિનીવા કૉન્ફરન્સમાં ભારતને આ ક્ષેત્રનું શાંતિદૂત બનાવવામાં આવ્યું ને આંતરરાષ્ટ્રીય અંકુશ આયોગનું એ અધ્યક્ષ બન્યું. અહીં ભારત અને દક્ષિણ તથા દક્ષિણપૂર્વ એશિયાના દેશો વચ્ચેના સંબંધની જાણકારી આપવામાં આવી છે.

**નેપાળ**

ભૌગોલિક દૃષ્ટિએ નેપાળ હિમાલયના દક્ષિણ ઢોળાવ અને ભારતની ઉત્તર સીમા વચ્ચે આવેલું સુરક્ષાની દૃષ્ટિએ તે ભારત સાથે અવિભાજ્ય રીતે જોડાયેલું છે. ભારત આ સત્યને સમજતું હતું તેથી જુલાઈ 1950માં તેણે નેપાળ સાથે એક સંધિ કરી. ભારતે નેપાળની સત્તા, ક્ષેત્રીય અખંડતા અને સ્વતંત્રતાને માન્યતા આપી. બંને દેશોએ કોઈ પણ સમસ્યા પર ગેરસમજ થાય તો એકબીજાને જાણ કરવાની સમજૂતી કરી.

**ભૂતાન**

હિમાલયની મધ્યમાં આવેલ અને ચીન સાથે એક જ સરહદથી જોડાયેલ ભૂતાન ભારત સાથે યુદ્ધની દ્રષ્ટિએ સંકળાયેલું છે. ઑગસ્ટ 1949માં બંને દેશોએ કાયમી શાંતિ અને મિત્રતા માટે એક સંધિ કરી. ભારતે ભૂતાનના આંતરિક મામલામાં ડખલ ન કરવાનું વચન આપ્યું તો બીજી બાજુ ભૂતાને વિદેશી સંબંધો માટે ભારતની સલાહ પર ચાલવાની તૈયારી બતાવી.

**શ્રીલંકા**

શ્રીલંકા હિંદી મહાસાગરમાં આવેલું છે ને ભારતનો પડોશી દેશ છે. શ્રીલંકામાં ચાલતી કોઈ પણ પ્રવૃત્તિની અસર ભારતની શાંતિ અને સુરક્ષા પર પડે છે. શ્રીલંકામાં મુખ્યત્વે બે જાતિ રહે છે, સિંહાલીઓ અને તમિળો. આ બંને જાતિઓ વચ્ચે સંઘર્ષ અને વિવાદ સતત ચાલ્યા કરે છે. 1958માં અને ત્યાર બાદ સિંહાલીઓ અને તમિળો વચ્ચે ગંભીર પ્રકારનાં હુલ્લડો થયાં. આ સમયે ભારતે સંસદમાં અને સંસદ બહાર તમિળોના પક્ષમાં સહાનુભૂતિ પ્રગટ કરી. જોકે શ્રીલંકાની સરકારને આ વાત પસંદ ન પડી. ભારત શ્રીલંકાના આંતરિક ઝઘડાને તેની આંતરિક બાબત માને છે. ભારતનો શ્રીલંકા સાથે મૈત્રીભર્યો સંબંધ છે. અને અરસપરસ આર્થિક અને વ્યાપારિક સંબંધ પણ છે શ્રીલંકા બિનજોડાણવાદી આંદોલનનું સમર્થક છે અને કોઈ પણ લશ્કરી જોડાણનું સભ્ય નથી.

**બર્મા**

યૂ-યૂના નેતૃત્વમાં ભારત અને બર્મા વચ્ચે સારા સંબંધ હતા. બંને દેશોએ આફ્રિકા અને એશિયાના દેશો વચ્ચે ભાઈચારાની ભાવના માટે ઘણા પ્રયત્નો કર્યા છે. પરંતુ યુનુના સત્તાપતન પછી ત્યાં સરમુખત્યારશાહી આવી અને 1962 પછી બર્માની વિદેશનીતિ તેના પોતામાં જ સીમિત રહી ગઈ. જોકે, ભારતે બર્મા સાથે એક પડોશી રાષ્ટ્રને નાતે મિત્રતા અને સુમેળભર્યો સંબંધ રાખ્યો છે.

**થાઈલેન્ડ**

થાઈલેન્ડ જે ક્યારેય વસાહત રહ્યું ન હતું તે 1954ના સપ્ટેમ્બરમાં દક્ષિણ-પૂર્વ એશિયાઈ સંધિસંગઠન (SEATO)નું સભ્ય બન્યું. દપૂએસનું મુખ્ય કાર્યાલય બેંગકોકમાં સ્થપાયું અને થાઈલેન્ડે ઠંડા યુદ્ધમાં સોવિયેટ સંઘમાં પશ્ચિમી રાજ્યોની તરફદારી કરી. આ છતાં કેટલાંક સાંસ્કૃતિક તથા આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને આર્થિક સંબંધ સુધારવા માટે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સમજૂતી ચાલુ છે.

**કંબોડિયા**

પ્રિન્સ નરોદામસિંહાનુકની અધ્યક્ષતામાં કંબોડિયાનો સંબંધ ભારત સાથે મૈત્રીપૂર્ણ રહ્યો. આ બંને દેશોએ સાથે મળીને પોતાને ઠંડા યુદ્ધનો ભાગ બનતા બચાવ્યા. આંતરરાષ્ટ્રીય અંકુશ આયોગના અધ્યક્ષ હોવાને નાતે ભારતે સંતોષજનક રીતે આ દેશની ભારત અને ચીન સાથે જોડાયેલી સીમાઓ અંગે નિર્ણય કર્યો. 1955ની બાંડુંગ કૉન્ફરન્સમાં કંબોડિયા અને ભારતે સક્રિય ભાગ લીધો. નેહરુ અને સિંહાનુક એકબીજાના પ્રશંસક હતા અને તેથી બંને દેશોના મૈત્રીપૂર્ણ સંબંધોમાં વધારો થયો.

**લાઓસ**

લાઓસ સાથે પણ ભારતનો ઘનિષ્ઠ સંબંધ હતો. ભારતે લાઓસની તટસ્થતાની નીતિનું સમર્થન કર્યું. લાઓસે બિનજોડાણવાદનીતિનું અનુકરણ કર્યું અને આંતરરાષ્ટ્રીય બાબતો પર બંને દેશોના વિચારો સરખા રહ્યા છે.

**વિએટનામ (ઉત્તર અને દક્ષિણ)**

ભારત વિએટ ચિહ્નની સમાપ્તિ, એનું બે ભાગોમાં વિભાજન, તથા બંને વિએટનામોના આંતરિક સંઘર્ષથી ખૂબ ચિંતિત હતું. વિએટનામ લોકતાંત્રિક ગણરાજ્ય અને વિએટનામ ગણરાજ્ય બંને સાથે ભારતનો સંબંધ એક સલાહકાર તરીકેનો છે. ભારત આ ક્ષેત્રના વિકાસ અને શાંતિ માટે કામ કરવા માંગતું હતું પણ દક્ષિણ-વિએટનામમાં જ્યાં ન્ગો-દિન્હ-દિએમનું શાસન હતું, ત્યાં ભારતને સહકાર મળ્યો નહીં. આ શાસન અમેરિકાની અસર નીચે હતું. ભારતે ક્રમશ: 1957-58 દિલ્હી આવેલ ન્ગો-દિન્હ-દિએમ અને હો-ચિ-મિન્હનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. ભારત બંને વિએટનામોની એકતાના સંબંધમાં અલિપ્ત રહેવા માંગતું હતું. હો-ચિ-મિન્હ અને હિન્દીચીનના સ્વતંત્રતા સંગ્રામને ભારતના લોકો તરફથી બહોળો ટેકો મળ્યો.

**ફિલિપાઈન્સ**

દક્ષિણપૂર્વ એશિયાઈ સંધિ સંગઠન (SEATO)ના રૂપમાં ફિલિપાઈન્સ પશ્ચિમનાં રાષ્ટ્રો સાથે લશ્કરી જોડાણમાં હતું. ભારતને એની સાથે રાજનૈતિક સંબંધો હતા. ભારતે તેની સાથે આર્થિક સંબંધ સ્થાપવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેના એ ઉદ્દેશમાં એ સફળ થઈ શક્યું નહીં. ભારત ઇચ્છતું હતું કે આફ્રિકા અને એશિયાના દેશો પશ્ચિમનાં રાષ્ટ્રો સાથે લશ્કરી જોડાણ ન કરે પરંતુ ફિલિપાઈન્સે માત્ર લશ્કરી જોડાણ જ નહીં પણ અમેરિકાને ક્લાર્ક વાયુ સેનાની છાવણી અને દરિયાઈ છાવણી પણ આપી.

**મલેશિયા**

મલેશિયામાં મલય, ચીની અને ભારતના લોકો રહે છે. એણે આફ્રિકા અને એશિયાના દેશો વચ્ચે ભાઈચારાને મજબૂત કરવા ભારતને ટેકો આપ્યો. આ દેશ પણ દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયા પ્રત્યેના

ચીનના જનવાદી ગણરાજ્યના વલણ બાબતે શંકાસ્પદ હતો. મલેશિયાએ આંતરરાષ્ટ્રીય ચર્ચાઓમાં ભારતનું સમર્થન કર્યું. ભારત સાથે તેને ગાઢ આર્થિક સંબંધ રહ્યો છે, મલેશિયાએ ભારત સાથે સંયુક્ત ઉદ્યોગોનું સ્વાગત કર્યું. નેહરુ અને ટૂંકુ અબ્દુલ રહેમાન બંનેનું શિક્ષણ બ્રિટનમાં થયું હતું અને મોટે ભાગે આંતરરાષ્ટ્રીય બાબતો પર બંનેનો દૃષ્ટિકોણ સરખો હતો. આ બાજુ ભારત અને મલેશિયા વચ્ચેનો સંબંધ વિશ્વાસ અને સહયોગ પર આધારિત હતો. ભારતે ઈન્ડોનેશિયાની 'મલેશિયાનો નાશ કરો યોજના'નો વિરોધ કર્યો અને મલેશિયાએ રાષ્ટ્રનિર્માણને પોતાનું સમર્થન આપ્યું.

**ઈન્ડોનેશિયા**

દક્ષિણપૂર્વ એશિયાના દેશોમાં ઈન્ડોનેશિયા સૌથી મોટો દેશ છે. ઈન્ડોનેશિયાના સ્વતંત્રતા આંદોલનના નેતા સુકર્ણો નેહરુના મિત્ર હતા. માર્ચ 1951માં કાયમી શાંતિ અને અપરિવર્તનશીલ મૈત્રી વધારવા માટે ભારત અને ઈન્ડોનેશિયાએ મૈત્રીની સંધિ કરી. શરૂઆતમાં ઈન્ડોનેશિયાએ આફ્રિકા અને એશિયાની એકતાને દૃઢ કરવાના પ્રયત્નને સમર્થન આપ્યું. એણે બાન્ડુંગમાં આફ્રિકા અને એશિયાના દેશોની કૉન્ફરન્સ યોજી. પણ સુકર્ણોના નેતૃત્વમાં જૂની પ્રસ્થાપિત શક્તિઓની વિરુદ્ધ નવી ઊગતી શક્તિઓના સમર્થનની વકીલાત કરી. એણે વસાહતવાદ, નવવસાહતવાદ અને સામ્રાજ્યવાદની સામે જેહાદ જગાવી. આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ભારતે આ ઉગ્ર વિચારોને સમર્થન ન આપ્યું. ભારતે નવી ઊગતી શક્તિઓના સભ્ય બનવાનો ઈન્કાર કર્યો. આની અસર ભારત અને ઈન્ડોનેશિયાના સંબંધો પર પડી. જ્યારે ચીને ભારત પર આક્રમણ કર્યું ત્યારે ઈન્ડોનેશિયા ચૂપ રહ્યું અને ભારત માટે સહાનુભૂતિ ન બતાવી. એટલે સુધી કે સુકર્ણોએ પશ્ચિમી જોડાણના વિરોધમાં જાકાર્તા-પિંડી-પેકિંગ-પ્યોંગ-યાંગના નિર્માણનું સમર્થન કર્યું. સપ્ટેમ્બર 1964માં અયૂ-સુકર્ણોએ કાશ્મીરની બાબતમાં પાકિસ્તાનને ટેકો આપ્યો અને બીજે વર્ષે ઈન્ડોનેશિયાએ નવી ઊગતી શક્તિઓને અનુરોધ કર્યો કે ભારત-પાકિસ્તાન યુદ્ધમાં પાકિસ્તાનની મદદ કરવી. આમ, છતાં ભારત ને ઈન્ડોનેશિયા વચ્ચે રાજનૈતિક, સાસ્કૃતિક અને આર્થિક સંબંધ ચાલુ રહ્યા. ભારતે ક્યારેય ઈન્ડોનેશિયાનો વિરોધ કર્યો નહીં.




સૂચિત બાંડુંગ પરિષદ વિશે પાકિસ્તાનના વલણ પર આર. કે. લક્ષ્મણનું ઠઠ્ઠાચિત્ર, 24 માર્ચ, 1955

## 40.9 પશ્ચિમ એશિયા (West Asia)

ભારત, ઈજિપ્ત, ઈરાન, સાઉદી અરેબિયા, ઈરાક, જોર્ડન, તુર્કસ્તાન, સુદાન, યેમાન, કુવૈત વગેરે પશ્ચિમ એશિયાના દેશો સાથે મૈત્રીભર્યા સંબંધ સ્થાપવા હંમેશાં પ્રયત્નશીલ રહ્યું છે. પશ્ચિમ એશિયાના દેશોમાં જ વિશ્વના તેલનો 60% ભંડાર ભર્યો છે. આ ક્ષેત્ર યુદ્ધને લગતા બે મહત્ત્વના દરિયાઈ માર્ગોને જોડે છે. કાળો સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર અહીં આવીને મળે છે અને રાતો સમુદ્ર સુએઝ નહેર દ્વારા ભૂમધ્ય સમુદ્રને મળે છે. ભારતે આ ક્ષેત્રમાં ફેલાયેલ મનદુઃખ હટાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. પેલેસ્ટાઈન સમસ્યા, આરબ-ઈઝરાઈલ વિવાદ અને સુએઝ સંકટ સામે જોતાં એમ કહી શકાય કે આરબ દેશોમાં શાંતિની સ્થાપના અને તેમના વિકાસ માટે ભારત હંમેશાં તત્પર રહ્યું છે.

### (i) પેલેસ્ટાઈન સમસ્યા (Palestine Question)

સંયુક્ત રાષ્ટ્રસંઘમાં દાખલ કરાવેલ પશ્ચિમ એશિયાના બધા જ વિવાદોમાં પેલેસ્ટાઈન સમસ્યા સૌથી વધુ સંકુલ હતી. 1947માં સૌ પ્રથમ બ્રિટને સંયુક્ત રાષ્ટ્રસંઘ સાથે પેલેસ્ટાઈન બાબતે મસલત શરૂ કરી. બ્રિટનના અનુરોધ પર સામાન્ય સભાનો પેલેસ્ટાઈનના મામલા પર વિચાર કરવા એક ખાસ સમિતિની નિમણૂક કરી. 1947માં આ સમિતિએ પોતાનો અહેવાલ રજૂ કર્યો જેમાં એણે પેલેસ્ટાઈનનું (1) આરબ રાજ્ય, (2) યહૂદી રાજ્ય અને (3) જેરુસલેમ સાથેનો વિશેષ ભાગ આંતરરાષ્ટ્રીય અંકુશમાં - એમ વિભાજન કરવાનો પ્રસ્તાવ મૂક્યો. જેરૂસલામને વિશેષ ક્ષેત્રમાં સામેલ કરવાનું હતું. સમિતિના પ્રસ્તાવનો જાહેર સભામાં બે-તૃતીયાંશ મતે સ્વીકાર કરવામાં આવ્યો. સામાન્ય સભાએ આ ભલામણના અમલ માટે એક આયોગની રચના કરી. આંતરરાષ્ટ્રીય ક્ષિતિજ પર ઈઝરાયેલ, પશ્ચિમના દેશોની સહાયથી એક વિકસતું રાજ્ય બન્યું. પરંતુ આરબ દેશો એના અસ્તિત્વનો સ્વીકાર કરવા તૈયાર ન હતા. આ ઉપરાંત પેલેસ્ટાઈની લોકો દ્વારા સ્વદેશની માંગ કરવામાં આવી જેને લોકોનો ટેકો મળ્યો અને આ સમસ્યા વધુ ગૂંચવાઈ. સંયુક્ત રાષ્ટ્રસંઘની અંદર અને બહાર ભારતે પેલેસ્ટાઈનના લોકોને ડગલેને પગલે ટેકો આપ્યો.

### (ii) સુએઝ સંકટ (Suez Crisis)

સુએઝ સંકટ એક એવો મુદ્દો હતો જેનાથી વિશ્વની શાંતિ ભયમાં આવી ગઈ. જુલાઈ, 1956માં ઈજિપ્તના રાષ્ટ્રપતિ નાસરે, સુએઝ નહેરના રાષ્ટ્રીયકરણની જાહેરાત કરી અને ઈજિપ્તમાં સુએઝ નહેર કંપનીના ફંડ બંધ કર્યા. ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સે આ રાષ્ટ્રીયકરણ પર નારાજગી દર્શાવી. એમના મતે ઈજિપ્તની સરકારે લીધેલ આ પગલું 1888ની કોન્સ્ટન્ટીનોપાલની સંધિની વિરોધમાં હતું જેમાં સુએઝ નહેરને આંતરરાષ્ટ્રીય ચાર્ટરના અંકુશમાં રાખવામાં આવી હતી. બ્રિટન અને ફ્રાન્સ તથા ઈજિપ્તની સરકારે એકબીજા વિરુદ્ધ આક્ષેપો કર્યા અને પોતપોતાના દાવાની જાહેરાત કરી. ભારત અને અમેરિકાનાં રાજ્યોએ ઝઘડો પતાવવા માટે પોતપોતાના પ્રસ્તાવ મૂક્યા પણ ઈજિપ્તે તે માન્ય ન રાખ્યા. ભારતે એવો પ્રસ્તાવ મૂક્યો કે સુએઝ નહેરને ઈજિપ્તના અવિભાજ્ય અંગ તરીકે માન્યતા આપવી જોઈએ. એણે સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદમાં આ બાબતે ઈજિપ્તનું સમર્થન કર્યું.



**નહેરુ અને નાસર**

ઑક્ટોબર, 1956માં ઈઝરાયેલ, ફ્રાન્સ અને બ્રિટને ઈજિપ્તના કબજામાં આવેલા સુએઝનાં કેન્દ્રો પર આક્રમણ કર્યું. ભારત અને આફ્રિકા-એશિયાના અન્ય દેશોએ ઈજિપ્ત પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી અને તરત જ યુદ્ધવિરામની માંગણી કરી. અંતે નવેમ્બરમાં યુદ્ધવિરામની જાહેરાત થઈ અને સંયુક્ત રાષ્ટ્રસંઘે પોતાની સંકટ-સેના મોકલવાની યોજના કરી. જેથી વિગ્રહનું નિરીક્ષણ થઈ શકે. ઈજિપ્તની સરકારે સંયુક્ત રાષ્ટ્રસંઘની સેના રાખવાની મંજૂરી આપી અને એક વાર ફરીથી કોન્સ્ટનટીનોપાલની સંધિની શરતો માનવા તૈયાર થઈ ગયું. આ સુએઝ સંકટને દૂર કરવામાં ભારતે મહત્ત્વની ભૂમિકા ભજવી.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

1 ભારત અને શ્રીલંકાના સંબંધોની દસ લીટીમાં ચર્ચા કરો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

2 ભારત અને ઈન્ડોનેશિયાના સંબંધોની સ્પષ્ટતા દસ લીટીમાં કરો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

3 સુએઝ સંકટ એટલે શું ? ભારતે એના પ્રત્યે કેવું વલણ અપનાવ્યું ? આશરે દસ લીટીમાં લખો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

4 ખરા જવાબ સામે (✓) અને ખોટા સામે (X) નિશાની કરો.

(i) ભારતે તેનાં બધાં જ પડોશી રાષ્ટ્રો સાથે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વની નીતિ અપનાવી છે. ( )

(ii) 1949ની સંધિ મુજબ ભૂતાન ભારતની સલાહ વગર બીજા કોઈ દેશ સાથે સંબંધ સ્થાપિત કરી શકે નહીં. ( )

(iii) ભારતે થાઈલેન્ડ સાથે કોઈ સંબંધ રાખ્યો નથી કારણ કે થાઈલેન્ડ દક્ષિણ-પૂર્વ-એશિયાઈ સંધિ-સંગઠન (SEATO)નું સભ્ય છે. ( )

(iv) હી-ઈ-મિન્ટ અને હિન્દી-ચીનને તેના સ્વતંત્રતા સંઘર્ષમાં ભારતના લોકોનો સંપૂર્ણ ટેકો મળ્યો હતો. ( )

(v) ભારતે ઈન્ડોનેશિયાની 'મલેશિયાનો નાશ કરો' યોજનાનો વિરોધ કર્યો. ( )

## 40.10 મહાસત્તાઓ અને અન્ય પ્રમુખ સત્તાઓ (Super Power and Other Major Powers)

સ્વતંત્ર થયા પછી તરત જ ભારતે મહાસત્તાઓ અને વિશ્વની અન્ય પ્રમુખ સત્તાઓ વચ્ચેના પોતાના સંબંધમાં સમતુલન રાખવાનો પ્રયત્ન કર્યો છે. આ ભાગમાં આપણે આ સંબંધોની ચર્ચા કરીશું.

### 40.10.1 અમેરિકાનાં સંયુક્ત રાજ્યો (The United States)

જોકે ભારતના સ્વતંત્રતા સંગ્રામને અમેરિકાના તે સમયના રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટે પોતાનો ટેકો આપ્યો હતો, છતાં પણ ચીનમાં સામ્યવાદના ઉદય પહેલાં અમેરિકાએ આ ક્ષેત્રમાં કોઈ ખાસ રસ દર્શાવ્યો ન હતો. ભારતની સ્વતંત્રતાનાં શરૂઆતનાં વર્ષોમાં અમેરિકાએ કાશ્મીર મુદ્દા પર પાકિસ્તાનનું સુરક્ષા પરિષદમાં સમર્થન કર્યું. અમેરિકા ઇચ્છતું હતું કે ભારત એના દ્વારા લશ્કરી જોડાણમાં સામેલ થાય. ભારત અને અમેરિકાના દૃષ્ટિકોણનો મતભેદ ઘેરો બનતો ચાલ્યો. એ પછી ભારતે કોઈ પણ પ્રકારના વસાહતવાદનો વિરોધ કર્યો જ્યારે અમેરિકાએ વસાહતવાદનો વિરોધ પોતાની નીતિના લાભને અનુરૂપ કર્યો. જ્યાં સામ્યવાદી સત્તાઓ વસાહતવાદનો વિરોધ કરતી હતી ત્યાં અમેરિકાએ તેનો વિરોધ ન કર્યો. આ બાબતમાં એણે વસાહતવાદી સત્તાઓનું સમાધાન કર્યું. ભારતે ચીનમાં લોકવાદી ગણરાજ્યોને મંજૂરી આપી. એણે હંમેશાં એ પ્રયત્ન કર્યો કે ચીનને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં સામેલ કરવામાં આવે. આ બધાને કારણે અમેરિકા અને ભારતનો સંબંધ મૈત્રીભર્યો ન રહી શક્યો. આ બધા મતભેદો હોવા છતાં આર્થિક અને ટેકનિકલ ક્ષેત્રોમાં ભારતને અમેરિકાની મદદ મળતી રહી. અમેરિકાએ ભારતને લશ્કરી મદદ આપવાનો પ્રસ્તાવ મૂક્યો. આ સમય દરમિયાન આઈઝનહોવર (અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ) અને કેનેડી (અમેરિકાના રાષ્ટ્રપતિ) એ ભારતની મુલાકાત લીધી. આ બધા પ્રયત્નો છતાં ભારતે અમેરિકાની 'અંકુશનીતિ' નો સ્વીકાર ન કર્યો અને બિનજોડાણવાદી બની રહ્યું.



**નહેરુ અને આઈઝનહોવર**

### 40.10.2 સોવિયેટ સંઘ (The Soviet Union)

સોવિયેટ સંઘે ભારતના સ્વતંત્રતા સંઘર્ષને ટેકો આપ્યો. 1947 પછી આંતરરાષ્ટ્રીય ક્ષિતિજ પર ભારત અને




**નહેરુ અને કેનેડી**

સોવિયેટ સંઘ એકબીજાની નજીક આવતા ગયા. સોવિયેટ સંઘના નેતા નીચેનાં કારણોને લીધે ભારતથી પ્રભાવિત થયા :

- ભારત ચીનના લોકવાદી ગણરાજ્યને મંજૂરી આપી.
- સંયુક્ત રાષ્ટ્રસંઘમાં એણે વસાહતવાદ વિરોધી સંઘર્ષને ટેકો આપ્યો.
- કોરિયામાં યુદ્ધવિરામનો પ્રયત્ન અને ચીનને આક્રમણકારી માનવાનો ઈન્કાર.
- એણે સોવિયેટ ગણરાજ્યની વિરુદ્ધ લશ્કરી જોડાણમાં સામેલ થવાનો ઈન્કાર કર્યો.

કાશ્મીરના મુદ્દા પર સોવિયેટ સંઘે ભારતનું સમર્થન કર્યું. 1955માં સોવિયેટ નેતા બુલગાનીન અને ખ્રુશ્ચાવ ભારત આવ્યા અને બંને દેશો વચ્ચે વેપારની સમજૂતી થઈ. પાછળથી ગોવાના મુદ્દા પર સોવિયેટ સંઘે સમાન રીતે આક્રમણનો વિરોધ કર્યો હતો. તૃતીય પંચવર્ષીય યોજનામાં સોવિયેટ સંઘે ભારતને 5000 લાખ ડૉલર આપ્યા. એણે ભારતને તેલ પણ આપ્યું. જ્યારે પશ્ચિમની કંપનીઓએ ભારતને તેલ આપવાનો ઈન્કાર કર્યો હતો.



**સોવિયેટ સંઘમાં નહેરુ**

જ્યારે 1962માં ચીને ભારત પર આક્રમણ કર્યું ત્યારે સોવિયેટ સંઘે માત્ર પોતાની સહાનુભૂતિ જ ન દર્શાવી પણ મિગ યુદ્ધ-વિમાનો બનાવવામાં મદદ કરી. સોવિયેટ નેતાઓએ ભારતની બિનજોડાણવાદી અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વની નીતિને ટેકો આપ્યો.

### 40.10.3 બ્રિટન (Britain)

ભારત, બ્રિટનના નેતૃત્વવાળા રાષ્ટ્રમંડળ (કૉમનવેલ્થ)નું સભ્ય હતું. પરંતુ તે બ્રિટનની કાર્યપદ્ધતિ તરફ જાગ્રત હતું. બ્રિટનના વલણે ભારતને વધારે જાગ્રત કર્યું. એણે કાશ્મીર મુદ્દા પર પાકિસ્તાનનું સમર્થન કર્યું અને બંને દેશ દક્ષિણ-પૂર્વ-એશિયા સંધિ સંગઠન(SEATO)ના સભ્યની હેસિયતથી મિત્ર બની ગયા. સ્વાભાવિક રીતે જ, ભારત આથી નારાજ થયું. ભારતે બ્રિટનની પશ્ચિમ એશિયાઈ નીતિનો વિરોધ કર્યો. ભારતે સુએઝ નહેર પર કબજો જમાવવાના હેતુથી આક્રમણ કરવા માટે અને ઇજિપ્તની સ્વતંત્રતાને નુક્સાન પહોંચાડવા માટે બ્રિટનની કાર્યપદ્ધતિની ટીકાકરી. આમ, ભારતે સોવિયેત સંઘની સાથે મળીને અંગ્રેજ-ફ્રાન્સ આક્રમણના વિરોધ કર્યો. આથી બ્રિટન નારાજ થયું. પણ અંતે પશ્ચિમ એશિયામાં એણે પોતાની દખલગીરી બંધ કરવી પડી અને સંકટના રાજનૈતિક ઉકેલ માટે તૈયાર થવું પડ્યું. જો કે, બ્રિટન અને ભારત વચ્ચે ઘણા મામલાઓમાં વિરોધ હતો, છતાં પણ કેટલીક જગ્યાએ બ્રિટને ભારત પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી. 1962માં ચીને જ્યારે ભારત પર આક્રમણ કર્યું હતું ત્યારે સૌથી પહેલો સહાનુભૂતિનો સંદેશ બ્રિટને મોકલ્યો હતો અને ભારતનું સમર્થન કર્યું હતું.

### 40.10.4 ફ્રાન્સ (France)

ફ્રાન્સ સાથે પણ ભારતે મૈત્રીભર્યો સંબંધ બનાવવાનો પ્રયત્ન કર્યો. આફ્રિકા અને એશિયાના દેશો સાથે સંકળાયેલ બાબતો પર વિચાર કરતી વખતે ફ્રાન્સે ભારતના દૃષ્ટિકોણને મહત્વ આપ્યું. હિન્દી-ચીનમાંથી વસાહત બાદ દૂર કરવાના ભારતના પ્રયત્નએ ફ્રાન્સને ખૂબ પ્રભાવિત કર્યું. વિયેતનામ, લાઓસ અને કંબોડિયામાં સત્તાપરિવર્તન સમયે ભારતનાં મંતવ્યોને અગ્રિમતા અપાઈ. પણ સુએઝ સંટકમાં ભારત દ્વારા આક્રમણનો વિરોધ કરવા બદલ ફ્રાન્સ નારાજ થયું. પાછળથી ફ્રાન્સે ભારત-ફ્રાન્સ સંબંધોને સુધારવાનો પ્રયત્ન કર્યો. ચીનના આક્રમણ સમયે ભારત પ્રત્યે ફ્રાન્સનું વલણ સહાનુભૂતિપૂર્ણ હતું. અને યુદ્ધ માટે ભારતને શસ્ત્રો આપવા પણ તે તૈયાર થયું.

### 40.10.5 જાપાન (Japan)

જાપાનના સંદર્ભમાં બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન, મિત્ર દેશો પ્રત્યેની જાપાનની વિચારધારાનો ભારતે સ્વીકાર કર્યો નહિ. ભારતે, બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાન પાસેથી નુકસાની માંગવાનો ઈન્કાર કર્યો. જૂન 1952માં ભારત અને જાપાન વચ્ચે શાંતિ સંધિ પર હસ્તાક્ષર થયા. ત્યાર બાદ બંને દેશો વચ્ચે આર્થિક અને વ્યાપારિક સંબંધો સ્થપાયા. નીચેનાં કારણોને લીધે ભારત જાપાન સંબંધો વધુ ગતિશીલ બન્યા :

- નાગરિક ઉડ્ડયન સમજૂતી (નવેમ્બર, 1955)
- સાંસ્કૃતિક સમજૂતી (ફેબ્રુઆરી 1956)
- પ્રથમ યેન-ઋણ સમજૂતી (ફેબ્રુઆરી 1958)
- ભારત જાપાન વ્યાપાર સમજૂતી (ફેબ્રુઆરી 1958)

લઘુ ઉદ્યોગમાં ભારત અને જાપાને સાથે કામ કર્યું અને એમાં જાપાનની મદદથી બંને દેશોના આપસી સંબંધો મજબૂત બન્યા. અન્ય ટેકનિકી ક્ષેત્રોમાં પણ જાપાને ભારતને મદદ કરી.

### 40.10.6 ઑસ્ટ્રેલિયા (Australia)

ભારત ઑસ્ટ્રેલિયા સાથે નિકટતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહ્યું છે. ઑસ્ટ્રેલિયા પ્રશાંત મહાસાગર અને હિન્દી મહાસાગર સાથે જોડાયેલું છે એટલે દક્ષિણ-પૂર્વ એશિયા અને તેના ઉપખંડો માટે આ દેશનું યુદ્ધની દૃષ્ટિએ મહત્ત્વ છે. ઑસ્ટ્રેલિયા ચીન વિરુદ્ધ તટસ્થીકરણની ભૂમિકા નિભાવી શકે છે અને એ ક્ષેત્રના અન્ય દેશોની સુરક્ષાનાં હિતોનો ખ્યાલ રાખી શકે છે. ભારત અને ઑસ્ટ્રેલિયા એક જ રાષ્ટ્રમંડળ (Commonwealth) ના સભ્ય છે. જ્યારે ઑસ્ટ્રેલિયા દક્ષિણ-પૂર્વ એશિયાઈ સંગઠન (SEATO)માં સામેલ થયું અને દક્ષિણ તથા દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો સાથે સંબંધ સ્થાપિત કર્યો. ત્યારે ભારતે એના પ્રત્યે પોતાનો કોઈ ઉત્સાહ દર્શાવ્યો નહિ. ભારત ઑસ્ટ્રેલિયા સાથે ગાઢ આર્થિક અને સાંસ્કૃતિક સંબંધ સ્થાપવા માંગતું હતું અને ઑસ્ટ્રેલિયાએ પણ ભારતની આ ઇચ્છાને માન આપ્યું. ઑસ્ટ્રેલિયાએ ક્યારેય પાકિસ્તાનનો પક્ષ લીધો નહિ અને ક્યારેય ભારતનાં હિતો વિરુદ્ધ ચીનની દોસ્તી કરી નહિ.

## 40.11 આફ્રિકાના દેશો (African Countries)

ભારતે આફ્રિકામાં ચાલી રહેલ સ્વતંત્રતા આંદોલનને પોતાનું સમર્થન આપ્યું. એણે એશિયામાં વસાહતવાદ વિરુદ્ધ ચાલી રહેલ સંઘર્ષને આફ્રિકા સાથે જોડવાનો પ્રયત્ન કર્યો અને વસાહતવાદ વિરુદ્ધ વિશ્વમત ઊભો કરવામાં સક્રિય ભૂમિકા ભજવી. 1949 બાદ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં આફ્રિકા-એશિયા જોડાણનો ઉદય, આફ્રિકા અને એશિયાના સામાન્ય લોકોની ઇચ્છાના ફળસ્વરૂપ હતો. ત્યાર બાદ, જ્યારે ભારત, ઈજિપ્ત અને અન્ય

દેશોએ સાથે મળીને બિનજોડાણવાદી આંદોલનની શરૂઆત કરી ત્યારે કેટલાક આફ્રિકાના દેશોએ તેના સભ્ય બનીને આફ્રિકા એશિયાના બંધુત્વને મજબૂત કર્યું. ભારતે તેની સ્વતંત્રતા પહેલાં જ દક્ષિણ આફ્રિકાની જાતિભેદની નીતિનો વિરોધ કર્યો હતો. સ્વતંત્રતા પ્રાપ્ત થયા બાદ એણે દક્ષિણ આફ્રિકાની જાતિવાદી ભેદભાવ અને રંગભેદની નીતિનો વિરોધ બધી જ આંતરરાષ્ટ્રીય ચર્ચાઓમાં કર્યો. ભારતે દક્ષિણ આફ્રિકા સાથેના પોતાના બધા જ વ્યાપારી સંબંધો તોડી નાખ્યા.

ઝાંબિયા, તાન્ઝાનિયા, ફ્રેન્ચ અને સુદાન ભારતના સારા મિત્ર રહ્યાં. પાછળથી અલ્જીરીયા, લીબિયા, મોરક્કો, યુનિસીયા વગેરે દેશો સાથે પણ દોસ્તી અને સહયોગનો સંબંધ સ્થાપિત થયો. ભારતે આ દેશોને સુતરાઉ કપડાં, શણ, ચા, તમાકુ, મસાલા, ખાંડ અને હલકા ઈજનેરી સામાનની નિકાસ કરી અને કાચું રૂ, તાંબું, ફોસ્ફેટ વગેરે ખનિજ પદાર્થોની આયાત કરી. કેટલાક આફ્રિકી દેશો સાથે ભારતનો સંબંધ દ્વિપક્ષીય મૈત્રીભર્યો છે.

### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

1 સોવિયેટ સંઘ સાથેના ભારતના સંબંધોની 10 લીટીમાં ચર્ચા કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2 આફ્રિકાના દેશોમાં ચાલી રહેલ સ્વતંત્રતા સંગ્રામ પ્રત્યે ભારતના વલણની ચર્ચા આશરે પાંચ લીટીમાં કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3 આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ભારત અને અમેરિકાનાં સંયુક્ત રાજ્યોના દૃષ્ટિકોણ વચ્ચે શું ભેદ છે ? આશરે પાંચ લીટીમાં લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 40.12 સારાંશ

અમે, 1947થી 1964 દરમિયાન ભારતની વિદેશનીતિનાં બધાં જ પાસાંઓ પર સંક્ષેપમાં દૃષ્ટિપાત કર્યો છે. જુદા જુદા દેશો સાથે ભારતના આપસી સંબંધની ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે. આ સમય દરમિયાન ભારત દક્ષિણ પ્રશાંત મહાસાગર અને લેટિન અમેરિકાના દેશો સાથે પોતાનો સંબંધ દૃઢ કરી શક્યું નથી. તેથી

આ એકમમાં તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો નથી. 1947થી 1964 સુધીની ભારતની વિદેશનીતિનાં એક જ ઉદ્દેશ હતો - પોતાને એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત કરવું અને પોતાનાં રાષ્ટ્રીય હિતોનો વિકાસ કરવો. પરંતુ ભારતે કેટલીક આંતરરાષ્ટ્રીય ચર્ચાઓમાં વિકસતા અને અવિકસિત દેશોનાં હિતોની પ્રાથમિકતા પર પણ ભાર મૂક્યો. એણે પશ્ચિમ કે સામ્યવાદી દેશો સાથે લશ્કરી જોડાણ કરવાનો ઈન્કાર કર્યો અને બિનજોડાણવાદી આંદોલન આગળ વધાર્યું. એણે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને વિકાસની નીતિ અપનાવી. આંતરરાષ્ટ્રીય રાજનીતિને ભારતનું આ મહત્ત્વપૂર્ણ યોગદાન છે. જોકે 1962ના ચીનના આક્રમણને લીધે ભારતને એક જબ્બર ધક્કો લાગ્યો પરંતુ 1947થી 64 સુધીનો સમય ભારતની વિદેશનીતિનો પાયો બન્યો.

## 40.13 ચાવીરૂપ શબ્દો (Key Words)

**નિકોલિમ વિરોધી :** વસાહતવાદ અને સામ્રાજ્યવાદ વિરોધ- રંગભેદ- દક્ષિણ આફ્રિકાની એક રાજનૈતિક વ્યવસ્થા જેમાં કાયદા દ્વારા વિભિન્ન જાતિના લોકોને જુદા જુદા અધિકાર છે અને એમની સાથે જુદી જુદી રીતે વર્તન કરવામાં આવે છે. આ વ્યવસ્થાથી આફ્રિકાના કાળા લોકો પર ગોરા લોકોના આધિપત્યને વેગ મળે છે.

**શસ્ત્રોની દોડ :** હથિયાર બનાવવા માટે દેશો વચ્ચેની હરીફાઈ.

**બાંડુંગ કૉન્ફરન્સ :** ઈન્ડોનેશિયામાં, 1955માં, જેનાં પરસ્પર હિતો અને ઇચ્છાઓ મેળ ખાતાં હતાં એવા આફ્રિકા અને એશિયાના દેશોની કૉન્ફરન્સ થઈ. આંતરરાષ્ટ્રીય મામલાઓમાં આ કૉન્ફરન્સની એક નવી શક્તિનો ઉદય થયો.

**દ્વિ-ધ્રુવી :** બે જોડાણો વચ્ચે વિભાજન. બેથી વધુ જોડાણોમાં વિભાજનને બહુ-ધ્રુવીય કહેવામાં આવે છે.

**પક્ષીય રાજનીતિ :** બેથી વધુ દેશો દ્વારા એક જોડાણ બનવું

**અંકુશનીતિ** : નક્કી કરેલ સીમાની અંદરની બીજા દેશની શક્તિ અથવા નિયંત્રણનું ક્ષેત્ર

**નિઃશસ્ત્રી કરણ :** દેશના હથિયારો, ખાસ કરીને અણુ હથિયારોમાં કમી.

**જીનીવા કૉન્ફરન્સ :** કોરિયા અને હિન્દીચીનના સંકટ પર વિચાર કરવા માટે 1954માં જીનીવામાં 19 દેશોની એક કૉન્ફરન્સ મળી. આ કૉન્ફરન્સમાં વિયેતનામને બે ભાગ - ઉત્તર વિયેતનામ અને દક્ષિણ વિયેતનામમાં વિભાજિત કરવાનો નિર્ણય લેવાયો. ઉત્તર વિયેતનામમાં સામ્યવાદી સરકારની રચના થઈ અને દક્ષિણ વિયેતનામમાં બિન-સામ્યવાદી શાસન સ્થપાયું.

**આંતરરાષ્ટ્રીય અંકુશ આયોગ** જીનીવા કૉન્ફરન્સમાં યુદ્ધવિરામ માટે અને શાંતિ સ્થાપવા માટે એક આયોગની રચના કરાઈ. એમાં ભારત, કેનેડા અને પોલૅન્ડ સભ્ય હતાં. ભારત આ આયોગનું અધ્યક્ષ હતું.

**નવી ઊગતી સત્તાઓ :** લોકશાહી, રાષ્ટ્રવાદ સમાજવાદ અને સામ્યવાદ **બિન**જોડાણવાદ કોઈ પણ જોડાણમાં જોડાયા વગર કોઈ દેશ દ્વારા આંતરરાષ્ટ્રીય મુદ્દા પર સ્વતંત્ર નિર્ણય લેવો.

**પ્રાચીન સ્થાપિત શક્તિઓ :** સામ્રાજ્યવાદ, વસાહતવાદ અને આભિજાત્યવાદ.

**સ્વતંત્ર વિદેશનીતિ :** કોઈ એક દેશ દ્વારા ઘડાયેલ વિદેશનીતિ જે અન્ય દેશ દ્વારા આરક્ષિત ન હોય અને અન્ય દેશના પૂર્વગ્રહરિત હોય.

## 40.14 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) ભારતની વિદેશનીતિના ત્રણ મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત છે. કોઈ પણ લશ્કરી જોડાણમાં સામેલ ન થવું. આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર સ્વતંત્ર વિચાર અને નિઃશસ્ત્રીકરણના સિદ્ધાંતની મદદથી વિશ્વશાંતિ માટે કામ કરવું. આ સિદ્ધાંતોને બે-ત્રણ વાક્યોમાં વર્ણવો (જુઓ ભાગ 40.2).

(2) બિન-જોડાણવાદ એટલે કોઈ એક દેશ દ્વારા સ્વતંત્ર નિર્ણય લેવો. એમાં આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર નિર્ણય લેતી વખતે કોઈ દેશ કોઈ જોડાણથી પ્રભાવિત થતો નથી. સાથે સાથે તમારે બિનજોડાણવાદના સિદ્ધાંતોની પણ ચર્ચા કરવી જોઈએ. જેમકે કોઈ લશ્કરી જોડાણમાં ભાગ ન લેવો, અન્ય દેશોમાં વસાહતવાદ વિરોધી આંદોલનનું સમર્થન કરવું વગેરે (જુઓ ભાગ 40.4).

(3) (i) x (ii) x (iii) ✓ (iv) ✓

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) આ પ્રશ્નમાં નીચેની બાબતો સામેલ કરવી જોઈએ. ભારતનું કદ, વસ્તી, પૂંજી અને શક્તિઓને કારણે પાકિસ્તાનની ચિંતા, પાકિસ્તાન માટે પોતાની અલગ ઓળખ બનાવવાનો પ્રશ્ન - કાશ્મીર - મુદ્દો, નદીના પાણીના વિભાજનથી ઊભો થયેલ વિવાદ અને પ્રમુખ સત્તાઓ દ્વારા પાકિસ્તાનને લશ્કરી મદદ કરવી (જુઓ ભાગ 40.6).

(2) ચીન દ્વારા તિબેટ પર કબજો કરવાથી ભારતને લાગેલ આઘાત, પરંતુ ચીન સાથે સંબંધ બાંધી રાખવા માટે ચીનની કાર્યવાહીનો ભારતે સક્રિય વિરોધ ન કર્યો (જુઓ ભાગ 40.7).

(3) (i) x (ii) ✓ (iii) ✓ (iv) ✓

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(1) સુરક્ષાની દૃષ્ટિએ ભારત માટે શ્રીલંકાનું મહત્ત્વ, શ્રીલંકામાં જાતીય દંગા પ્રત્યે ભારતનું વલણ, ભારત અને શ્રીલંકા વચ્ચે આર્થિક અને વ્યાપારી સંબંધ - આ બધા મુદ્દાઓની ચર્ચા આ ઉત્તરમાં કરવી જોઈએ (જુઓ ભાગ 40.8).

(2) પહેલાં, ઈન્ડોનેશિયાએ એશિયામાં વસાહતવાદની વિરુદ્ધ અને શાંતિ સ્થાપવા માટે ભારતનું સમર્થન કર્યું. પરંતુ પાછળથી ઈન્ડોનિશિયાએ પોતાનું વલણ બદલ્યું, 1962ના ચીનના આક્રમણ સમયે ઈન્ડોનેશિયાએ ભારતનું સમર્થન ન કર્યું, ઈન્ડોનેશિયાએ કાશ્મીર મુદ્દા પર પાકિસ્તાનનું સમર્થન કર્યું. છતાં પણ ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે રાજનૈતિક સંબંધો ચાલુ રહ્યા. આ બધી બાબતોની ચર્ચા તમારે આ ઉત્તરમાં કરવી જોઈએ (જુઓ ભાગ 40.8).

(3) ઈજિપ્તના રાષ્ટ્રપતિ દ્વારા સુએઝ નહેરનું રાષ્ટ્રીયકરણ, ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સના પ્રતિભાવ, ભારત દ્વારા ઈજિપ્તની સરકારને સમર્થન અને આક્રમણકારી દેશોને શાંતિનું આહ્વાન (જુઓ ભાગ 40.9).

(4) (i) ✓ (ii) ✓ (iii) ✓ (iv) x (v) ✓

**તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

(1) સોવિયેટ સંઘ સાથે ભારતને મૈત્રીભર્યા સંબંધ, સોવિયેટ સંઘ દ્વારા ભારતની બિન-જોડાણવાદી નીતિ અને શાંતિની નીતિનું સમર્થન, ભારત-ચીન યુદ્ધ અને ભારત - પાકિસ્તાન યુદ્ધ દરમિયાન ભારતની મદદ, બંને દેશો વચ્ચે રાજનૈતિક અને આર્થિક સંબંધ (જુઓ ભાગ 40.10).

(2) વસાહતવાદ અને રંગભેદ વિરુદ્ધ ભારતનું ઊભું રહેવું. આફ્રિકાના સ્વતંત્રતા આંદોલન પ્રત્યે ભારતની સહાનુભૂતિ અને સમર્થન, સંઘર્ષ કરી રહેલ આફ્રિકાના દેશોના પક્ષમાં વિશ્વનો લોકમત મેળવવા ભારતનો પ્રયત્ન (જુઓ ભાગ 40.11).

(3) લશ્કરી જોડાણમાં સામેલ થવાનો મુદ્દો, વસાહતવાદ વિરોધી આંદોલનનું બિનશરતી સમર્થન, કાશ્મીરનો મુદ્દો વગેરે (જુઓ ભાગ 40.10).

# એકમ 41 ભારતમાં બિનસાંપ્રદાયિકતા : સિદ્ધાંત અને વ્યવહાર : 1947 - 1964 (The Theory and Practice of Secularism in India : 1947-1964)

**રૂપરેખા**


41.0 ઉદ્દેશો
41.1 પ્રસ્તાવના
41.2 બિનસાંપ્રદાયિકતાની વિભાવનાનો વિકાસ
41.3 બિનસાંપ્રદાયિકતાનો ઉદય
41.4 બિનસાંપ્રદાયિકતાનું સ્વરૂપ
41.5 બિનસાંપ્રદાયિક રાજ્ય અને વિચારસરણીની જરૂર
41.6 બિનસાંપ્રદાયિકતાનો અર્થ અને પરિભાષા
41.7 ભારતીય બિનસાંપ્રદાયિકતાનો વિકાસ
41.7.1 પરંપરાગત સમાજનાં વ્યવધાનો
41.7.2 રાષ્ટ્રીયતા અને બિનસાંપ્રદાયિકતા
41.7.3 પ્રારંભિક સંગઠનની સીમાઓ
41.7.4 ગાંધીવાદી આદર્શ
41.7.5 આમૂલ પરિવર્તનવાદી બિનસાંપ્રદાયિકતા
41.8 સ્વાતંત્ર્યોત્તર ભારત માટે બિનસાંપ્રદાયિકતાનો વિકલ્પ
41.8.1 સાંપ્રદાયિકતાની સમસ્યા
41.8.2 બિનસાંપ્રદાયિકતાનો ભારતીય આદર્શ
41.8.3 રાજનીતિમાં ધર્મની ઓથ : એક મર્યાદા
41.9 ભારતીય બિનસાંપ્રદાયિકતાનો કાયદાકીય આધાર
41.9.1 ધાર્મિક સ્વતંત્રતા - એક મૂળભૂત અધિકાર
41.9.2 રાજ્યનો દરજ્જો ધર્મથી ઊંચો
41.10 સારાંશ
41.11 ચાવીરૂપ શબ્દો
41.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 41.0 ઉદ્દેશ

આ એકમના અધ્યયન પછી તમે –

- બિનસાંપ્રદાયિકતા શબ્દના ઉદ્ભવ અને તેની પશ્ચાદ્ભૂ વિષે વાત કરી શકશો.
- બિનસાંપ્રદાયિકતાની વિભાવનાનું વિવેચન કરી શકશો.
- સ્વતંત્રતા આંદોલન દરમિયાન બિનસાંપ્રદાયિકતાની વિભાવના કઈ રીતે વિકસી તે બતાવી શકશો.
- સ્વાતંત્ર્યોત્તર કાળમાં ભારતે બિનસાંપ્રદાયિક માર્ગ કઈ રીતે પસંદ કર્યો તે પણ જણાવી શકશો.
- ભારતીય બિનસાંપ્રદાયિકતાના કાયદાકીય આધારનું વિશ્લેષણ કરી શકશો.

## 41.1 પ્રસ્તાવના

ભારતના સ્વતંત્રતા આંદોલન દરમિયાન જુદા જુદા પ્રવાહો અને વલણો વિશે તમે વાંચ્યું છે. સ્વતંત્રતા આંદોલન દરમિયાન ઉત્પન્ન થયેલ અને વિકાસ પામેલ ઘણી વિચારસરણીઓને સ્વાતંત્ર્યોત્તર કાળમાં પોતાનો રસ્તો શોધવાનો હતો. આ એકમમાં અમે એવી જ એક અગત્યની વિચારસરણી બિનસાંપ્રદાયિકતાની ચર્ચા કરીશું. બિનસાંપ્રદાયિકતા જે રીતે આગળ વધી રહી છે તે એક ખૂબ જ વિચાર માંગી લે તેવો વિષય છે.

આ વિચારસરણી કેન્દ્રમાં રાખીને, આ એકમમાં બિનસાંપ્રદાયિકતાના વિભાવના ઉદ્ગમને પશ્ચિમના દેશોમાં શોધવાનો પ્રયાત્ન કર્યો છે. સ્વાતંત્ર્યોત્તર કાળમાં બિનસાંપ્રદાયિકતાનો વિકાસ કેવી રીતે થયો અને હાલ ભારતમાં તે કેવી રીતે આકાર પામી રહી છે તેના વિશે પણ આ એકમમાં ચર્ચા કરવામાં આવી છે.

## 41.2 બિનસાંપ્રદાયિકતાની વિભાવનાનો ક્રમિક વિકાસ : (The Evolution of Secular Conception)

બિનસાંપ્રદાયિકતા એ જીવનનો એક આધુનિક દૃષ્ટિકોણ છે. આ દૃષ્ટિકોણ આધુનિક પાશ્ચાત્ય જગતના ઔદ્યોગિક બજાર-સમાજોમાં ઉત્પાદન, વિતરણ અને ખપતના વ્યાપક સામાજિક સંગઠનની પેદાશ હતો.

શરૂઆતમાં બિનસાંપ્રદાયિકતાના વિચારની વકીલાત કેટલાક બુદ્ધિજીવીઓ દ્વારા (વ્યક્તિગતરૂપે) કરવામાં આવી. યુરોપમાં સામ્રાજ્યવાદના વિરોધમાં જાગેલ વિદ્રોહો દરમ્યાન નવા ઊગતા બુર્જુઆ-વર્ગ (વેપાર - ઉદ્યોગ

સાથે સંકળાયેલ ઉદ્યમી વર્ગ તથા વ્યવસાય સાથે સંકળાયેલ મધ્યમ વર્ગ) એ (એક વર્ગ તરીકે) આ વિચારને ટેકો આપ્યો અને વિકસાવ્યો. આ બુર્ઝ્વા-વર્ગ એમ માનતો હતો કે આધુનિક ઉદ્યોગ અને કૃષિ અર્થ-વ્યવસ્થાની જેમ જ, આધુનિક રાષ્ટ્રની સામાજિક અને રાજનૈતિક સંસ્થાઓ, રાજ્યના સામાજિક સંગઠનો પાછળના સિદ્ધાંતોથી નિયંત્રિત નહીં કરી શકાય. ધર્મ એ પૂર્વ-મૂડીવાદી સમાજની સંસ્કૃતિનો ગઢ હતો, તેથી ધર્મ જ બુર્ઝ્વા-બુદ્ધિવાદીઓના વિવેચનનું લક્ષ્ય બન્યો.

આ પ્રમાણે કાયદાકીય વિચારસરણીના રૂપમાં બિનસાંપ્રદાયિકતાની જરૂરને નવું મહત્ત્વ મળ્યું. જેવી બુર્ઝુવા વર્ગના હાથમાં થોડી-ઘણી રાજસત્તા આવી કે તરત જ બિનસાંપ્રદાયિકતાને કાયદાકીય હોદ્દો મળ્યો અને રાજ્યની નીતિના રૂપમાં સંસ્થાકીય કાયદાકીયતા પ્રાપ્ત થઈ. એવું એટલા માટે થયું કારણ કે કોઈ પણ રાજ્યની ઉદાર અને લોકશાહી ઓળખ માટે બિનસાંપ્રદાયિકતા એક આવશ્યક ગુણ બની ગઈ હતી. આધુનિક રાજ્ય - નિર્માણની પરિસ્થિતિઓમાં લોકોને પોતપોતાનાં ધાર્મિક જોડાણો ઉપરાંત સમાજમાં ઉગતા જુદા જુદા વર્ગો અને સમૂહો પ્રત્યે અરસપરસ સહિષ્ણુતા દાખવવી પડી. આ ઐતિહાસિક આવશ્યકતા જ પાછળથી રાજ્યની નીતિ અને શાસનના સાર્વજનિક અને રાજનૈતિક ગુણ સ્વરૂપે સ્થપાઇ. એને માટે ધાર્મિક સંઘર્ષો દૂર રાખવા જરૂરી હતા. આ જ કારણે 19મી સદીના યુરોપના મોટા ભાગના તત્ત્વચિંતકોએ રાજ્ય દ્વારા જનતા પર અથવા તેના કોઈ એક વર્ગ પર ધાર્મિક દબાણ ન લાવવાના વિચારનો પ્રસ્તાવ મૂક્યો. ધર્મનું (ચર્ચનું) રાજ્યથી અલગ અસ્તિત્વ હોવું એ આધુનિક સરકારનો પાયાનો સિદ્ધાંત બન્યો. દાખલા તરીકે, અમેરિકાના સંવિધાનની પહેલી કલમમાં એ ઉમેરવામાં આવ્યું કે ''કૉંગ્રેસ કોઈ પણ ધર્મની સ્થાપના માટે કે કોઈ પણ ધર્મના સ્વતંત્ર પાલનને રોકવા માટે કોઈ કાયદો બનાવશે નહીં." આ દૃષ્ટિકોણ અમેરિકામાં એક આધારભૂત બંધારણના કાયદાકીય ગુણ તરીકે પ્રતિષ્ઠિત થઈ ગયો.

બિનસાંપ્રદાયિકતાની આ પ્રક્રિયા નવા ઐતિહાસિક સમયમાં વૈજ્ઞાનિક ભાવનાઓ પ્રમાણે સભ્ય સમાજના સામાજિક-સાંસ્કૃતિક આધારને બદલવા માટે પણ મૂકી હતી. એ જ રીતે, બિનસાંપ્રદાયિક રાજ્ય સંગઠન, એ બુર્જુઆ રાજસત્તાના કાયદાકીય સિદ્ધાંતો માટે મહત્ત્વનો માપદંડ બની ગયું. બિનસાંપ્રદાયિકતાની વિચારસરણીને ધર્મ તરફથી નહીં પણ નવા ઊગતા વર્ગો તરફથી પીઠબળ મળ્યું. આ ઉપરાંત, આધુનિકતા અને આધુનિકીકરણની પ્રવૃત્તિ સર્વવ્યાપી હતી. વિચારસરણી અને રાજનીતિના ક્ષેત્રમાં એણે લોકતાંત્રિક પરિવર્તનોને પ્રોત્સાહન આપ્યું. સામ્રાજ્યવાદ વિરોધી વિગ્રહોવાળા ઉત્તર-પુનર્જાગરણ (રેનેસાં પછીના) સમયના પશ્ચિમ યુરોપના સંદર્ભમાં આધુનિક થવાનો અર્થ હતો. બિનસાંપ્રદાયિક પ્રવૃત્તિઓને વેગ આપવો. એમાં માનવ - સ્વતંત્રતાના વિસ્તારને પણ આવરી લેવાયો હતો. એણે એક વ્યક્તિને અથવા વ્યક્તિના સમૂહને સર્વોપરિતા આપી. એટલે કે તે (વ્યક્તિ કે વ્યક્તિસમૂહ) પોતે જ પોતાના ભાગ્યનો સ્વામી છે. આવું દરેક ક્ષેત્રમાં બન્યું - તે ઉત્પાદનનું ક્ષેત્ર હોય, સામાજિક પરિવર્તનનું હોય, રાજ્યનું અથવા રાજનૈતિક સંસ્થાનું હોય. માનવ ઇતિહાસ અને રાજનૈતિક સંસ્થાઓના નિર્માતા તરીકે ઈશ્વરને નહીં, પરંતુ સ્વયં વ્યક્તિને અથવા વ્યક્તિસમૂહને માન્યતા અપાઈ. આમ, આધુનિકતા, સામ્રાજ્યવાદવિરોધી અને પરંપરાવિરોધી દૃષ્ટિકોણનું પ્રતિક બની ગઈ. બિનસાંપ્રદાયિકતા એ આધુનિક બૌદ્ધિકતાનું કામિયાબ સૈદ્ધાંતિક હથિયાર બની ગઈ. આ બધું એ રીતે બન્યું કે દરેક વ્યક્તિના અંગત જીવનમાં પણ ધર્મ અને અંધવિશ્વાસના બદલે વિજ્ઞાન અને બુદ્ધિનું મહત્ત્વ વધી ગયું.

## 41.3 બિનસાંપ્રદાયિકતાનો ઉદય (The Origin of Secularism)

''બિનસાંપ્રદાયિક" અને ''બિનસાંપ્રદાયિકતા" શબ્દ આપણે ત્યાં અંગ્રેજી શબ્દ ''સેક્યુલર" અને 'સેક્યુલરાઇઝેશન" પરથી આવ્યા છે. આ અંગ્રેજી શબ્દોનો પ્રયોગ યુરોપમાં 30 વર્ષ સુધી ચાલેલ યુદ્ધની સમાપ્તિ પર સન 1648માં પહેલી વાર થયો અને ત્યારે તેને બૌદ્ધિક વિચારસરણીની લોકપ્રિયતા મળી. એને પ્રયોગ ચર્ચની સમ્પત્તિને રાજાના અંકુશમાં ફેરવવાના સંદર્ભમાં થયો. ફ્રાન્સની ક્રાન્તિ પછી 2 નવેમ્બર, 1798ના દિવસે ટેલીટેન્ડ (એક વયોવૃદ્ધ ફ્રેન્ચ રાજનેતા)એ ફ્રાન્સની રાષ્ટ્રીય સભા (ફ્રેન્ચ નેશનલ એસેમ્બલી) માં જાહેરાત કરી કે દેવળ (ચર્ચ) સંબંધી બધી વસ્તુઓ રાષ્ટ્રના અધિકારમાં છે. થોડા સમય પછી, 1851માં જ્યોર્જ જેકબ હોલીયોક (George Jacaob Holyoake) એ સેક્યુલરિઝમ (બિનસાંપ્રદાયિકતા) શબ્દની રચના કરી.

1850માં બિનસાંપ્રદાયિકતા રાજનૈતિક દર્શન તરીકે ઊપસ્યું. એને રાજનૈતિક અને સામાજિક સંગઠનનો એક માત્ર તાર્કિક આધાર જાહેર કરવામાં આવ્યો. યુરોપના મોટાભાગના પરિવર્તનવાદી બુદ્ધિજીવીઓ અને સુધારકોએ એને વિકાસનું આંદોલન ગણાવ્યું. 13મી એપ્રિલ 1853ના રોજ રોબસ પીઅરના સન્માનમાં યોજેલ એક જાહેર સભામાં લુઇ બ્લોક [Louis Blank], નાદઉ [Nadaud], કુસુલી [Kussuli] તથા અન્ય ઉગ્રવાદી પ્રવક્તાઓએ ભાગ લીધો અને બિનસાંપ્રદાયિક આંદોલન શરૂ થઈ ગયું. આ સભામાં અમીરો, પાદરીઓ, રાજનીતિજ્ઞો અને સામાજિક કાર્યકર્તાઓ પણ સામેલ હતા. રાજનૈતિક આંદોલનના આ તબક્કામાં હોલીઓક (Holyoake) બિનસાંપ્રદાયિકતાની વ્યાખ્યા ભૌતિક સાધનો દ્વારા માનવકલ્યાણનો વિકાસ કરવા અને પારકાની સેવા (પર-સેવા)ને જીવનનો આદર્શ બનાવનાર સાધનાના રૂપમાં કરી. આ ઉપરાંત હોલીઓકે સભ્યસમાજના ધાર્મિક આધાર પર જ પ્રશ્નાર્થ કર્યો અને કહ્યું કે,

> ''એવા જૂનવાણી ધર્મથી એક ગરીબ વ્યક્તિને શું લેવાદેવા જે પોતાની શરૂઆત જ એને એક બિચારો, ગરીબ, પાપી, કહીને કરે છે. અને અંત એને એક નિઃસહાય ગુલામ બનાવીને કરે છે. એક ગરીબ વ્યક્તિ પોતાને એક હથિયારબંધ દુનિયામાં કેદ પામે છે જ્યાં શક્તિ જ ઈશ્વર છે અને ગરીબી જંજીર છે."

હોલિઓકના લેખનમાં ધર્મશાસ્ત્રનું જે વિવેચન કરવામાં આવ્યું છે તેમાં સમાજવાદી માનવતાવાદનું મૂળ પરિવર્તનવાદી તત્ત્વ મળે છે. છતાં પણ પોતે ધર્મવિરોધી (નાસ્તિક)હોવું જરૂરી નથી. પરંતુ ચાર્લ્સ બ્રાડલાફ (Charles Bradlaugh) જેને 1860 પછી બિનસાંપ્રદાયિક આંદોલનને વધારે પ્રભાવિત કર્યું છે તેણે, ભાર દઈને કહ્યું છે કે એક બિનસાંપ્રદાયિકતાવાદીએ કટ્ટર નિરીશ્વરવાદી (નાસ્તિક) હોવું જોઈએ. આ મંતવ્ય પછીના માર્ક્સવાદીઓ, સમાજવાદીઓ અને સામ્યવાદીઓના મંતવ્યને મળતું આવતું હતું.

## 41.4 બિનસાંપ્રદાયિકતાનું સ્વરૂપ (Conceptualization of Secularism)

"બિનસાંપ્રદાયિકતા" અને "બિનસાંપ્રદાયિકીકરણ" શબ્દ, યુરોપ અને ઉત્તર અમેરિકાના સભ્ય સમાજોમાં છેલ્લા કેટલાક દસકાઓમાં જે કંઈ ચાલી રહ્યું હતું, તેના વૈચારિક પરિણામસ્વરૂપ હતું. આમ, આ શબ્દો, વ્યાપક અને સંકુલ સમાજોની રાજનૈતિક પુનર્વ્યવસ્થાની વિચારધારાત્મક કે સૈદ્ધાંતિક અભિવ્યક્તિ હતા. અને એ સમાજોના ઔદ્યોગીકરણ, શહેરીકરણ અને બુર્જુઆકરણના પરિણામ હતા. જોકે બિનસાંપ્રદાયિકતાનો ઉદય પશ્ચિમના ઉદાર સમાજોમાં થયો હતો, છતાં પણ આ સમાજોમાં બિનસાંપ્રદાયિકતાની પ્રક્રિયા અધૂરી અને આંશિક જ રહી.

## 41.5 બિનસાંપ્રદાયિક રાજ્ય અને વિચારસરણીની જરૂર (Need of The Secular State and Ideology)

કાયદાકીય બિનસાંપ્રદાયિક રાજ્ય અને વિચારસરણીને સ્થાપિત કરવું એ આધુનિક રાષ્ટ્ર-રાજ્યની જરૂર બની ગઈ હતી. ઉદાહરણ તરીકે બોદિન(Bodin)એ કહ્યું છે કે: "જ્યારે બે કે બેથી વધુ ધર્મ પહેલેથી જ અસ્તિત્વમાં હોય ... ત્યારે રાજ્ય દ્વારા ધાર્મિક એકરૂપતા લાદવાનો પ્રયત્ન એ માત્ર નિરર્થક જ નહીં, પણ નિરર્થકથી પણ વધુ ખરાબ સાબિત થાય છે. આમ કરવું એટલે આંતરિક યુદ્ધ (ગૃહયુદ્ધ)ને જન્મ આપવો અને રાજ્યને કમજોર બનાવવું."

પશ્ચિમમાં બિનસાંપ્રદાયિક રાજ્યની સ્થાપના રાતોરાત થઈ ન હતી. એ સમાજમાં વ્યાપકરૂપમાં રહેલ બિનસાંપ્રદાયિક ભાવનાના પરિણામ સ્વરૂપે થયું હતું. વાસ્તવમાં, આધુનિક પશ્ચિમ જગતમાં, બિનસાંપ્રદાયિક રાજ્યનો વિકાસ, સભ્યસમાજની બિનસાંપ્રદાયિકરણની પ્રગતિનો પ્રતિનિધિ હતો. એક રીતે રાજ્યનું બિનસાંપ્રદાયિકરણ, સભ્યસમાજના બિનસાંપ્રદાયિકરણ પછી થયું. બિનસાંપ્રદાયિકતાની ભાવના, ઉદ્યોગ, વિજ્ઞાન અને ટેકનોલૉજી, અને અંતે બજારના ક્ષેત્રમાં પણ અસ્તિત્વમાં હતી. બજારના અર્થતંત્રનાં નિયમન માટે બિનસાંપ્રદાયિક કાયદા અને રાજનીતિની જરૂર હતી. તાત્પર્ય એ છે કે આધુનિક પાશ્ચાત્ય રાજનીતિના ઇતિહાસમાં, એક વિચારસરણી સ્વરૂપે બિનસાંપ્રદાયિકીકરણની પ્રક્રિયા એ પ્રક્રિયા હતી જેમાં સભ્યસમાજ, રાજ્ય અને તેની સમગ્ર સંસ્કૃતિના ઢાંચામાં એક પ્રગતિશીલ પરિવર્તન છુપાયેલું હતું. આ પ્રક્રિયા અંતર્ગત જ સમાજ અને રાજનીતિમાં અનેકતાવાદ (Pluralism)નો ઉદય થયો.

> સાર રૂપે, આ સામાજિક પરિવર્તનને ધર્મ અને ધર્મશાસ્ત્રીય વ્યવસ્થાની પકડથી રાજ્યની મુક્તિ (અથવા અલગ) રૂપે ચિત્રિત કરી શકાય. એનો અર્થ એ પણ થાય છે કે એક સભ્યસમાજના જાહેર સામાજિક જીવનમાં બુદ્ધિ સંગત, વિજ્ઞાન સંમત, બિનધાર્મિક એટલે કે બિનસાંપ્રદાયિકતાને પ્રાધાન્ય મળ્યું હતું. જ્યારે ધર્મ એક વ્યક્તિ કે સમુદાયના પોતાના વ્યક્તિગત મંતવ્યો પર આધારિત માત્ર પોતાની સંકુચિત સીમા સુધી જ સીમિત રહી ગયો હતો.

આધુનિકતા, બિનસાંપ્રદાયિકીકરણ અને બિનસાંપ્રદાયિકતાનો આ પ્રગતિશીલ વિચારધારાત્મક અર્થ આજે પણ યથાવત્ છે.

## 41.6 બિનસાંપ્રદાયિકતાનો અર્થ અને પરિભાષા (The Definition and Meaning of Secularism)

અગાઉ વર્ણવ્યા મુજબ એ સ્પષ્ટ છે કે "બિનસાંપ્રદાયિક", "બિનસાંપ્રદાયિક રાજ્ય" અને "બિનસાંપ્રદાયિકતા" જેવા શબ્દ એવા સમાજની ઓળખાણ કરાવે છે જેમાં રાજનીતિ, શાસન અને જાહેર સામાજિક જીવનનું ધર્મથી અલગ અસ્તિત્વ હોય છે. બિનસાંપ્રદાયિક શબ્દનો શબ્દકોશગત અર્થ એ તત્ત્વથી જોડાયેલો છે. જે આધ્યાત્મિક નથી અથવા જેનો ધર્મસ્થાનો સાથે કોઈ સંબંધ નથી. કોઈ રાજ્ય તેની નીતિ અને તેની સમગ્ર રાજનૈતિક સંસ્કૃતિનું બિનસાંપ્રદાયિક ચરિત્ર એ વખતથી નક્કી કરતું હોય કે જે ધાર્મિક સંસ્કૃતિના જાળાની પકડમાંથી મુક્ત છે. આમ સમાજના બિનસાંપ્રદાયિકીકરણને રોજિંદા જીવનમાં એટલે સુધી કે લોકોના અંગતજીવનમાં ધર્મનિરપેક્ષ થતો માની શકાય છે. ઉદાહરણ તરીકે કોઈ વિશેષ ક્ષેત્ર કે દેશના લોકોને ધાર્મિક અંગત સ્વાર્થ અને ધાર્મિક વિચારોના નામ પર એક રાજનૈતિક શક્તિરૂપે સક્રિય ન કરી શકાય તેમજ તૈયાર પણ ન કરી શકાય તો આ ક્ષેત્ર

અથવા દેશના સમાજને સ્પષ્ટ રીતે બિનસાંપ્રદાયિક નાગરિક સંસ્કૃતિવાળો સમાજ કહી શકાય આ રીતે કોઈ દેશની સત્તા, રાજ્ય અને સમાજને પકડમાં લઈને સામાજિક, આર્થિક સંકટને ઉકેલવા માટે બિનધાર્મિક સમાધાન શોધતી હોય તો તેની રાજનૈતિક સંસ્કૃતિ પણ બિનસાંપ્રદાયિક કહી શકાય.

બિનસાંપ્રદાયિકીકરણને પ્રક્રિયા કેટલાંક તત્ત્વો પર આધારિત છે. આધુનિક રાષ્ટ્ર રાજ્યને સક્રિય કરવાની પ્રવૃત્તિ, તેની ઐતિહાસિક પરિસ્થિતિઓ અને વિશેષતાઓ રાજ્યના ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક વિકાસનો સ્તર વગેરે સામ્રાજ્યવાદી પ્રભાવને પરાજિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. (બિનસાંપ્રદાયિકતાનો પ્રસાર સામ્રાજ્યવાદી વ્યવસ્થાનાં તત્ત્વો સાથે જોડાયેલાં છે). આથી યુરોપ અને ઉત્તર અમેરિકામાં ઝડપથી વિકસેલી મૂડીવાદી સામ્રાજ્યવાદી વ્યવસ્થાને ઉખેડવામાં કેટલેક અંશે સફળ થયો ત્યારે ત્રીજા વિશ્વના દેશોમાં મૂડીવાદનો વિકાસ ધાર્યા કરતાં મોડો થયો તેથી ત્યાં તે સામ્રાજ્યવાદી વ્યવસ્થાને યુરોપની જેમ આંચકો આપી શક્યો નહીં. આ સિવાય, બિનસાંપ્રદાયિક શિક્ષણ, બિનસાંપ્રદાયિક સાહિત્ય અને બિનસાંપ્રદાયિક ઇતિહાસલેખનની ભૂમિકા પણ બિનધાર્મિક અર્થોમાં રાષ્ટ્ર અને રાષ્ટ્રિય વિકાસને પરિભાષિત કરવામાં મદદ કરે છે. આમ બિનસાંપ્રદાયિકીકરણને એક એવી પ્રક્રિયારૂપે પરિભાષિત કરી શકાય કે જેના દ્વારા સમાજ અને સંસ્કૃતિનાં ક્ષેત્રોને ધાર્મિક સંસ્થાઓ અને પ્રતીકોથી મુક્ત કરી શકાય.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1 ખરા ઉત્તર સામે ખરા ( ✓ ) ની નિશાની કરો.

આધુનિકતાનું માનવું છે કે

(i) ઈશ્વર સાર્વભૌમસ્વામી છે. ( )

(ii) મશીન સાર્વભૌમસ્વામી છે. ( )

(iii) એક વ્યક્તિ કે વ્યક્તિસમૂહ સાર્વભૌમસ્વામી છે. ( )

(iv) આ બધામાંથી કોઈ નહીં. ( )

2 ખરા ઉત્તર સામે ખરા ( ✓ ) ની નિશાની કરો.

ઔદ્યોગીકરણ, શહેરીકરણ અને આધુનિક રાજ્યની સ્થાપના

(i) ને બિનસાંપ્રદાયિકતાના ઉદય સાથે જોડી શકાય. ( )

(ii) નો બિનસાંપ્રદાયિકતા સાથે કોઈ સંબંધ નથી. ( )

(iii) ને ધર્મપ્રધાન સમાજોની શરૂઆત સાથે જોડી શકાય. ( )

(iv) ઉપરનામાંથી કોઈ નહીં. ( )

3 બિનસાંપ્રદાયિક શબ્દથી તમે શું સમજો છો ? લગભગ પચાસ શબ્દોમાં સમજાવો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

## 41.7 ભારતીય બિનસાંપ્રદાયિકતાનો વિકાસ (The Evolution of Indian Secularism)

ભારતની બિનસાંપ્રદાયિકતાનો વિકાસ વસાહતવાદ અને પરંપરાગત વ્યવસ્થાની દમનકારી સંસ્થાઓ વિરુદ્ધ દ્વિકોણીય સંઘર્ષની પૃષ્ઠભૂમિમાં થયો.

### 41.7.1 પરંપરાગત સમાજનાં વ્યવધાનો (The Obstacles of a Traditional Society)

ભારતીય સમાજમાં આધુનિકીકરણની પ્રક્રિયા શરૂ થઈ તે પહેલાં, અને તે પછી પણ, પરંપરાવાદનું પોતાનું એક મહત્ત્વનું સ્થાન છે. ભારતના સામાજિક જીવનમાં સક્રિય ધર્મ અને પુનર્જીવનવાદની તાકાતોના પ્રબળ પ્રવાહે બિનસાંપ્રદાયિકીકરણ અને આધુનિકીકરણની પ્રક્રિયાને ઘણી ક્ષતિ પહોંચાડી. આધુનિકતા ક્યારેય પણ એવી પ્રભાવશાળી સામાજિક તાકાત ન બની શકી જે ભારતના ગ્રામીણ અને શહેરી જીવનને રૂપાંતરિત કરવા સમર્થ હોય. આમ, એકંદરે ભારત અને પરંપરાવાદી સમાજ બની રહ્યું છે. હજી આજે પણ, મોટા ભાગના લોકોના જીવનમાં રોજિંદી ઘટનાઓમાં ધર્મનું વર્ચસ્વ છે. ફ્રેંચ વિદ્વાન લૂઇસ ડ્યુમોંટ (Louis Dumont) ના શબ્દોમાં "ભારતમાં ધર્મ સમાજનું જ એક અંગ છે". રાજનીતિ અને અર્થનીતિ સ્વતંત્ર સત્તાઓ નથી તેમ જ ધર્મ સાથે તેમનો વિવાદ પણ નથી. વાસ્તવમાં, રાજનીતિ ધર્મથી ઘેરાયેલી છે અને ધર્મમાં કમાયેલી છે. ભારતમાં જ્ઞાતિવાદી રાજનીતિ અને

સામાજિકતા એ એનું જવલંત ઉદાહરણ છે. અત્યાર સુધી ધર્મ, સંસ્કૃતિ અને ભારતની પ્રભાવશાળી રાજનીતિની વચમાં કોઈ ખાસ તિરાડ કે મહત્ત્વપૂર્ણ વિચ્છેદ જોવામાં આવ્યો નથી. આ રીતે કોઈ ઐતિહાસિક વિચ્છેદ વિના, ભારતના સમાજજીવનના મુખ્ય પ્રવાહમાં ધાર્મિક સંસ્કૃતિને આર્થિક રીતે કોઈ વ્યક્તિની વ્યક્તિગત બાબત બનાવી શકાઈ નહીં. તેથી ભારતના નાગરિક સમાજમાં બિનસાંપ્રદાયિકીકરણ સાચા અર્થમાં શરૂ થઈ શક્યું નહીં. પરિણામે, એના વિરોધમાં અનેક અવાજો ઊઠવા છતાં, ધર્મ અને રાજનીતિનું ગઠબંધન ભારતની રાજનૈતિક સંસ્કૃતિનું મુખ્ય લક્ષણ બની રહ્યું છે.

### 41.7.2 રાષ્ટ્રીયતા અને બિનસાંપ્રદાયિકતા (Nationalism and Secularism)

પરંપરાગત સ્વરૂપવાળા ભારતીય સમાજની આધુનિક રાષ્ટ્રીય રાજ્ય વ્યવસ્થામાં બદલાવાની પ્રક્રિયા એક સદી જૂની જ છે. ઐતિહાસિક અતીતમાં, ભારતના લોકોમાં, યુરોપ અને 19મી સદીના અંત સુધીમાં ધડમૂળથી બદલી નાંખ્યુ હતું, એવી રાષ્ટ્રીયતાની લાગણીનો વિકાસ થયો ન હતો. ભારત પર પરદેશીઓનો વિજય અને તેના વસાહતીકરણનું મુખ્ય કારણ પણ જુદાં જુદાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીયતાની ભાવનાનો અભાવ જ હતું. ભારતની સ્તર બદ્ધ વર્ગ બદ્ધ (અલગ અલગ ખાનાંઓમાં વહેંચાયેલી) સંસ્કૃતિ અને સમાજની બધી સંસ્થાઓ રાષ્ટ્રીય એકતાની કોઈ પણ ભાવનાની વિરુદ્ધ જતી હતી. જાતિવાદની વિલક્ષણ પ્રથા પર ટીકા કરતાં રામમોહન રોયે કહ્યું હતું :

> "મને એ કહેતાં દુઃખ થાય છે કે ધર્મનું આ વર્તમાન સ્વરૂપ કે જેની સાથે હિન્દુ સમાજ વળગી રહ્યો છે તે રાજનૈતિક હિતો માટે અનુકૂળ નથી. જાતિના વિશેષ વર્ણો અને તેનાં પણ અસંખ્ય વિભાજનો તથા ઉપવિભાજનોએ તેમની દેશપ્રેમની ભાવનાને વંચિત કરી દીધી છે.

ભારતની પરંપરાગત સંસ્થાઓમાં દેશભક્તિ તથા રાષ્ટ્રીયતાની ભાવનાના ઐતિહાસિકમાં અભાવનો તેના ભાવિ રાજનૈતિક વિકાસ પર ઉલ્લેખનીય પ્રભાવ પડ્યો. 19મી સદીના ઉત્તરાર્ધમાં જ્યારે ભારતના લોકોના મનમાં રાષ્ટ્રીયતાની ભાવનાઓનું બીજ રોપાયું ત્યારે તેમને એકડેએકથી શરૂઆત કરવી પડી રાષ્ટ્રીયતા પોતે (બિનસાંપ્રદાયિકતાની જેમ) વિચારસરણીના રૂપમાં એક પરદેશી આયાત હતી. બિનસાંપ્રદાયિકતાની જેમ જ રાષ્ટ્રીયતા પણ માત્ર કેટલાંક મધ્યમ વર્ગના ઉદારવાદીઓ સુધી જ મર્યાદિત હતી. આ શરૂઆતના ઉદારવાદી, જોકે તેમના વ્યક્તિગત જીવનમાં નાસ્તિક કે અજ્ઞેયવાદી (Agnostic) હતા, પરંતુ રાજનૈતિક કે સાર્વજનિક જીવનમાં બિનસાંપ્રદાયિક રૂપ ધરાવતા હતા. આમ કરવા પાછળનો એમનો હેતુ એ હતો કે બધા જ ભારતીયો એક સમૂહમાં રહે અને અંગ્રેજો પાસેથી સત્તા પ્રાપ્ત કરે. આ કામની તેમની ક્ષમતા એના પરથી સિદ્ધ થતી હતી કે તેઓ સુશિક્ષિત સંસ્કારીઓના નાનકડા વર્ગથી બહાર નીકળી વિશાળ સામાન્ય જનસમુદાયનું સમર્થન કેટલી હદ સુધી મેળવી શકે છે. બીજા શબ્દોમાં બિનસાંપ્રદાયિક બુદ્ધિજીવી વર્ગને પરંપરાગત રાજનીતિ સાથે ટક્કર લેવી પડતી હતી. આ ટક્કર વ્યવહારુ રાજનીતિમાં પડકાર રૂપ હોય છે. એટલે કે, કોણ પરિવર્તન લાવશે અને શેમાં; બિનસાંપ્રદાયિક ઉદાર બુદ્ધિજીવી વર્ગ પરંપરાગત ધર્મભી લોકોને પ્રભાવિત કરશે. આ બુદ્ધિજીવી વર્ગ એટલે જ પરંપરાગત સંસ્કૃતિગત સંસ્કૃતિના પ્રવાહમાં તણાઈ જશે ?

### 41.7.3 પ્રારંભિક સંગઠનની સીમાઓ (Limitations of Early Mobilisation)

અહીં એ ધ્યાન રાખવું જોઈએ છે કે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપનાનાં થોડાંક જ વર્ષોમાં પરંપરાગત સમાજે રાષ્ટ્રીય સંગઠનનો માપદંડ સ્થાપિત કરવો શરૂ કરી દીધો હતો. એટલે કે લગભગ શરૂઆતથી જ રાષ્ટ્રીયતાવાદી રાજનીતિ અને રાષ્ટ્રનિર્માણની યોજના પર સામ્પ્રદાયિક અને ધાર્મિક કટ્ટર પંથી વિચારસરણીઓ પૂરતી સીમિત રહી ગઈ. ઉદારવાદીઓ અને તેમની બિનસાંપ્રદાયિક વિચારસરણીની સામે બાલગંગાધર તિલક, અરવિંદ ઘોશ, લાલા લાજપતરાય જેવા હિન્દુ પુનરુત્થાનવાદી નેતાઓ અને મુસ્લિમ પુનરુત્થાનવાદીઓ દ્વારા ફેંકવામાં આવ્યો. રાષ્ટ્રીય સંગઠને ધર્મ અને સંસ્કૃતિનું સ્થાન લેવા માંડ્યું હતું. અને એથી હિન્દુ મુસ્લિમ વચ્ચેની ખાઈ વધવા માંડી. બિનસાંપ્રદાયિકતા (અને રાષ્ટ્રીયતા)ની પ્રક્રિયાને એ સમયે એથી પણ વધુ હાનિ પહોંચી જ્યારે રાષ્ટ્રીય સંગઠન માટે ધાર્મિક પ્રતીકો અને પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો. નરમપંથીઓના આગળ પ્રભાવિત બિનસાંપ્રદાયિક નેતૃત્વ એ પોતાના બિનસાંપ્રદાયિક રાજનૈતિક સંકલ્પને અનુરૂપ હિન્દુ પ્રસંગો અને પ્રતીકોને કૉંગ્રેસની કાર્યવાહીની બહાર રાખવાનો ભરચક પ્રયત્ન કર્યો. પરંતુ એનો ઉચ્ચવર્ગીય બિનસાંપ્રદાયિક દષ્ટિકોણ પોતે જ કૉંગ્રેસના રૂંધાયેલ વિકાસનું મુખ્ય કારણ બની રહ્યો. તેથી કૉંગ્રેસની દ્વિધા વધુ મુશ્કેલ બની ગઈ. કૉંગ્રેસનું હિન્દુકરણ કરવાનો અર્થ હતો, કૉંગ્રેસ પ્રત્યે પહેલેથી જ શંકાશીલ મુસ્લિમોને કૉંગ્રેસથી દૂર કરવા અને રાષ્ટ્રીય સંગઠન માટે ધર્મનો ઉપયોગ ન કરવાનો અર્થ હતો કૉંગ્રેસને તેની મૂળ સાંસ્કૃતિક કમજોર સ્થિતિમાં લઈ આવવું.

### 41.7.4 ગાંધીવાદી આદર્શ (The Gandhian Model)

આખરે રાષ્ટ્રીય સંગઠન માટે ધર્મ અને રાજનીતિ વચ્ચે સુમેળ સાધવાનું કામ ગાંધીજી પર છોડવામાં આવ્યું. ગાંધીજીએ રાજનૈતિક આંદોલન માટે ધર્મની જરૂરની ખુલ્લી રીતે ઘોષણા કરી, " જે લોકો એમ કહે છે કે ધર્મને રાજનીતિ સાથે કંઈ લેવાદેવા નથી, તે લોકો જાણતા નથી કે ધર્મનો અર્થ શું છે". એમણે આગળ કહ્યું, મારે તે માટે નાનામાં નાનું કાર્ય પણ એનાથી જ નિયંત્રિત થાય કે જેને હું ધર્મ માનું છું." અને 1920 સુધીમાં કૉંગ્રેસનું નેતૃત્વ પણ ગાંધીજીના હાથમાં આવી ગયું. એની સાથે જ બિનસાંપ્રદાયિક રાષ્ટ્રવાદીઓના શરૂઆતના મતનો પણ અંત આવી ગયો.

શરૂઆતના ઉદારવાદીઓ કે ઉદાર બિનસાંપ્રદાયિકતાવાદીઓ એમ માનતા હતા કે ધાર્મિક ચેતનાની સક્રિયતાનું સર્વોત્તમ રચનાત્મક ક્ષેત્ર જાહેર જીવનને બદલે અંગત જીવન છે. તેમણે દેશના લોકો સામે ભારતનું ભાવિ અખંડ અને રાષ્ટ્રીય સ્વરૂપ પ્રસ્તુત કર્યું.

રાષ્ટ્રનિર્માણની શરૂઆતમાં ઉદાર બિનસાંપ્રદાયિક સિદ્ધાંત વિરુદ્ધ ગાંધીજીએ રાષ્ટ્રીય ચેતના ઊભી કરવા માટે લોકધર્મની ભૂમિકાને જરૂરી ગણાવી. તેઓ લોકોની ધાર્મિક લાગણીઓની મદદથી રાષ્ટ્રીય આંદોલનના રાજનૈતિક આધારને વ્યાપક બનાવવા માંગતા હતા. રાષ્ટ્રીય આંદોલનનો ગાંધીવાદી આદર્શ હિન્દુ રિવાજોના ઊંડાણ સાથે જોડાયેલો હતો, છતાં પણ તે ધાર્મિક અનેકતાવાદ પર આધારિત હતો, જેમાં ભારત અને વિશ્વના બધા જ ધર્મો પ્રત્યે સમાન આદરની ભાવના રહેલી હતી. એમની ધાર્મિક સંવેદનશીલતા સાચા અર્થમાં લોકશાહી સાથે જોડાયેલી હતી. ખિલાફત આંદોલનને એમનું સમર્થન, અને પાછળથી એ જ આંદોલનને ભારતના રાષ્ટ્રીય આંદોલનમાં રૂપાંતરિત કરવું એ ગાંધીજીની આ સંવેદનશીલતાનું ઉદાહરણ છે. આ કારણે જ બિનસાંપ્રદાયિકતા (કે રાષ્ટ્રીયતા) ગાંધીવાદી આદર્શને "સંયુક્ત બિનસંપ્રદાયિકતા અથવા બધા ધર્મ પ્રત્યે આદર અથવા સર્વ ધર્મ સદ્‌ભાવનાના રૂપમાં" સમજવામાં આવે છે.

બિનસાંપ્રદાયિકતાનું આ ગાંધીવાદી સ્વરૂપ ગરીબો અને અમીરો બન્નેમાં જલદીથી લોકપ્રિય થઈ ગયું. અંશતઃ, આ સફળતાનું એક કારણ એ પણ હતું કે આ સ્વરૂપ ભારતની ધાર્મિક મૂલ્ય વ્યવસ્થાના પરંપરાગત મુખ્ય પ્રવાહ પર આધારિત હતું. ગાંધીજીની ધાર્મિક પૃષ્ઠભૂમિ વૈષ્ણવ પરંપરાની હતી. આ પરંપરાએ તેમને ભારતના લોકનાયકો સાથે જોડાયેલાં પ્રતીકો અને પુરાણકથાઓની પ્રત્યક્ષ જાણકારી આપી જેનો ઉપયોગ ગાંધીજીએ પોતાની રાજનીતિમાં કર્યો. દાખલા તરીકે સ્વતંત્ર ભારતના આદર્શ રાજ્યને તેમણે 'રામરાજ્ય'નું નામ આપ્યું. ગાંધીજીએ સામાન્ય વર્ગ પર ભરોસો રાખ્યો તેથી સાધનસંપન્ન વર્ગ ભયભીત ન થયો, એના બે કારણ છે. એક તો એમણે અહિંસા અને ટ્રસ્ટીશીપના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું. અને બીજું વર્ગ સંઘર્ષના કોઈ પણ વિચારનો તેમ જ અંગત સંપત્તિના સમાજીકરણનો વિરોધ કર્યો. આમ, બિનસાંપ્રદાયિકતાના ગાંધીવાદી આદર્શે રાષ્ટ્રીય આંદોલન પર એકાધિકાર સ્થાપિત કર્યો. આ આદર્શ જુદાં જુદાં ક્ષેત્ર અને જાતિઓની અનેકતાવાદી રાષ્ટ્રીય ઓળખાણનો આધાર બન્યો. પરંતુ હિન્દુત્વનાં પ્રતીકો પર વિશેષ આધાર (જેવું કે રામરાજ્ય) મુસલમાનોને અલગ થવામાં ઉમેરો કર્યો. ધર્મ અને રાજનીતિના સમન્વયના ગાંધીવાદી આદર્શની સૌથી મોટી નબળાઇ એ હતી કે એણે જુદાં જુદાં ધર્મ વચ્ચેનો ફરક સ્વીકાર્યો નહીં. જો ધર્મોને જ સમાજનું વિધાયક તત્ત્વ માનવામાં આવે તો નિશ્ચિત રૂપે ધાર્મિક મતભેદ રાજનૈતિક મતભેદ રૂપે બહાર આવશે. જે ધાર્મિક રૂપે જ જુદા છે તે જ રાજનૈતિક સિદ્ધાંતો પર કે જે રાજનૈતિક સિદ્ધાંત પોતે જ ધર્મ પર આધારિત છે તેના પર એક ન થઈ શકે. વ્યવહારમાં ધાર્મિક દૃષ્ટિકોણોથી પોષતા અનેક સંઘર્ષોમાં આથી ઉમેરો થયો.

### 14.7.5 આમૂલ પરિવર્તનવાદી બિનસાંપ્રદાયિકતા (Radical Secularism)

શરૂઆતના ઉદારવાદી બિનસાંપ્રદાયિક સિદ્ધાંત અને ગાંધીવાદી આદર્શના વિરોધમાં એક બીજા પ્રકારનો બિનસાંપ્રદાયિક આદર્શ સ્વતંત્રતા આંદોલન દરમ્યાન ઊપસી આવ્યો. તેને આમૂલ પરિવર્તનવાદી બિનસાંપ્રદાયિકતાવાદ કહી શકાય. આ આદર્શના પ્રવર્તક વર્ગે શરૂઆતના રાષ્ટ્રીયતાવાદીઓ (જેમણે ભારતમાં રાષ્ટ્રીય ચેતનાના વિકાસને જન્મ આપ્યો હતો અને ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના કરી હતી)ના કેટલાક વિચારોને સ્વીકારને સામાજિક આર્થિક સમસ્યાઓ પ્રત્યે એના સંસ્કારી ઉચ્ચવર્ગના દૃષ્ટિકોણનો ઇન્કાર કર્યો. આ આમૂલ પરિવર્તનવાદી બિનસાંપ્રદાયિકતાવાદીઓ પાસે વૈકલ્પિક, આર્થિક અને રાજનૈતિક કાર્યક્રમો હતા. એમનું કહેવું હતું કે લોકધર્મ અને નૈતિક પુનરુત્થાનની ભાષાના સ્થાને વર્ગસંઘર્ષ અને સામાજિક સમાનતાની ભાષા લાવવી જોઈએ. આ લોકોએ એક સમાજવાદી, લોકશાહી અને બિનસાંપ્રદાયિક ભારતની કલ્પના પ્રસ્તુત કરી. એમણે એ વિચાર પણ આવ્યો કે ધર્મને ભારતીય નાગરિકોના માત્ર અંગત જીવન સુધી જ સીમિત રાખવો જોઈએ. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસમાં જવાહરલાલ નેહરુ આ વિચારના અગ્રણી હિમાયતી હતા. કૉંગ્રેસ સિવાય પણ સામ્યવાદીઓ અને બિનસાંપ્રદાયિકતાના આ મતને ભરપૂર સમર્થન મળ્યું.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1 સાચા ઉત્તર પર ( ✓ ) નિશાની કરો.
ગાંધીજી અને આમૂલ પરિવર્તનવાદી બિનસાંપ્રદાયિકતાવાદીઓ વચ્ચેના મુખ્ય ભેદને આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય.
(i) એ બંને વચ્ચે ભેદ સંભવ નથી. ( )
(ii) ગાંધીજીએ ધર્મ અને રાજનીતિની અલગતા પર ભાર મૂક્યો જ્યારે આમૂલ પરિવર્તનવાદી બિનસાંપ્રદાયિકતાવાદીઓએ ધર્મ અને રાજનીતિના સમન્વય પર ભાર મૂક્યો. ( )
(iii) ગાંધીજીએ ધર્મ અને રાજનીતિના સમન્વય પર ભાર મૂક્યો જ્યારે આમૂલ પરિવર્તનવાદી બિનસાંપ્રદાયિકતાવાદીઓએ ધર્મ અને રાજનીતિની અલગતાની વાત કરી. ( )
(iv) ઉપરનામાંથી એક પણ નહીં. ( )

2 ગાંધીજીએ ધર્મ અને રાજનીતિના સંબંધની વાત કેવી રીતે સમજાવી તે લગભગ 100 શબ્દોમાં લખો. શું આ સંબંધમાં એમનો શરૂઆતના રાષ્ટ્રીયતાવાદીઓ સાથે કોઈ મતભેદ હતો ?

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## 41.8 સ્વાતંત્ર્યોત્તર ભારત માટે બિનસાંપ્રદાયિકતાનો વિકલ્પ (The Secular Choice For Post Independent India : 1947-64)

ભારતના રાષ્ટ્રઘડતરમાં ગાંધીજીનો મહત્ત્વનો ફાળો એ છે કે એમણે કૉંગ્રેસના વારસદાર તરીકે પોતાના ઉત્તરાધિકારીના રૂપમાં બધા નેતાઓમાંથી (જેવા કે સરદાર પટેલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ વગેરે) જવાહરલાલ નેહરુને પસંદ કર્યા. ગાંધીજી જાણતા હતા કે જે વસ્તુ પોતે દેશને નહીં આવી શકે તે જવાહરલાલ આવી શકે તેમ હતા. ગાંધીજી, નેહરુની નેતૃત્વ ક્ષમતા અને ભારતના ભાગ્યને સુધારવાના તેમના સંકલ્પથી પરિચિત હતા. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના માળખામાં અને તેના વર્ગ જોડાણોમાં ગાંધી-નેહરુનું જુગલ એકબીજાને પૂરક હતું. એ સાચું છે કે જ્યારે ભારતને સ્વતંત્રતા મળી ત્યારે નેતૃત્વનું સુકાન નેહરુના હાથમાં હતું. પરંતુ ઘણા બધા મુદ્દાઓમાં તેઓ કૉંગ્રેસ પાર્ટી ભારતનાં રાજ્યો, અને ભારતના સમાજને ભારતીય રાજ્ય વ્યવસ્થાના તેમના આદર્શને અનુરૂપ ઢાળવામાં અસમર્થ હતા. દા.ત., બિનસાંપ્રદાયિકતાનો એક મુદ્દો એવો હતો જેમાં તેઓ પોતાના વિચારોને ન અનુસરી શક્યા. બિનસાંપ્રદાયિકતાના જે આદર્શ પર તેઓ શરૂઆતથી જ ભાર મૂકતા હતા તેને અમલમાં મૂકવા માટે તેઓ જરૂરી ટેકો ન મેળવી શક્યા. એટલે કે બિનસાંપ્રદાયિકતાની એથી કાયદાકીય સંસ્થા ન ઊભી કરી શક્યા જે રાજનીતિ અને તેના વહીવટમાં ધર્મના ઉપયોગને રોકી શકે. નેહરુની નિષ્ફળતાનાં કારણો બહુ સ્પષ્ટ હતાં. આ નિષ્ફળતા તેમની અંગત નિષ્ફળતા ન હતી પરંતુ તેનાં કારણો રાજનીતિની મર્યાદામાં રહેલાં હતાં.

### 41.8.1 સામ્પ્રદાયિકતાની સમસ્યા (The Communal Problem)

આ ઉપરાંત, ભારતની સ્વતંત્રતા અને ભાગલા પહેલાં અને પછી પણ ધાર્મિક હિંસાનો જે લાવા ફાટી નીકળ્યો તેણે પરંપરાગત સંપ્રદાયવાદીઓની સ્થિતિ ખૂબ મજબૂત કરી દીધી. એટલે સુધી કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પણ, તે જેમણે રાજનૈતિક સંગઠન માટે લોકધર્મની કાયદાકીયતાને હંમેશાં દોહરાવી હતી, તેઓ પણ કટ્ટર રૂઢિવાદી હિન્દુ આક્રમકતાની તાકાત સામે એકલા પડી ગયા (અને અંતે એક હિન્દુ ધર્માંધે તેમની હત્યા કરી નાખી). હિન્દુ સમુદાયવાદીઓએ એવા રાજ્યની વકીલાત કરી જે માત્ર હિન્દુ ધર્મ, હિન્દુ સંસ્કૃતિ અને હિન્દી ભાષાને પ્રાથમિકતા સાથે એમણે જે નારો આપ્યો તે હતો : 'હિન્દી, હિન્દુ, હિન્દુસ્તાન.' કટ્ટર હિન્દુ ભારતમાં એ પ્રકારનું હિન્દ રાષ્ટ્ર માંગતા હતા કે જેવું પાકિસ્તાનમાં જીન્નાએ મુસલમાનોને આપ્યું હતું.



ભાગલા વિશે ચર્ચા કરતા નહેરુ, ઝીણા અને માઉન્ટબેટન

આ રીતે પાકિસ્તાનના ભયે ભારતમાં લોકતાંત્રિક બિનસાંપ્રદાયિકતા સંસ્થાઓના નિર્માણમાં ક્ષતિ પહોંચાડી કારણ કે પાકિસ્તાનના અસ્તિત્વ એ હિન્દુ સાંપ્રદાયિક આંદોલનને હવા ફૂંકવામાં મદદ કરી. કૉંગ્રેસ પાર્ટીના આંતરિક અને બાહ્ય હિન્દુ સાંપ્રદાયિક દબાણો સામે, ગાંધીજી અને નેહરુ એ બંનેનું નેતૃત્વ જુદું પડી ગયું અને નબળું થઈ ગયું. પટેલ અને તેના જેવા બીજા નેતાઓએ ખુલ્લેઆમ પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી સોમનાથના મંદિરની ભવ્યતાને પુનઃપ્રતિષ્ઠિત નહીં કરીએ ત્યાં સુધી ચેનથી નહીં બેસીશું. આ નેતાઓના પ્રભુત્વ સામે નેહરુને આમૂલ પરિવર્તનવાદી બિનસાંપ્રદાયિકતાવાદના પોતાના આદર્શ સામે પીછેહઠ કરવી પડી.

## 41.8.2 બિનસાંપ્રદાયિકતાનો ભારતીય આદર્શ (Towards an Indian Model of Secularism)

આ પરિસ્થિતિમાં સ્વતંત્ર ભારત માટે બિનસાંપ્રદાયિકતાનો જે આદર્શ અપનાવાયો હતો તેને કંઈક અંશે સમાધાન કહી શકાય. આ સમાધાન કટ્ટર હિન્દુ સામ્પ્રદાયિકતા અને આમૂલ પરિવર્તનવાદી બિનસાંપ્રદાયિકતાના બે અંતિમ ધ્રુવોને મિટાવીને કરવાનું હતું. આના વિકલ્પે માત્ર ગાંધીવાદી આદર્શ જ બાકી હતો. આમ, સ્વતંત્ર ભારતનું બિનસાંપ્રદાયિક સ્વરૂપ એ ગાંધીવાદી વિચારસરણી પર આધારિત કરવામાં આવ્યું જે રૂઢિવાદી હિન્દુ અખંડિતતા અને ધર્મને બદલે અનેકવિધતાને આશ્રય આપતું હતું. હિન્દુવાદી રાજ્યવ્યવસ્થા અપનાવીને લઘુમતીઓના એ રૂપમાં ભારતીયકરણ કરવાનો પ્રસ્તાવ પણ રદ કરવામાં આવ્યો. જવાહરલાલ નેહરૂ અને ડો. ભીમરાવ આંબેડકર (જે નેહરૂની બિનસાંપ્રદાયિકતાની નીતિ સાથે સહમત હતા)ના પ્રયાસોથી જે રાજનીતિ તૈયાર થશે તે 'ધાર્મિક તટસ્થતા' (કે બિનસાંપ્રદાયિકતા)ની હતી. આ નીતિ 'ધાર્મિક અનેકતાવાદ'થી જુદી હતી. કારણ કે ધાર્મિક અનેકતાવાદ રાજનીતિમાં જુદા જુદા વિશેષ અધિકારનો પોષક હોય છે, જ્યારે ધાર્મિક તટસ્થતાનો અર્થ છે પ્રત્યક્ષ ધાર્મિક પ્રચાર અને રાજનીતિ તથા રાજ્યવ્યવસ્થામાં ધર્મના ઉપયોગની પરેજી રાખવી.

પોતાની અંગત લાયકાતથી નેહરુએ ભારતમાં લોકશાહી સંસ્થાનો વિકાસ કરવાનો ભરપૂર પ્રયત્ન કર્યો. 1947થી 1964 સુધી એમણે અનેક એવાં પગલાં ભર્યાં જે સ્વતંત્ર ભારતને આધુનિકતા તરફ લઈ જનાર હતાં. તેઓ સારી રીતે જાણતા હતા કે અર્થવ્યવસ્થા, રાજનીતિ અને સમાજના આધુનિકીકરણ કર્યા વગર ભારત એક આત્મનિર્ભર દેશ નહિ બની શકે. એટલે એમણે ધર્મશાસ્ત્રો અને ધાર્મિક આદર્શોને નકારી વિજ્ઞાન અને ઉદ્યોગને પ્રાથમિકતા આપી. એમને મન પૂજાઅર્ચનાના રીતરિવાજોની અપેક્ષાએ સ્વાસ્થ્ય અને ગરીબીની બાબત વધુ વાસ્તવિક અને મહત્ત્વનો વિષય હતો. નેહરુનું માનવું હતું કે ધાર્મિકતાએ ભારતને પહેલાં પણ બહુ નુકસાન પહોંચાડ્યું છે. પરંતુ ભાગલા પછી રાજનૈતિક દબાણોને લીધે ઉત્પન્ન થયેલ પરિસ્થિતિઓએ ભારતમાં બિનસાંપ્રદાયિકતાવાદીઓની સ્થિતિ વધુ નબળી બનાવી દીધી. નેહરુ જાણતા હતા કે પીછેહઠ કરવી અનિવાર્ય છે. તેથી ધર્મને આંશિક રૂપે રાજ્યથી અલગ કરવા છતાં, તેને દેશના જાહેર રાજનૈતિક જીવનથી જુદો પાડી શકીયો નહીં. આ જ કારણે ભારતની રાજનૈતિક સંસ્કૃતિ ધાર્મિક ઝઘડાઓના રક્તભર્યા અને રંગાયેલી રહી. અહીં ધાર્મિક સમસ્યાના કેન્દ્રમાં ધર્મ જરૂર હતો પણ એક શ્રદ્ધાના રૂપમાં ધર્મના રાજનૈતિક હથિયારના રૂપમાં નહીં પણ એક હથિયારના રૂપમાં ઉપયોગે જ ભારતમાં રાષ્ટ્રનિર્માણ અને આધુનિકીકરણની પ્રક્રિયાને ખૂબ નુકસાન પહોંચાડ્યું છે.

## 41.8.3 રાજનીતિમાં ધર્મની ઓથ : એક મર્યાદા (The Persistence of Religion in Politics: A Limitation)

દેશના રાજનૈતિક જીવનથી ધર્મને અલગ ન પાડવો, એ સ્વતંત્રતા પછીના બિનસાંપ્રદાયિક ભારતની એક મોટી નિષ્ફળતા હતી. ધર્મને વ્યક્તિના અંગત જીવન સુધી જ મર્યાદિત રાખવા માટે માત્ર કાયદાકીય સવલતો પૂરી પાડીને જ સાચા અર્થમાં બિનસાંપ્રદાયિક સંસ્થાનું નિર્માણ કરી શકાય એમ હતું. માત્ર કાયદાકીય શરૂઆતથી જ આધુનિકીકરણ અને બિનસાંપ્રદાયિકતાની પ્રક્રિયા ગતિ પકડી શકે એમ હતી. એના આધાર પર બિનસાંપ્રદાયિક સિદ્ધાંતો અને પરંપરાઓનું સંસ્થાનીકરણ દેશના સામાજિક જીવન અને રાજનૈતિક સંસ્કૃતિને પ્રભાવિત કરી શકે એમ હતી અને અંતે એથી નાગરિકોના અંગત જીવનમાં પણ ધર્મની દરમ્યાનગીરી ઓછી થઈ શકે તેમ હતી. માત્ર ત્યારે જ લોકધર્મને બદલે વિજ્ઞાન અને બુદ્ધિજીવી શિક્ષણના પ્રસારથી કરી શકાય એમ હતું. લોકવિજ્ઞાન અને તર્કના પ્રભાવથી જ નાગરિકોની જીવનદૃષ્ટિને સંપૂર્ણપણે બદલી શકાય છે. વિજ્ઞાન અને તર્કથી કુદરતનાં કાર્યોને સમજીને પ્રકૃતિ અને મૂલ શક્તિના ઉપયોગની કાર્યવાહી તૈયાર કરી શકાય છે. બીમારીઓનો નાશ, સારું સુંદર રહેઠાણ, જીવનની મૂળભૂત આવશ્યક વસ્તુઓનું ઉત્પાદન, વગેરેને વિજ્ઞાન અને ઉદ્યોગના ઉપયોગથી શક્ય બનાવી શકાય છે. સામાન્ય રીતે લોકો વિજ્ઞાન અને ઉધોગના ઉપયોગને સમજી શકતા નથી એવી માન્યતા સ્વાર્થી લોકો દ્વારા તેમના અંગત સ્વાર્થ માટે ફેલાવાઇ છે જેથી તેઓ તેમનો અંકુશ રાખી શકે. એમનો આ અંકુશ લોકોને વિજ્ઞાનથી દૂર રાખે છે. જો "બિનસાંપ્રદાયિકતા" અહીં "વિજ્ઞાન જનતા" માટે જાણકારી જનતા માટે,

"વિજ્ઞાન આત્મનિર્ભરતા અને રાષ્ટ્રીય એકતા" માટે જેવું આંદોલન બની શકે તો સાંપ્રદાયિકતાને તેના પોતાના જ કિલ્લામાં પરાજિત કરી શકાય. આ દિશામાં પ્રયત્ન કરવામાં આવ્યા હતા પરંતુ ભારતની બિનસાંપ્રદાયિકતાની દિશા વિજ્ઞાન અને તર્કથી હટીને બધા ધર્મ પ્રત્યે સદ્ભાવ તરફ વળી ગઈ અને તેથી તેના અકારાત્મક વિકાસનો આધાર જ ડગમગી ગયો. છતાં પણ એટલું તો કહી શકાય કે સ્વાતંત્ર્યોત્તર કાળની બિનસાંપ્રદાયિકતાનું સ્વરૂપ વાસ્તવિક બિનસાંપ્રદાયિકતાની તરફ આગળ વધવાનું એક ડગલું જ છે.

## 41.9 ભારતીય બિનસાંપ્રદાયિકતાનો કાયદાકીય આધાર (Legal Basis of Indian Secularism)

ડૉ. સ્મિથના મત મુજબ બિનસાંપ્રદાયિક રાજ્ય, "એવું રાજ્ય છે કે જે ધર્મને અંગત અને સામૂહિક સ્વતંત્રતા આપે કોઈ એક વ્યક્તિને તે કયા ધર્મને અનુસરે છે તે જાણ્યા વગર નાગરિકતાને જે કાયદાકીય રૂપે કોઈ ધર્મવિશેષ સાથે સંકળાયેલું ન હોય, અને જે કોઈ પણ ધર્મને પ્રોત્સાહિત કરતું નથી કે અવરોધક બનતું નથી. તેઓ આગળ કહે છે

> "બિનસાંપ્રદાયિક રાજ્ય કોઈ વ્યક્તિને કોઈ એક વિશેષ ધર્મના સભ્ય માનવાને બદલે એક નાગરિક માને છે. નાગરિકતાની શરતોની પરિભાષામાં ધર્મને કોઈ સ્થાન નથી હોતું અને એક નાગરિકના અધિકાર અને કર્તવ્ય તેના ધાર્મિક વિશ્વાસથી પ્રભાવિત નથી થતા."

રાજ્યની આ પ્રકારની નીતિનું એક તાર્કિક પરિણામ એ હોય છે કે જાહેર હોદ્દો કે કોઈ સહકારી સેવામાં નિયુક્તિ મેળવવા કોઈ વ્યકિતના ધર્મ પર આધાર નથી રાખવામાં આવતો. સ્મિથે કાયદાની કેટલીક કલમોના આધાર પર એ સાબિત કર્યું કે ભારત પશ્ચિમની ઉદારતાવાદી લોકશાહી પરંપરા જેવું જ એક બિનસાંપ્રદાયિક રાજ્ય છે.

### 41.9.1 ધાર્મિક સ્વતંત્રતા : એક મૂળભૂત અધિકાર (Freedom of Religion-A Fundamental Right)

ભારતીય સંવિધાનના નિર્માતા શરૂઆતથી જ એવું માનીને ચાલતા હતા કે ધર્મ અને પૂજાની સ્વતંત્રતાને દરેક નાગરિકના મૂળભૂત અધિકારના રૂપમાં જાહેર કરવાની આવશ્યકતા છે. ભારતીય સંવિધાનની પ્રસ્તાવનામાં બધા જ નાગરિકો ને "સામાજિક પ્રતિષ્ઠા અને સમાન તક" પ્રદાન કરવાનો પવિત્ર સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે. ભારતીય સંવિધાનમાં ધાર્મિક ભેદભાવ ન રાખવાના સિદ્ધાંતને વિશેષરૂપથી સામેલ કરવામાં આવ્યો છે. આ સિદ્ધાંત સામાન્ય રીતે લાગુ પડે છે અને જાહેર રોજગારના ક્ષેત્રમાં વિશેષરૂપે લાગુ પડે છે. ઉદાહરણ તરીકે, સંવિધાનની કલમ 15(i) માં કહેવામાં આવ્યું છે કે :

> "રાજ્ય, ધર્મ, વંશ, જાતિ, લિંગ જન્મસ્થાનના આધાર પર કે એમાંથી કોઈ પણ એકના આધાર પર કોઈ ભેદભાવ રાખવામાં નહીં આવે". કલમ16(i)માં કહેવામાં આવ્યું છે કે :
>
> "રાજ્યને આધીન કોઈ પણ પદ પર નિયુક્તિ કે રોજગાર મેળવવા માટે બધા જ નાગરિકોને સમાન તક મળશે."

આ જ પ્રમાણે કલમ 26(i) "અન્તઃકરણ" (Conscience)ની સ્વતંત્રતા અને સ્વતંત્ર વ્યવસાય અને ધર્મપાલનની સ્વતંત્રતા... ની ગેરંટી આપે છે. પરંતુ ભારતમાં કાયદો, રાજનીતિથી ધર્મને જુદો રાખવા માટે કોઈ પ્રબંધ કરતો નથી. આ કારણે જ મુસ્લિમ લીગ અને હિન્દુ મહાસભા જેવી ધાર્મિક પાર્ટીઓ રાજકારણમાં સક્રિય રહી છે.

### 41.9.2 રાજ્યનો દરજ્જો ધર્મથી ઊંચો (The State Above Religion)

જોકે ધ્યાનમાં રાખવા જેવી વાત ભારતમાં ધર્મની સરખામણીએ રાજ્યને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. દાખલા તરીકે, ભારતીય સંવિધાનની રચના સમિતિના અધ્યક્ષ ડૉ. આંબેડકર જેવી વ્યક્તિએ કહ્યું છે કે, "કોઈ પણ સમુદાયના લોકોએ એમ નહીં માનવું જોઈએ કે તેઓ સંસદના સાર્વભૌમિક અધિકારની સીમાની બહાર છે." જોકે ભારતીય સંવિધાન ધાર્મિક ભેદભાવના કોઈ પણ સિદ્ધાંતની વિરુદ્ધ બોલે છે, પરંતુ તે રાજ્યના દલિત સમુદાય ઉદા. તરીકે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ)ના પક્ષમાં કાયદો બનાવવાનું રોકી શક્યું નથી. આ કાયદાનું નિર્માણ સકારાત્મક પક્ષપાતના સિદ્ધાંત પર આધારિત છે. તે બિનસાંપ્રદાયિક્તાની વૈજ્ઞાનિક ભાવનાને અનુરૂપ પણ છે. આ જ કારણે વી. પી. લૂથરા ભારતીય રાજ્યને ન્યાય પ્રશાસનવાદી (Jurisdichiologist) ના રૂપમાં માને છે. એમના મતે ભારતીય રાજ્ય બધા ધર્મને સમાન દરજ્જો આપે છે. અંતઃકરણ અને પ્રાર્થનાની સમાન સ્વતંત્રતા આપે છે, પરંતુ ધર્મ પ્રત્યે પોતાની જવાબદારીથી સંપૂર્ણપણે વિમુખ નથી બનતું, તે ધર્મોની પ્રવૃત્તિઓ પર નજર રાખે છે. અને જ્યારે જરૂર પડે ત્યારે દરમિયાનગીરી પણ કહે છે બિનસાંપ્રદાયિકતાનો આ

કાયદાકીય આદર્શ નેહરુ યુગ(1947-64)માં સંતોષજનક રીતે કામ કરતો આ સમયમાં ભારતના જુદા જુદા ધાર્મિક સમુદાયો સામે ભારતની રાજનીતિ 'ધાર્મિક તટસ્થતા'ની રહી.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

1 સ્વાતંત્ર્યોત્તર કાળમાં અપનાવાયેલ બિનસાંપ્રદાયિકતાનો આદર્શ

(i) મૂળ રૂપે નેહરુવાદી (આમૂલ પરિવર્તનવાદી) આદર્શ હતો.

(ii) મૂળ રૂપે ગાંધીવાદી આદર્શ હતો.

(iii) મૂળ રૂપે ગાંધીવાદી અને નેહરુવાદી આદર્શોનું સંમિશ્રિત રૂપ હતું.

(iv) ઉપરનામાંથી એક પણ નહીં.

2 કાયદાકીય રીતે બિનસાંપ્રદાયિકતાની ભાવનાને સુરક્ષિત કરતી હોય તેવી ભારતીય સંવિધાનની બે વિશેષતાઓનો ઉલ્લેખ કરો.

.....................................................................

.....................................................................

3 લોકવિજ્ઞાન બિનસાંપ્રદાયિકતાની સમજના પ્રસારમાં જે ભૂમિકા અદા કરી શકે છે તેના પર આશરે 50 શબ્દોમાં નોંધ લખો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 41.10 સારાંશ

આ એકમમાં તમે જાણ્યું કે —

- બિનસાંપ્રદાયિકતા એ પશ્ચિમ સમાજના દૃષ્ટિકોણ રૂપે સ્ફૂરી, જે એક નવા વ્યાપક સામાજિક માળખાને અપનાવતો હતો. જેમાં સામાજિક સંગઠનની પ્રાચીન અત્યંત પ્રાચીન એટલે કે ધર્મની ભૂમિકા ક્રમશઃ ઘટતી જતી હતી.
- જેમ જેમ યુરોપમાં તર્ક અને બૌદ્ધિકતાને પ્રાધાન્ય મળતું ગયું તેમ તેમ બિનસાંપ્રદાયિક શબ્દને વિચાર સરણીનું સ્વરૂપ મળતું ગયું.
- બિનસાંપ્રદાયિકતાની ઓળખ ધર્મથી રાજ્યની અલગતામાં રહેલી છે.
- ભારતમાં બિનસાંપ્રદાયિકતાનો વિકાસ આધુનિક રાષ્ટ્રીય આંદોલનની વધતી જતી માંગની સાથે થયો. એક અખિલ ભારતીય આંદોલન માટે ધર્મ અને જાતિના વ્યવધાનો સામે ઝઝૂમવા માટે રાષ્ટ્રીયતાવાદીઓ દ્વારા સાધન અને તરકીબો શોધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આમાંથી બે મુખ્ય પ્રયાસો ગાંધીવાદી બિનસાંપ્રદાયિકતા અને આમૂલ પરિવર્તનવાદી બિનસાંપ્રદાયિકતાના હતા.
- ભારતે સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી રાષ્ટ્રીય આંદોલનના બિનસાંપ્રદાયિક વારસાને અપનાવ્યો. વ્યવહારમાં જે બિનસાંપ્રદાયિકતા સ્વીકારવામાં આવી તે ગાંધીવાદી અને આમૂલ પરિવર્તનવાદી આદર્શો વચ્ચે એક સમજૂતીના રૂપમાં હતી.
- સ્વાતંત્ર્યોત્તર સમયનાં ભારતનાં સંવિધાને ભારતીય બિનસાંપ્રદાયિકતાને કાયદાકીય આધાર આપવા માટે રાજ્યથી ધર્મને અલગ કરવા માટે ધાર્મિક સ્વતંત્રતાના મૂળભૂત અધિકારના રૂપમાં મહત્ત્વ આપ્યું.

## 41.11 ચાવીરૂપ શબ્દો (Key Words)

**નવો ક્રાંતિકારી બુર્ઝ્વા વર્ગ (New revolutionary bourgeoisie)** : ઐતિહાસિક રૂપથી યુરોપના જે વર્ગના સંદર્ભમાં ઉત્પન્ન મૂડીવાદી હિતો વિરુદ્ધ સંઘર્ષ ઉત્પન્ન થયો તેમાં જુદા જુદા વ્યવસાયોમાં લાગેલ મધ્યમ વર્ગ, ઉદ્યોગ ચલાવનાર, વ્યાપારી વગેરે સામેલ હતા.

**બુદ્ધિવાદી (rationalist)** : એવા લોકો છે જે બુદ્ધિને માનવ અસ્તિત્વનો આધાર માને છે.

**વિચારસરણીરૂપ (ideological) :** કોઈ વિશેષ વિશ્વદષ્ટિ સાથે સંકળાયેલ. ઉદાહરણ તરીકે બિનસાંપ્રદાયિકતા આધુનિક વિશ્વદૃષ્ટિનું નવું અંગ બની ગઈ, જે સમાજમાં મોટા પાયા પર મૂડીવાદના વિકાસ સાથે વિકસી.

**સંવૈધાનિક કાયદાકીય દર્શન (Constitutional Philosophy) :** સંવિધાન (કાયદાનું) નિર્માણ કરવામાં આવે છે.

**સંસ્થાત્મક કાયદાકીય (Institutional Legitimacy) :** એક સંસ્થા દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ કાયદાકીય માન્યતા.

**સામ્રાજ્યવાદ વિરોધી બાબતો (Anti-feudal revolts) :** યૂરોપમાં આધુનિક વ્યાપક મૂડીવાદી વ્યવસ્થા ઉભી થતી હતી તે સમયે વર્તમાન વ્યવસ્થાની વિરુદ્ધ અનેક બળવા થયા. આ બળવા નવી વ્યવસ્થા રોકવા અથવા તેને સ્થાનીય સ્તર સુધી સીમિત રાખવાનાં દબાણોની વિરુદ્ધ હતી. કારણ કે આધુનિક ઉત્પાદન, સાધનોની પ્રકૃતિ મોટા પાયા પર ઉત્પાદનની હતી, તેથી નવી વ્યવસ્થાની પ્રકૃતિ સ્થાનીયતાની સીમાઓ તોડવાની હતી. ફ્રાન્સની ક્રાન્તિને એ સમયનો સૌથી મોટો સામ્રાજ્યવાદ વિરોધી બળવો કહી શકાય.

**ભારતની વર્ગબદ્ધ સંસ્કૃતિ (Compartmentalist Culture of India) :** જાતિ અને ધર્મની સંસ્થાઓની પકડ જે ભારતીય સમાજને મૂળ સુધી વિભાજિત કરે છે અને જુદાં જુદાં ખાનાંઓમાં વહેંચે છે. તેથી આપણા ભારતની વર્ગબદ્ધ એટલે કે ખાનાંઓ કે કક્ષાઓમાં વિભાજિત સંસ્કૃતિની વાત કહી છે.

**અજ્ઞેયવાદી (Agnostic) :** એવી વ્યક્તિ જે ઇશ્વરના અસ્તિત્વ એટલે કે ઇશ્વર છે કે નહીં તે વિષે નિશ્ચિત નથી હોતો.

**બુદ્ધિજીવી વર્ગ (Intelligentsia) :** સમાજનો એ વર્ગ જે વ્યાવસાયિક રૂપથી અધ્યયન, મનન અને વિચારોના વિકાસ સાથે સંબંધ રાખે છે.

**અનેકતાવાદી સંસ્કૃતિ (Pluralist Culture) :** ભારતની અનેકતાવાદી સંસ્કૃતિનું તાત્પર્ય છે ભારતમાં ઘણી બધી સાંસ્કૃતિક વિચારસરણીઓનું અસ્તિત્વ હોવું.

## 41.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) (iii) (2) (i)

(3) વિશેષરૂપે જુઓ ભાગ 41.6. તમારા ઉત્તરમાં આધુનિક સમાજની બધી પ્રવૃત્તિઓમાં ધર્મ અને રાજનીતિની અલગતાનો ઉલ્લેખ હોવો જોઈએ.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) (iii)

(2) જુઓ ભાગ 41.7.3 અને 41.7.4. તમારા ઉત્તરમાં એ વાત મુખ્યત્વે આવવી જોઈએ કે જન સંગઠન માટે લોકધર્મનાં પ્રયોગની આવશ્યકતા ગાંધીજી સામે કેવી રીતે આવી. શરૂઆતની રાષ્ટ્રવાદી જનતાને સંગઠિત કરવામાં સફળ થવા માટે ધર્મ અને પરંપરાના ઘેરાવમાં પહેલેથી જ ફસાયા હતા.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

(1) (iii)

(2) ભાગ 41.9 જુઓ

તમારા ઉત્તરમાં આર્થિક સ્વતંત્રતા મૂળભૂત અધિકાર, બધા ધર્મોની સમાનતા અને રાજ્યનું ધર્મથી ઊંચુ હોવું તેનો વિશેષ રૂપથી ઉલ્લેખ હોવો જોઈએ.

(3) ભાગ 41.8.3 જુઓ.

તમારા ઉત્તરમાં એ વાત પર ભાર આપવો જોઈએ કે લોકવિજ્ઞાન કેવી રીતે રોજિંદા જીવન તથા અન્ય પ્રવૃત્તિઓના વૈજ્ઞાનિક અર્થમાં ખુલાસો કરીને રૂઢિઓ અને અંધવિશ્વાસોને દૂર કરવામાં મદદરૂપ થઈ શકે છે. એને સ્પષ્ટ કરવા માટે પોતાના રોજિંદા અનુભવો પર ધ્યાન આપો અને એના પર વિચાર કરો.

## કેટલાંક ઉપયોગી પુસ્તકો

Grish Mishra, *Nehru and the Congress Economic Policies*. Sterling Publishers Private Ltd.

Singh, Yogendra, *Essays on Modernization in India*, 1978. Manohar Publications.

Singh, Yogendra, *Social Stratification and Change in India*, 1978. Manohar Publications.

Bipan Chandra, *Communalism in Modern India*, 1987. Vikas, Delhi.